Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 16, Issue. 275, July 2025

**પ્રિય વાચક મિત્રો,**

આજે વિશ્વભરમાં અનેક પડકારો છે, જે માનવજાત માટે ગંભીર પરિણામો આપી શકે છે. આ પડકારોનો ઉકેલ લાવવા માટે સામૂહિક પ્રયાસો જરૂરી છે, પરંતુ એ દરેક પડકારો સમજૂતી અને ઊંડી વિચારણા માંગી લે છે. તેમાંથી અહી અમુક મુખ્ય પડકારોની ચર્ચા કરવામાં આવી છે જેમ કે આજે આરોગ્ય અને પ્રકૃતિના સામે અનેક પડકારો છે જેમાં વિશ્વભરના આરોગ્યના સંકટો અને કુદરતી આપત્તિઓએ માનવજાત માટે ગંભીર પડકારો ઊભા થયા છે. આ સંકટોની કેવળ સામાજિક અને આર્થિક અસર જ નથી પરંતુ માનવજીવનને પણ ભયજનક બનાવે છે. એની ચર્ચા કરીએ તો આ વિષય આજના સમયમાં સૌથી મોટો પડકાર છે. આરોગ્ય ક્ષેત્રે Covid-19 એ વૈશ્વિક સ્તરે આરોગ્ય સંકટનું સર્જન કર્યુ હતું. ૨૦૧૯ની દષ્ટિએ આ મહામારી ૨૦૨૦માં વિશ્વના મોટા ભાગના દેશોમાં પહોંચીને માણસોની આરોગ્ય વ્યવસ્થાને ખૂબ મોટું નુકસાન પહોચાડયું. તેના કારણે આરોગ્ય પ્રણાલી પર ભારે અસર થઈ. તેની સાથો સાથ તેના કારણે જ લોકોએ પોતાની પ્રાચીન જીવનશૈલી તરફ પાછા વળવું પડયું.

બીજુ કે આજે વિશ્વમાં કુદરતી આપત્તિઓ દિનપ્રતિદિન વધતી જાય છે. જે દર વર્ષે અનેક લોકોની જીંદગી પર ઘાતક અસર કરે છે. આ આપત્તિઓનો વૈશ્વિક તાપમાન, અનિયમિત વરસાદ, અને અવ્યાખ્યાયિત ભૂકંપ જેવી પરિસ્થિતિઓ સાથે સંબંધ છે. ભૂકંપ એ ભૂગર્ભમાં થયેલ વધારાના દબાણના કારણે જમીન પર ઊભી થતી હલચલ છે. જેમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. ભૂકંપોની સૌથી વધારે ખાસ કરીને જાપાન, ચીન અને હિમાલય વિસ્તારના દેશોમાં વ્યાપક પ્રમાણમાં અસર જોવા મળે છે. બીજી બાજુ અકાલની પરિસ્થિતિ લાંબા સમયગાળાની રહી છે જ્યારે વરસાદ ખૂબ ઓછો થાય છે, જેના કારણે ખોરાકના ઉત્પાદન અને પાણીનો સ્ત્રોત ઘટી જાય છે. આ કિસ્સાઓ ખાસ કરીને આફ્રિકા અને દક્ષિણ એશિયામાં વધુ જોવા મળ્યા છે. મોડો વરસાદ અને ચક્રિય તોફાનોની સ્થિતિએ તોફાની વાદળો ફાટવાની ઘટનાઓ દિન પ્રતિદિન વધતી જાય છે.

કુદરતી આપત્તિઓ અને આ ક્ષેત્રમાં ચાલી રહેલાં પૃથ્વી પરનાં અનેક દૂષણો જેમાં ખોરાકની પૂર્તિની સમસ્યાઓથી મનુષ્યના જીવનમાં તેની આકસ્મિક પરિવર્તનોની અસરો બની રહી છે. એક સર્વે મુજબ વૈશ્વિક સ્તરે, ૨૦૨૧ના અંત સુધીમાં અંદાજે ૩૦૦ મિલિયન લોકોને ખોરાકનો અભાવ થયો છે, અને પ્રકૃતિની આપત્તિઓ એ ખોરાકના ઉદ્યોગને ગંભીરતાથી અસર કરે છે. આ સંકટો પર યોગ્ય નિયંત્રણ અને સહાય માટે વૈશ્વિક સ્તરે વિવિધ પ્રયાસો પણ થઈ રહ્યા છે.

આજે સમગ્ર વિશ્વમાં પર્યાવરણ અને જળવાયુ સામે મોટા પડકારો આવી રહ્યા છે. જળવાયુ પરિવર્તન એ આજના સમયમાં માનવજાત માટે સૌથી મોટી અને ગંભીર પર્યાવરણીય સમસ્યાઓમાંની એક છે. વૈશ્વિક તાપમાન વધવું, CO2 ઉત્સર્જન વધવું, બરફના ઢાંચા છણાવા અને પ્રકૃતિના તંત્રોમાં ખલેલ એ બધું જળવાયુ પરિવર્તનના મુખ્ય પરિણામો છે. તેની સકારાત્મક અને નકારાત્મક અસરો માનવજાત પર પડી રહી છે. આ વિષય વૈશ્વિક સ્તરે એક ચિંતાનો વિષય બની રહ્યો છે. જળવાયુ પરિવર્તનનું બીજું મોટું પરિણામ એ છે કે પ્રકૃતિમાં વિસ્તરી રહેલા વૃક્ષો, જંગલ અને વનસ્પતિ પર ખતરો ઊભો થઈ રહ્યો છે. જળવાયુ પરિવર્તનનો માનવજાત પર પ્રતિકૂળ પ્રભાવ પણ સ્પષ્ટ છે. તીવ્ર તોફાનો, મોસમના અસામાન્ય બદલાવ અને પાણીનો અભાવ વગેરે જેવી સમસ્યાઓ માનવજીવનને ઘાતક અસર કરી રહી છે. તેના માટે વૈશ્વિક સ્તરે વિવિધ નીતિઓ બની રહી છે. પૅરિસ એગ્રીમેન્ટ અને વૈશ્વિક નીતિ, પુનર્જનન ઉર્જાનો ઉપયોગ, દ્રાવક નીતિ વગેરે.

આજના સમયમાં ટૅકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જે રીતે ઝડપથી વિકસિત છે, તે વૈશ્વિક કાર્યક્ષેત્ર માટે મોટી ચિંતાનો વિષય બની રહ્યા છે. મશીન લર્નિંગ, બાયોટૅકનોલોજી, ઓટોમેશન અને AI જેવા એન્જિનિયરિંગ આલ્ગોરિધમો કાર્યક્ષેત્રો અને નોકરીઓમાં મોટી પલટન લાવવાના છે. આના કારણે, મેન્યુઅલ અને ગતિતંત્રથી ચાલતા નોકરીઓ સામે એક નવું સંકટ આવી શકે છે. તેની સામે આપણે ભારતીય સામાજિક વ્યવસ્થાઓને પુનઃસ્થાપિત કરીને ઉકેલની દિશામાં જઈ શકીએ છીએ.

વિશ્વભરના રાજકીય અને સામાજિક પરિસ્થિતિઓમાં પડકારો વધી રહ્યા છે. આ પરિસ્થિતિઓનો સંકેત તે છે કે રાજકીય અને સામાજિક સંતુલન હવે ખૂટી રહ્યા છે. વિશ્વમાં રાજકીય, સામાજિક અને શાંતિ માટે મજબૂત નીતિઓ અમલમાં લાવવી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. વૈશ્વિક રાષ્ટ્રો, નીતિબદ્ધ દષ્ટિ અને આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા વધુ સહકાર અને મજબૂત પ્રોગ્રામો તૈયાર કરી માનવજીવન વધુ સારું બની શકે તે માટે સામૂહિક પ્રયાસો કરવા અનિવાર્ય લાગે છે.

આજે ભારતીય પ્રાચીન સમાજ વ્યવસ્થા અને તેમાં આવેલ વ્યાપક બદલાવ સામે આપણે વૈયકિતક સ્તરે પણ આપણી ભૂમિકા ભજવવી પડશે. આપણી શિક્ષણ વ્યવસ્થામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણથી ભવિષ્યના વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા આપણે કટિબદ્ધ બનીએ એજ આશા અને અપેક્ષા છે.

**તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૫**

**(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### "મનોભાર (સ્ટ્રેસ), શારીરિક અંગો અને શરીરતંત્ર" વિષય પર કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના ઓર્ડિનેટરશ્રી ડૉ. કિર્તિ ડી. ઠાકરના માર્ગદર્શન હેઠળ બાયોટેકનોલોજી વિભાગ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ દ્વારા તા. ૦૨/૦૭/૨૦૨૫, બુધવારના રોજ બાયોટેકનોલોજી વિભાગમાં વિદ્યાર્થીઓના મનોભાર (સ્ટ્રેસ) મુદ્દે કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. જેમાં કાર્યક્રમનો વિષય 'મનોભાર (સ્ટ્રેસ) શારીરિક અંગો અને શરીરતંત્ર' રહ્યો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના સલાહકાર શ્રીમતી ઊર્મિનબેન દેસાઈએ આ મુદ્દે વિદ્યાર્થીઓને વકતવ્ય આપ્યું હતું. જેમની અંતર્ગત મનોભાર (સ્ટ્રેસ) એટલે શું?, મનોભાર(સ્ટ્રેસ) ઉદ્દભવ થવાના શારીરિક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક મનોભારકો વિષે વિસ્તૃત ચર્ચા કરી, અને મનોભારથી ઉત્પન્ન થતા શારીરિક રોગો જેમાં ટાઈપ–B પ્રકારનો ડાયાબિટીસ, હૃદય રોગ, શ્વસન તંત્રને લગતા રોગો, પેપ્ટીક અલ્સર અને પાચનતંત્રને લગતા રોગો વિષે વિસ્તૃતત ચર્ચા કરી હતી. સાથે સાથે વિદ્યાર્થીઓના મનોભારને નિયંત્રિત કરવા માટેના પ્રેરણાત્મક વિડીયો પણ બતાવ્યા હતા. અંતે સુમધુર સંગીત સાથે વિદ્યાર્થીઓને ધ્યાન કરાવ્યું હતું. જેનાથી વિદ્યાર્થીઓએ માનસિક શાંતિ અનુભવી હતી. આમ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓના તણાવને સમજાવવા અને નિયંત્રિત કરવા બાબતે આયોજીત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ તથા પ્રાધ્યાપકશ્રી ડૉ. ચિરાગ પ્રજાપતિ, ડૉ. અંબિકા મેડમ, ડૉ. માનસી મહેતા ઉપસ્થિત રહ્યા હતા. મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર શ્રીમતી ઊર્મિતબેન દેસાઈ, શ્રી ઉલ્કા પટેલ અને શ્રી દર્શન પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે આ સમગ્ર કાર્યક્રમમાં બાયોટેકનોલોજી વિભાગના ૫૦ જેટલા સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમનો મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી અને તેમને સલાહ અને માર્ગદર્શનની પ્રક્રિયાના લાભથી માહિતગાર કર્યા હતા.

### વિદ્યાર્થીઓના "સ્ક્રીન ટાઈમ એન્ડ સ્લીપ ફાઇન્ડીગ ધ રાઈટ બેલેન્સ" મુદ્દે કાર્યક્રમ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના કૉ–ઓર્ડિનેટર શ્રી ડૉ. કિર્તિ ડી. ઠાકરના માર્ગદર્શન હેઠળ 'આંકડાશાસ્ત્ર' વિભાગ અને 'મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ' દ્વારા તા. ૦૪–૦૭–૨૦૨૫, શુક્રવારના રોજ 'આંકડાશાસ્ત્ર' વિભાગમાં વિદ્યાર્થીઓના 'સ્ક્રીન ટાઈમ એન્ડ સ્લીપ ફાઇન્ડીગ ધ રાઈટ બેલેન્સ' રહ્યો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. નેહલે આ મુદ્દે વિદ્યાર્થીઓને વકતવ્ય આપ્યું હતું. જેમની અંતર્ગત સ્ક્રીન ટાઈમ એટલે શું?, સ્ક્રીન ટાઈમનું વધતુ જતું સ્તર, શારીરિક તથા માનસિક ગેરફાયદા અને તેમની વૈજ્ઞાનિક આડ અસર વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી જેનાથી વિદ્યાર્થીના અભ્યાસ અને શારીરિક તથા માનસિક સ્વસ્થય જે ને નુકસાન થાય છે. તે વિશે સમગ્ર વકતવ્ય આપ્યું. જેથી વિદ્યાર્થીઓના અભ્યાસને સુધારવા બાબતે આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના 'આંકડાશાસ્ત્ર' વિભાગના વડાશ્રી ડૉ. આરતી રાજ્યગુરુ તથા પ્રાધ્યાપક ડૉ. શીતલ એસ. પટેલ અને અન્ય પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. તથા મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર શ્રીમતી ઊર્મીનબેન દેસાઈ, શ્રી ઉલ્કા પટેલ અને શ્રી દર્શન પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે આ સમગ્ર કાર્યક્રમમાં 'આંકડાશાસ્ત્ર' વિભાગના ૭૪ જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લા કક્ષાનો જાગૃતિ કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીની અધ્યક્ષતામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશનના ઇનોવેશન સેલ (MIC), AICTEના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાનો એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ તા. ૦૯/૦૭/૨૦૨૫ના રોજ બપોરે ૧:૩૦ કલાકથી સેમિનાર હોલ, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ Innovation, Institutions Innovation Council (IIC), IPR અને Start-Up અંગે જાગૃતિ અને માર્ગદર્શન આપવાનો હતો.

કાર્યક્રમમાં વ્યકતા તરીકે મીનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન ઇનોવેશન સેલ અમદાવાદથી મેનેજર શ્રી શ્યામસુંદર એસ, ઇનોવેશન ફેલો શ્રી મિતેશ વાઢેર, સહાયક પ્રોફેસર– ઇન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, ગાંધીનગરથી શ્રી જ્યોતિન કટેશિયા, Innovation-Start-up-Internship-Incubation-Collaboration Technology and Linkages ડાયરેકટર ડૉ. આઈ.બી.પટેલ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇન્કયુબેશન સેન્ટરના સીઈઓ ડૉ. પરેશ પારેખ, વિવિધ વિભાગોના અધ્યાપકો, વિશ્વવિદ્યાલય સંલગ્ન તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ, કૉલેજના ઇનોવેશન કૉ–ઓર્ડિનેટરશ્રીઓ તથા અન્ય અધ્યાપકો અને વિદ્યાર્થીઓ આ એક દિવસીય વર્કશોપમાં સહભાગી થયેલ હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રારંભિક ઉદબોધન ડૉ.દીપાલી ગુપ્તા (સહાયક પ્રોફેસર, પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગ) દ્વારા કરવામાં આવ્યું, આમંત્રિત વ્યકતાશ્રીઓના અભિવાદન બાદ કાર્યક્રમના પ્રથમ સત્રમાં શ્રી શ્યામસુંદરજી દ્વારા સમગ્ર ભારતમાં ઇનોવેશન સેલ મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન દ્વારા કઈ કઈ એકિટવિટી કરવામાં આવે છે. વિદ્યાર્થીની તથા અધ્યાપકોની પેટર્ન કઈ રીતે કોમર્શિયલાઈઝ કરવામાં આવે, સ્ટાર્ટઅપ માટેના સ્ટેપ તેમજ વિદ્યાર્થીઓ સુધી સચોટ માહિતી કઈ રીતે આપી શકાય તેનું સુંદર માર્ગદર્શન આપેલુ હતું. બીજા સેશનમાં શ્રી જ્યોતિન કટેશિયાએ ઇન્ડન્સ્ટીટયૂટ ઇનોવેશન કાઉન્સિલની સ્થાપના કૉલેજમાં કેવી રીતે કરવી, તેમાં શું શું પ્રવૃત્તિઓ કરી શકાય તેની એ આઈ.આઈ.સી. કૉલેજો દ્વારા કયા કાર્યક્રમો કરવા તેનું માટેનું માર્ગદર્શન, એકસપર્ટ ટોક, વિદ્યાર્થીઓને એન્ટરપ્રિન્યોરશિપ માટેના પ્રોગ્રામો અને તેના રિપોર્ટીંગ વિશેની વિસ્તૃત માહિતી આપેલ હતી તૃતીય સેશનમાં શ્રી મિતેશ વાઢેરે ઇનોવેશન સેલ, ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, ટ્રેડ માર્ક, પેટન્ટ, ડીઝાઈન, કોપીરાઈટ વગેરેને કઈ રીતે ફાઈલ કરવા તથા તે માટે સરકારના ફંડ અંગેની માહિતી અને ઉપસ્થિત સહભાગીઓને આપ્યું. કાર્યક્રમના અંતે ડૉ. પરેશ પારેખ દ્વારા આભારવિધિ કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિશ્વવિદ્યાલય ઇન્કયુબેશન ટીમ દ્વારા કરવામાં આવ્યું.

## સિકલ સેલ રોગ અંગે જાગૃતિ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર, સમાજકાર્ય, અર્થશાસ્ત્ર અને ગ્રામીણ અભ્યાસ વિભાગ અને ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૧૪/૦૭/૨૦૨૫નાં રોજ વિશ્વવિદ્યાલયના કમ્પ્યુટર સાયન્સ વિભાગના સભાખંડ ખાતે સિકલ સેલ રોગની જાગૃતિ અંગે કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમનું પ્રાસંગિક ઉદ્બોધન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ.એમ.એન.ગાયકવાડ દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજિત જાગૃતતા કાર્યક્રમ ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટ્રાયબલ અફેરની સૂચના મુજબ જનજાતિ ગૌરવ વર્ષની ઉજવણી અને ધરતી આબા જનભાગીદારી અભિયાન થકી જનજાતિય સમાજના ઉત્કર્ષ માટે જાગૃતિલક્ષી કાર્યક્રમો કરવાનું ઠરાવવામાં આવ્યું છે. સદર કાર્યક્રમનો હેતુ આદિવાસી વિસ્તારમાં વધી રહેલ સિકલ સેલ રોગ અંગે વિદ્યાર્થીઓને માહિતી આપી જાગૃત કરવાનો હતો. સિકલ સેલ જાગૃતિ અંગેના કાર્યક્રમમાં વિષય નિષ્ણાંત તરીક પદ્મશ્રી ડૉ. યઝદી ઈટાલિયા ઉપસ્થિત રહી આદિવાસી વિસ્તારમાં સિકલ સેલ રોગ–લક્ષણો, નિદાન અને સારવાર અંગે વિશેષ માહિતી આપી હતી. તબીબી તજજ્ઞ તરીકે ડૉ. ભાવેશ રાઇચા દ્વારા થેલેસિમિયા રોગ–લક્ષણો, નિદાન અને સારવાર રેડ ક્રોસની કામગીરી અને પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન પૂરું પાડયું હતું. તેમજ ડૉ. કૌશિક મહેતા અને TRIના ડાયરેકટરશ્રી સી.સી.ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં સુરત જિલ્લાનાં આરોગ્ય વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ વિશ્વવિદ્યાલયના અધ્યાપકોની વિનામૂલ્યે સિકલ સેલ અનેમિયાની ચકાસણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમાજશાસ્ત્રના વિભાગના અદ્યાપિકા ડૉ. મોસમ ત્રિવેદીએ કર્યુ હતું અને આભારવિધિ ગ્રામીણ અભ્યાસ વિભાગના અધ્યક્ષ ડૉ. દિપક ભોયે કરી હતી.






## PM-USHA અંતર્ગત બે–દિવસીય રિસર્ચ પેપર રાઈટિંગ વર્કશોપ





શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત અને PM-USHA દ્વારા પ્રાયોજિત દ્વિદિવસીય Research Paper Writing Workshopનું આયોજન તા. ૧૭–૦૭–૨૦૨૫ અને તા.૧૮–૦૭–૨૦૨૫ના રોજ શિક્ષણવિભાગમાં કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્ઘાટન સમારોહમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા વિવિધ વિભાગના વડાશ્રીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપનો ઉદ્દેશય સંશોધન પેપર લખવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યો પ્રદાન કરવાનો હતો. તા. ૧૭–૦૭–૨૦૨૫, ગુરુવારના રોજ પ્રથમસત્રમાં ગુજરાત વિદ્યાપીઠના પ્રો. મહેશ નારાયણ દિક્ષિતે સંશોધન પેપરના અર્થ, પ્રકાર અંગે ચર્ચા કરી હતી. બીજા સત્રમાં ચિલ્ડ્રન રિસર્ચ વિશ્વવિદ્યાલયના ડૉ. જીગ્નેશ પટેલે સંશોધનમાં નૈતિકતા વિષય પર ચર્ચા કરી હતી. ત્યારબાદ ત્રીજા સત્રમાં એમ.એસ.વિશ્વવિદ્યાલય બરોડાના પ્રા.ડૉ. ભાવિન ચૌહાણે શૈક્ષણિક લેખાણમાં AI વિષય પર ચર્ચા કરી હતી.

તા. ૧૮/૦૭/૨૦૨૫, શુક્રવારના રોજ પ્રથમસત્રમાં એસ.પી.વિશ્વવિદ્યાલયના એસોસિએટ પ્રોફેસર ડૉ. અલકામેકવાન દ્વારા અસરકારક સંશોધન પત્ર ધારાધોરણો અને તેની રૂપરેખાના સંદર્ભમાં બદલાતા પ્રવાહો સંદર્ભમાં વિશદ છણાવટ કરી હતી. બીજા સત્રમાં એમ.કે.ભાવનગર વિશ્વવિદ્યાલયના પ્રા. ડૉ. જગદીપ સોનવણે દ્વારા સંશોધન પત્રમાં જણાતી ભૂલો તેનાં કારણો અને તેની કેવી રીતે નિવારી શકાય તે અંગે ઉદાહરણસહ સમજૂતી આપી હતી. ત્યારબાદ ત્રીજા સત્રમાં સેન્ટ્રલ વિશ્વવિદ્યાલય ઓફ ગુજરાતના પ્રા.ડૉ. જયેન્દ્ર અમીન દ્વારા સંશોધન પેપરની સમીક્ષાનો અર્થ, પ્રક્રિયા, તેના સ્વીકાર અને અસ્વીકારની શરતો અંગેની વર્તમાન પ્રક્રિયા સ્પષ્ટ કરી હતી. Research Paper Writing Workshopમાં ૯૮ જેટલા પ્રશિક્ષણાથીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને તમામ વ્યાખ્યાન સત્રો અત્યંત રસપ્રદ રહ્યા હતા.

આ કાર્યક્રમમાં કન્વીનર તરીકે શિક્ષણવિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. આર.બી.પટેલનું માર્ગદર્શન મળેલ કૉ–ઓર્ડિનેટર તરીકે ડૉ. ભાવેશ એમ. મોદી અને કૉ. કૉ–ઓર્ડિનેટર તરીકે ડૉ. અમિતકુમાર આર.માલી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ. તેમજ ડૉ. કીર્તિ ડી. ઠાકર અને પ્રીતિ ચૌધરી દ્વારા સમગ્ર વ્યવસ્થાપન અંગેની કામગીરી કરવામાં આવેલ.

## યુગાન્ડા પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટ ૨૦૨૫માં બ્રોન્ઝ મેડલ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પબ્લિક એડમિનિસ્ટ્રેટિવ વિભાગની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ભારતીય પેરા–બેડમિન્ટન સ્ટાર વૈશાલી પટેલે તારીખ ૧ થી ૬ જુલાઈ ૨૦૨૫ દરમિયાન કમ્પાલામાં આયોજિત યુગાન્ડા પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટ ૨૦૨૫માં બ્રોન્ઝ મેડલ જીતીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને અને સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું છે.

મહિલા સિંગલ્સ કેટેગરીમાં ભાગ લેતા, વૈશાલીએ નોંધપાત્ર એથ્લેટિકિઝમ, વ્યૂહાત્મક ગેમપ્લે અને અટલ નિશ્ચય દર્શાવ્યો. સ્પર્ધાત્મક આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં લડીને, તેણી સેમિફાઈનલમાં પહોંચી, આખરે ભારત માટે બ્રોન્ઝ મેડળ મેળવ્યો. વૈશાલીની પેરા–એથ્લીટ તરીકેની વ્યક્તિગત સફરને ધ્યાનમાં રાખીને આ સિદ્ધિ ખાસ કરીને પ્રશંસનીય છે અને તે તેણીની અવિરત મહેનત અને સ્થિતિસ્થાપકતાનો પુરાવો છે. તેણીની સફળતા માત્ર આંતરરાષ્ટ્રીય પેરા–

સ્પોર્ટ્સમાં ભારતનું સ્થાન વધારે છે એટલું જ નહી પરંતુ દેશભરના ઘણા મહત્વકાંક્ષી ખેલાડીઓ માટે પ્રેરણા તરીકે પણ કામ કરે છે. ભારતીય પેરા–સ્પોર્ટ્સ સમુદાયે તેમની સિદ્ધિની પ્રશંસા કરી છે અને વૈશ્વિક સ્તરે રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતા પેરા–એથ્લીટ્સને વધુ પ્રોત્સાહન અને સમર્થન આપવા આહવાન કરે છે. સાથે જ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા તેણીની અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## 'આરંભમ્–જાગૃતતા અને પરિવર્તન માટેની એક પહેલ' નામે એક અનોખી ઝુંબેશ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં સોશ્યલ વર્કનાં વિદ્યાર્થીઓ દ્વારા 'આરંભમ્ – જાગૃતતા અને પરિવર્તન માટેની એક પહેલ' નામે એક અનોખી ઝુંબેશની શરૂઆત કરવામાં આવી છે. આ પહેલનો ઉદ્દેશ સોશ્યલ વર્કનાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક અભ્યાસ સાથે સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં સામેલ કરી, સામાજિક જવાબદારીની ભાવના કેળવવાનો અને સમાજની સમસ્યાઓને નજીકથી સમજવા માટે પ્રેરવાનો છે. આ ઝુંબેશનાં ભાગરૂપે તા.૨૬/૭/૨૦૨૫નાં રોજ સુરતમાં ભટાર વિસ્તારમાં આવેલ ઈશ્વરલાલ ગુલાબભાઈ દેસાઈ વિદ્યાસંકુલ ખાતે 'સાયબર ક્રાઈમ જાગૃતતા' વિષય પર નાટક અને પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. નાટકમાં સોશિયલ મીડિયા પર નુકસાનકારક શેરિંગ, સાયબર બુલિંગ, ઓનલાઈન ગેમિંગની લત, સુરક્ષિત પાસવર્ડ અને સાવચેતીના ઉપાયો જેવા મુદ્દાઓ નાટયાત્મક રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધોરણ–૯ થી ૧૨નાં લગભગ ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સોશ્યલ વર્કના ૧૦ વિદ્યાર્થીઓની સાથે તેઓનો ઉત્સાહ વધારવા માટે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને સોશયલ વર્ક પ્રોગ્રામના સંયોજક ડૉ. એમ.એન.ગાયકવાડ, તથા સોશ્યલ વર્કના અધ્યાપકશ્રીઓ ડૉ. બહાદુરસિંહ વસાવા, નવીનકુમાર રોહિત અને ડૉ. મનોજશર્મા ઉપસ્થિત રહ્યા હતા. સદર ઝૂંબેશ માટે વિદ્યાર્થીઓને નાટકની તૈયારી કરાવવામાં ડૉ. બહાદુરસિંહ વસાવા અને નવીનકુમાર રોહિતે મહત્વની ભૂમિકા ભજવી. સમગ્ર જાગૃતિ પહેલનું આયોજન વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કે.એન.ચાવડા અને કુલસચિવશ્રી આર.સી.ગઢવીના માર્ગદર્શન હેઠળ થયું હતું. 'આરંભમ્' હેઠળ સુરતની અન્ય શાળાઓમાં પણ આવનાર સમયમાં સાયબર ક્રાઈમ, ઈન્ટરનેટ સુરક્ષા, મેદસ્વીતા, આરોગ્ય, સ્વચ્છતા, મોબાઈલ વ્યસન જેવા વિષયો પર ઝુંબેશ ચલાવામાં આવશે. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યશ્રીઓ સૌનો આભારમાની, આવા કાર્યક્રમો સતત ચાલુ રાખવા સોશ્યલ વર્કપ્રોગ્રામ, સમાજશાસ્ત્ર વિભાગને શુભેચ્છાઓ પાઠવી હતી.

## કારગીલ દિવસ નિમિત્તે વિશષ વ્યાખ્યાન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા જમ્મુ કાશ્મીર અધ્યયન કેન્દ્રના સંયુકત ઉપક્રમે કારગીલ દિવસ નિમિત્તે વ્યાખ્યાનનો કાર્યક્રમ તા. ૨૯/૦૭/૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે નર્મદ સભા ગૃહ ખાતે રાખવામાં આવેલ હતો. સદર કાર્યક્રમમાં વ્યાખ્યાતા તરીકે લેફટનન્ટ જનરલ અસિત મિસ્ત્રીને બોલાવવામાં આવ્યાં હતા. કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીર અધ્યયન કેન્દ્ર, સુરતના મહાદેવભાઈ હાજર રહ્યા હતા. વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ડૉ. યોગેશ વાંસિયા તેમજ યુનિવર્સિટી એન.એસ.એસ.ના કૉ–ઓર્ડિનેટર ડૉ. શ્રીધર નિમાવત, પ્રોફેસર, વહીવટી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા પૂર્વ સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મહેમાનશ્રીના હસ્તે દીપ પ્રાગટ્ય અને વંદેમાતરમ ગીતથી કરવામાં આવી હતી. કુલસચિવશ્રીએ મહેમાનોને શાબ્દિક આવકાર આપ્યો હતો. લેફટનન્ટ જનરલ અસિત મિસ્ત્રી દ્વારા કરાગીલ યુદ્ધની વિસ્તૃત માહિતી તથા વિદ્યાર્થીઓ માટે ભારતીય આર્મીમાં ભવિષ્યની તકો વિશે પણ સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે જમ્મુ કાશ્મીર અધ્યયન કેન્દ્ર, સુરતના મહાદેવભાઈ આભાર વિધિ કરી હતી. અંતે રાષ્ટ્રગાન કરીને કાર્યક્રમની પૂર્ણાહુતી કરી.

## કારગીલ વિજય સ્મૃતિ દિવસ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ












એન.એસ.એસ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા તા. ૨૬/૦૭/૨૦૨૫ના રોજ કારગીલ ચોક, પીપલોદ સુરત ખાતે, 'કારગીલ વિજય દિવસ' નિમિત્તે દેશના શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતો ઉત્સાહભર્યો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો.

આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, એન.એસ.એસ. વિભાગના સંયોજકશ્રી ડૉ. શ્રીધર નિમાવત, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઇન્ચાર્જ નિયામકશ્રી ડૉ. યોગેશ વાંશીયા, શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, સુરતના એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી રિદ્ધિ સોલંકી તેમજ સ્વયં સેવકો અને વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા.

સવારના સમયે સમગ્ર સમૂહ પીપલોદ સ્થિત કારગીલ ચોક પર એકત્રિત થયો, જ્યાં તમામે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા બહાદુર સૈનિકોને પુષ્પાંજલિ અર્પણ કરી. શાંતિપાઠ તથા રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ દેશભક્તિના નારા લગાવ્યા.

આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિ, સામાજિક જવાબદારી અને દેશપ્રેમનો ભાવ વિકસાવવાનો રહ્યો. યુનિવર્સિટી દ્વારા એન.એસ.એસ. માધ્યમથી એવો સંદેશ આપવામાં આવ્યો કે, "દેશપ્રેમ માત્ર એક દિવસ માટે નહિ, પરંતુ જીવનભર હૃદયમાં જીવંત રહેવો જોઈએ". આ અવસરે કુલપતિશ્રીએ જણાવ્યુ કે, 'યુવા પેઢી માટે આ વિજય દિવસ માત્ર એક ઐતિહાસિક ઘટના નહિં, પરંતુ પ્રેરણાનું સજીવ સ્ત્રોત છે'.

## Department of Biotechnology

### 'વોઈસ ફોર રેયર' વિષય પર જાગૃતિ અભિયાન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા તારીખ ૧૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ 'વોઈસ ફોર રેયર' શીર્ષક હેઠળ એક દિવસીય અવેરનેસ ટોકનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો ઉદ્દેશ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓમાં દુર્લભ રોગો વિશે નોંધપાત્ર જાગૃતિ લાવવાનો હતો. આ કાર્યક્રમ ડુચેન મસ્ક્યુલર ડિસ્ટ્રોફી (ડીએમડી) સ્પાઈનલ મસ્ક્યુલર અટ્રોફી (એસએમએ) સિકલ સેલ એનિમિયા અને થેલેસેમિયા સહિત વિવિધ દુર્લભ રોગો પર શિક્ષકો અને વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા માટે એક નિર્ણાયક મંચ તરીકે સેવા આપે છે. આ કાર્યક્રમનું સંચાલન સુશ્રી ચંદા ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતુ. નિષ્ણાંતે આ પરિસ્થિતિઓના પ્રારંભિક નિદાન અને વ્યવસ્થાપનની પ્રકૃતિ, પડકારો અને મહત્ત્વ વિશે મૂલ્યવાન આંતરદૃષ્ટિ શેર કરી હતી. શ્રીમતી સ્વાતિ માકેચાએ દુર્લભ રોગો વિશેના જ્ઞાન સાથે અમારા વિદ્યાર્થીઓને સશક્ત બનાવવા ઉદ્દેશય સાથે 'વોઈસ ફોર

રેયર' પર મૂલ્યવાન આંતરદૃષ્ટિ શેર કરી હતી. આ પરિસ્થિતિઓને સમજાવી એ સહાનુભૂતિ, સમર્થન અને સંભવિત, આ નિર્ણાયક ક્ષેત્રમાં સંશોધન અને દર્દી સંભાળમાં ભાવિ યોગદાન તરફનું પ્રથમ પગલું છે. આ સંવાદાત્મક સત્રમાં વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી, જેઓ ચર્ચામાં જોડાયા હતા અને દુર્લભ રોગોના વિવિધ પાસાઓ પર સ્પષ્ટતા માંગી હતી. બાયોટેકનોલોજી વિભાગ વધુ જાણકાર અને આરોગ્ય પ્રત્યે સભાન વિદ્યાર્થી સમુદાયને પ્રોત્સાહન આપવા માટે આવી પહેલ ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે.

## વાઈબ્રન્ટ મહેંદી સ્પર્ધા



તારીખ ૧૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત ખાતે બાયોટેકનોલોજી વિભાગે સફળતાપૂર્વક 'મહેંદી સ્પર્ધા'નું આયોજન કર્યુ હતું. જેમાં તેના વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભા દર્શાવવામાં આવી હતી. સવારે ૧૧:૦૦ અને ૧:૦૦ કલાક વચ્ચે યોજાયેલી ઇવેન્ટ, તેમની કલાત્મક કુશળતા વ્યકત કરવા માટે વિભાગની અંદરના તમામ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે સર્જનાત્મક પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

આ સ્પર્ધામાં કુલ ૩૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ પ્રકારની જટિલ અને સુંદર મહેંદી ડિઝાઈનનું પ્રદર્શન કર્યુ હતું. આ કાર્યક્રમને સુશ્રી ખુશાલી ગોંડાલિયા અને સુશ્રી પૂનમ ઉબરા દ્વારા કુશળતા પૂર્વક નકકી કરવામાં આવ્યો હતો. જેમની પાસે પ્રતિભાશાળી પ્રદર્શનમાંથી ટોચની ડિઝાઈન પસંદ કરવાનું પડકારજનક કાર્ય હતુ. કાળજીપૂર્વક ચર્ચા કર્યા પછી. ત્રણ વિદ્યાર્થીઓને તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ પુરસ્કાર સુશ્રીપલક પરમાર (M.Sc.) સેમેસ્ટર–૪ બાયોટેકનોલોજી, બીજું પુરસ્કાર સુશ્રીઉર્વશી લાઠિયા (B.Sc.) સેમેસ્ટર–૧ માઇક્રોબાયોલોજી ત્રીજું પુરસ્કાર શ્રી રુતવિક ગઢદરા (M.Sc.) સેમેસ્ટર–૪ બાયોટેકનોલોજીને એનાયત કરવામાં આવ્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા બાયોટેકનોલોજી વિભાગ તમામ સહભાગીઓ અને વિજેતાઓને આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ અભિનંદન પાઠવે છે. જેમાં વિદ્યાર્થી સમુદાયની વિવિધ પ્રતિભાઓને વધુ પ્રકાશિત કરવામાં આવી છે.

## Department of Journalism & Mass Communication

### ગુર પૂર્ણિમા ઉત્સવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગમાં ગુરુવારના દિવસે ગુરુપૂર્ણિમાં અને વ્યાસ જન્મ જયંતીનો ઉત્સવ યોજાયો હતો. આ અવસરે વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષકોને ફૂલ આપી સન્માન કર્યુ હતું. કાર્યક્રમમાં હાજર મહેમાન પત્રકારોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

વિભાગના અધ્યક્ષ ડૉ. ભરત ઠાકોરે કાર્યક્રમમાં જણાવ્યું હતુ કે, ગુરુ પૂર્ણિમાનો ઉત્સવ અષાઢ મહિનામાં ઉજવાય છે, જે વરસાદી ઋતુ હોય છે. આ સમયે આકાશમાં વાદળ છવાયેલા હોય છે જેના કારણે ચંદ્રના દ્રશ્યો જોવા મળતા નથી. પરંતુ જ્યારે ચંદ્ર વાદળોમાંથી બહાર આવે છે ત્યારે તેની પ્રકાશમય પૂર્ણતા દેખાય છે. આવી જ રીતે ગુરુ પણ આપણાના જીવનમાંથી અંધકાર દૂર કરીને પ્રકાશ લાવે છે. તેથી ગુરુ વિના આપણું કલ્યાણ શકય નથી. આ દિવસને વ્યાસ જન્મ જયંતીના રૂપમાં પણ ઉજવવામાં આવે છે. મહર્ષિ વેદ વ્યાસે મહાભારતનું વિસ્તૃત અને સરળ ગ્રંથરૂપે વર્ણન કર્યુ હતુ, જે ભારતીય જ્ઞાન પરંપરાનો પાયાનો ગ્રંથ માનવામાં આવે છે. ડૉ. ઠાકોરએ કહ્યું કે, આ દિવસે આપણે માતાપિતા અને ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરીએ છીએ કે જેમણે હંમેશા સારા કર્મ કરવા પ્રેરણા આપી છે. તેમણે ગુરુદક્ષિણા, ભારતીય જ્ઞાન દર્શન સહિત અન્ય વિષયો પર પણ ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને ખાસ જણાવ્યું હતું કે, શીખવું પરસ્પર પ્રક્રિયા છે, જેમાં બધા એકબીજાથી શીખે છે. વાંચન–લેખન અને સફળ થવા ઉપરાંત સમાજ પ્રત્યે પણ પોતાની ફરજ નિભાવો. ભારતમાં સફળ થવાનો અર્થ માત્ર પોતાના માટે જીવવું નહી, પરંતુ સમાજની પણ ચિંતા કરવી. તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી કે તેઓ વિકસિત ભારતના સપનાને સાકાર કરવામાં યોગદાન આપે. ભારતમાં સર્વે ભવન્તુ સુખિનઃનો વિચાર સર્વોચ્ચ છે, એટલે ભારતને શિરમોર બનાવવું છે. વિશ્વમાં આનંદ અને શાંતિ વ્યાપી રહે તે માટે ભારતને પહેલું સ્થાન મેળવવું જરૂરી છે. કાર્યક્રમમાં અશોક પટેલ, હિમાંશુ ભટ્ટ, નરેશ કાપડિયા, વિરેન પારેખ, ડૉ. મનોજ પટેલ, નિલય પુરાણિક, વૈભવ શુકલ સહિત શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક કલબના વિદ્યાર્થીઓએ કર્યુ હતું.

## University Central Library

### Introduction to One Nation One Subscription (ONOS) વિષય પર ઓનલાઈન વેબિનાર






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય તથા INFLIBNET Centre, Gandhinagar દ્વારા તા. ૦૧–૦૭–૨૦૨૫ને મંગળવારના રોજ સાંજે ૪:૩૦ કલાકે વિશ્વવિદ્યાલયના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે "Introduction to One Nation One Subscription (ONOS)" વિષય પર ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વક્તા તરીકે INFLIBNET Centre, Gandhinagarના Dr. Kruti Trivedi (Scientist-D) તથા Sh. Dinesh Rajan Pradhan (Scientist-D) ઓનલાઈન તથા મધ્યસ્થ ગ્રંથાલયના ઇ.ચા.ગ્રંથપાલ ડૉ. પારુલબેન આર. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ગ્રંથાલયના ઇ.ચા.ગ્રંથપાલશ્રી ડૉ. પારૂલબેન આર. પટેલ દ્વારા કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તથા ઓનલાઈન ઉપસ્થિત વકતાશ્રીઓનો પરિચય આપી વિષયને અનુરૂપ ઊંડાણમાં શાબ્દિક પ્રવચન આપ્યું હતું. આ Online Webinarના મુખ્ય વકતા Dr. Kruti Trivedi (Scientist-D) દ્વારા One Nation One Subscription (ONOS) વિષે ONOSનો પરિચય, એના સ્થાપક,મુખ્ય પ્રવૃત્તિઓ, ફાયદા, પ્રકાશકો વગેરે જેવી બેસિક માહિતીઓ આપવામાં આવી હતી તથા Sh. Dinesh Rajan Pradhan (Scientist-D) દ્વારા One Nation One Subscription (ONOS) વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓ, પીએચ.ડી સંશોધકો, વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગો તથા કૉલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓ ઓનલાઈન તથા ઓફલાઈન સ્વરૂપે જોડાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન ઇ.ચા.ગ્રંથપાલ ડૉ. પારૂલ આર. પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલયના ટેકનીકલ આસિસ્ટન્ટ ડૉ. જીતેશકુમાર કે. ટોપીવાલા તથા જુ. લાઇબ્રેરી આસિસ્ટન્ટ શ્રી પીન્ટુ આઈ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે ઇ.ચા. ગ્રંથપાલ ડૉ. પારૂલબેન આર. પટેલ દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

### તાલીમ કાર્યક્રમ





તા. ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા ICCR અંતર્ગત અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ માટે ONOS (One Nation One Subscription) વિષય પર તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજવામાં આવ્યો. આ કાર્યક્રમનું સંચાલન ઈ.ચા.ગ્રંથપાલ ડૉ. પારૂલ પટેલ, Knowlage Resource Centre (KRC)ના ઈ.ચા.ડાયરેકટરશ્રી ડૉ. પરેશ જોશી, ટેકનીકલ આસિસ્ટન્ટ ડૉ. જિતેશ ટોપીવાલા તથા જુ. લાઈબ્રેરી આસિસ્ટન્ટ શ્રી પિન્ટુ આઈ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના ઓનલાઈન અભ્યાસસાધનો, ઇ–લાઇબ્રેરી રિસોર્સીસ, રિસર્ચ ટૂલ્સ અને ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મનો

ઉપયોગ કરવા માટે માર્ગદર્શન આપવાનો હતો. તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ગ્રંથાલયના ડેટાબેસ, રેપોઝિટરી, ઇ–બુક્સ, ઇ–જર્નલ્સ અને ONOS (One Nation One Subscription) પ્લેટફોર્મના વિવિધ ફીચર્સની વિગતવાર જાણકારી આપવામાં આવી. તેમજ ONOS દ્વારા શિક્ષણ ક્ષેત્રે મળતા લાભો અંગે જાગૃત કરી વિદ્યાર્થીઓને વ્યાખ્યાનો અને પ્રસ્તુતિઓના માધ્યમથી ONOSના ઉપયોગ વિશે સરળ અને સચોટ માર્ગદર્શન આપ્યું હતું. ઈ.ચા.ગ્રંથપાલે વિદ્યાર્થીઓના પ્રશ્નોના વિસ્તૃત અને ઊંડાણપૂર્વકના જવાબો આપ્યા અને તાલીમને વધુ ઉપયોગી બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

વિદેશી વિદ્યાર્થીઓએ તાલીમ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને નવા ટૅક્નોલોજીકલ સાધનો સાથે અભ્યાસને વધુ અસરકારક બનાવવા માટેની સંભાવનાઓ વિશે જાણકારી મેળવી. અંતે વિદ્યાર્થીઓ તરફથી સકારાત્મક પ્રતિસાદ મળતા આ કાર્યક્રમ વિશ્વવિદ્યાલય દ્વારા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે શૈક્ષણિક સવલતો પહોંચાડવા માટેના પ્રયત્નોમાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયું હતું.

## Department of Commerce

### ગુરુપૂર્ણિમા દિનની ઉજવણી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગ દ્વારા ૧૦ જુલાઈ, ૨૦૨૫ના રોજ ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે આ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન વિદ્યાર્થીઓએ ભારતીય સાંસ્કૃતિક પરંપરા અનુસાર કપાળ પર કંકુ અને ચોખાનું તિલક લગાવીને તમામ ગુરુઓનું સ્વાગત કર્યું હતું. ઉજવણીની શરૂઆત સરસ્વતી વંદનાથી થઈ, ત્યારબાદ વિશ્વવિદ્યાલય ગીત વગાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ તરીકે શ્રી સુરત જીલ્લા માજી સૈનિક સેવા મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રી નરેંદ્ર પટેલ હાજર રહ્યા હતા. જેઓએ તેમના આશીર્વચનો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ તેમના અનુભવો શેર કર્યા. કોમર્સ વિભાગના પ્રાધ્યાપકો ડૉ. પ્રીતિ શાહ, ડૉ. મુકેશ રોહિત, રક્ષા પટેલ, ડૉ. મયુર દાદરેશા અને તૃશાંગ ટેલરે અને બિનશૈક્ષણિક સ્ટાફે આ પ્રોગ્રામ ના આયોજન બદલ વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ડૉ. પ્રીતિ શાહ, ડૉ. મુકેશ રોહિત, રક્ષા પટેલે ગુરુ પૂર્ણિમાના મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું હતું. ગુરુપૂર્ણિમાના આ પાવન અવસર નિમિત્તે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોમર્સ વિભાગના કૉ–ઓર્ડિનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. વત્સલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન





તા.૨૨/૭/૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મુખ્ય અતિથિ અને વિદ્યાર્થીઓનું કંકુ–ચોખાનું તિલક કરીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય અતિથિ, કૉ–ઓર્ડિનેટર અને વિભાગના વરિષ્ઠ ફેકલ્ટી સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. વિશ્વવિદ્યાલય ગીત સાથે આ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશય નવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સલાહ પૂરી પાડવાનો તેમજ વિશ્વવિદ્યાલયમાં ઉપલબ્ધ મહત્વના સંસાધનો અને સુવિધાઓ વિશે માર્ગદર્શન આપવાનો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વાણિજ્ય વિભાગના કૉ–ઓર્ડિનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. વત્સલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો અંત આભારવિધિ અને રાષ્ટ્રગાન સાથે થયો હતો. આ ઓરિએન્ટેશન પ્રોગ્રામના માધ્યમથી નવીન વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલયની કાર્યપ્રણાલી વિશે વધુ સારી રીતે સમજી આગળ વધવા માટે ઉમંગ અને દિશા મળવા પામી છે.

## Department of Economics

### 'પ્રવેશ ઉત્સવ'નું આયોજન



તા. ૦૪/૦૭/૨૦૨૫નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. ૨૦૨૫–૨૬માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્યા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને આગળ ડૉ. મનીષ આર. પટેલ દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિભાગ તથા વિષય અંતર્ગત માર્ગદર્શન પૂરું પાડયું હતું અને વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ બદલ શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ ડૉ. યોગેશ એન.વાંસિયા દ્વારા વિશ્વવિદ્યાલય તથા અર્થશાસ્ત્ર વિભાગ વિષે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી હતી, જેમાં વિભાગનાં શૈક્ષણિક કર્મચારી, બિનશૈક્ષણિક કર્મચારી, તથા સેવક કર્મચારી વિષે તથા તેમની કામગીરી વિષે ચર્ચા કરી વિભાગનું ભૌતિક માળખું સમજાવ્યું હતું, ચર્ચાને આગળ વધારતા વિદ્યાર્થીઓને વિષય પસંદગી, સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે પ્રાપ્ત થતું પારિતોષિક તથા વિભાગ ખાતે થતી ઇત્તરપ્રવૃતિઓ વિષે પણ ચર્ચા કરવામાં આવી હતી. તથા એન્ટીરેગીંગ, સેકસુઅલ હેરેસમેન્ટ સેલ તથા SSIP અંગે માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મનીષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતે શૈક્ષણિક કર્મચારી, વહીવટી કર્મચારી તથા વિદ્યાર્થીઓનો કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમની મંજૂરી બદલ વિશ્વવિદ્યાલયના ઉચ્ચ સત્તામંડળ BoM અને ECનાં સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. વિશ્વવિદ્યાલયનાં કુલસચિવશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા વિભાગમાં પ્રવેશ મેળવનાર સમગ્ર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

### ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન

તા. ૦૭/૦૭/૨૦૨૫ને શુક્રવારના રોજ વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરી વિદ્યાર્થીનીઓને સ્પર્ધામાં ભાગ લેવા અને પોતાની કળાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત સ્પર્ધામાં વિભાગની સેમેસ્ટર–૧ અને સમેસ્ટર–૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો અને પોતાની અદ્‌ભુત મહેંદી કળાને પ્રદર્શિત કરી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપિકા ડૉ. મોસમ ત્રિવેદીએ ભૂમિકા ભજવી હતી તથા વિદ્યાર્થીનીઓનું પ્રોત્સહિત કરતા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ક્રમ પર વિદ્યાર્થીની શેખ સના રહી હતી, દ્વિતીય પર કુકડિયા યશ્મા અને મસાણી ફીઝા, તૃતીય ક્રમ પર વિદ્યાર્થીની પઠાણ સબીના અને ટંડેલ ખુશબુને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. દરેક વિજેતાઓને અર્થશાસ્ત્ર વિભાગ અને વિશ્વવિદ્યાલય પરિસર તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.




### ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી




તા. ૧૦/૦૭/૨૦૨૫ને ગુરુવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ.સેમેસ્ટર ૧ અને ૩નાં વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમાં દિવસ નિમિત્તે તમામ ગુરુજનોનાં સન્માન અર્થે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય પરંપરાગત સંસ્કૃતિ મુજબ વિદ્યાર્થીઓ દ્વારા અધ્યાપકોનું પૂજન કરી ગુરુ પૂર્ણિમાનાં દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શરૂઆતમાં પરંપરાગત રીતે દીપ–પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા વિભાગીય કાર્યકારી અધ્યક્ષ અને પ્રાધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા અને પ્રાધ્યાપક ડૉ. મનીષ આર. પટેલ અને અન્ય વિભાગીય પ્રાધ્યાપકો તથા વિભાગનાં વહીવટી કર્મચારીઓનું સ્વાગત અને સન્માન વિશ્વવિદ્યાલયનો ખેંસ અને પુસ્તક દ્વારા

પરંપરાગત રીતે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનીષ આર. પટેલ દ્વારા ગુરુપૂર્ણિમા દિવસ નિમિત્તે શ્રેષ્ઠ ગુરુ અને શિષ્ય પરંપરાના ઉદાહરણ આપ્યા હતા. જેમાં ઋષિ વેદવ્યાસ, ગુરુ દત્તાત્રેય, એકલવ્ય–ગુરુદ્રોણ, સ્વામી વિવેકાનંદ અને ગુરુશ્રી રામકૃષ્ણ પરમહંસના ગુરુ શિષ્યનાં સંબંધની ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાસિયા દ્વારા દરેક વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમા દિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. તે ઉપરાંત ડૉ. મનીષ આર. પટેલ દ્વારા ગુરુની વ્યાખ્યા આપતા જણાવવામાં આવ્યું હતું કે આપણે સત–અસત કોઈ પણ જીવ નિર્જીવ વસ્તુ પાસેથી આપણા જીવનમાં કાઈપણ શીખવા મળે તે આપણા ગુરુ માની શકીએ. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ ગુરુ વિષે વકતવ્ય રજૂ કર્યું. કાર્યક્રમને આગળ વધારતા એમ.એ.સેમેસ્ટર–૧ અને ૩નાં વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા અવસર નિમિતે ગુરુ અને શિષ્યનાં સંબંધ અંગે પોતાનું મંતવ્ય અને દ્રષ્ટિકોણ રજૂ કર્યા હતા. અંતે કાર્યક્રમની આભારવિધિ એમ.એ.સેમેસ્ટર–૩નાં વિદ્યાર્થી કાકલોત્તર વિધિ દ્વારા કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેમેસ્ટર–૩ અને ૧નાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અવસરે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાની શુભેચ્છાઓ પાઠવી હતી.

## વિશ્વ વસ્તી દિવસની ઉજવણી



વિશ્વવસ્તી દિવસ નિમિત્તે તા. ૧૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા એક દિવસીય રાજ્યસ્તરીય સેમિનાર "World Population & Census 2027"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા માર્ગદર્શન અને આશિર્વચન આપવામાં આવ્યા. સેમિનારમાં મુખ્ય વકતા તરીકે શ્રી મંગેશ કુંભારે (ડિપ્યુટી ડિરેક્ટરલ DCOG, ગાંધીનગર) ઓનલાઈન માધ્યમથી ઉપસ્થિત રહ્યા. તેમણે ૨૦૧૧ની વસ્તી ગણતરી સંદર્ભે માહિતી આપીને આવનારી ૨૦૨૭ની વસ્તી ગણતરી કેવી રીતે થશે તેની રૂપરેખા રજૂ કરી અને વિદ્યાર્થીઓને માહિતીસભર ઉદબોધન કર્યું. ડૉ. મનીષ આર. પટેલ દ્વારા વસ્તી અને આર્થિક વિકાસ વિષય પર પોતાનું વ્યાખ્યાન રજૂ કર્યું હતું.

વૈશાલી ખારવા દ્વારા ભારતમાં વસ્તીના પિરામીડ વિશેની વાત કરી હતી. આ સેમિનારમાં વિભાગના ઇન્ચાર્જ અધ્યક્ષ ડૉ. યોગેશ એન. વાંસિયાએ પણ વિશ્વ વસ્તીના વલણો વિષય પર વ્યાખ્યાન રજૂ કર્યું. વિભાગ દ્વારા આ પ્રસંગે પોસ્ટર મેકિંગ અને નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગના કુલ ૯ વિદ્યાર્થીઓએ વસ્તી સંબંધિત વિવિધ મુદ્દાઓને સ્પર્શતા સર્જનાત્મક પોસ્ટરો એન વિચારપ્રેરક નિબંધો રજૂ કર્યા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મનીષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે આ કાર્યક્રમની સંચાલન સમિતિમાં ડૉ. દિલીપ ચૌધરી, ડૉ. મેરાભાઈ જમોડ, ડૉ. અંકિતા નદિયાદરા, ડૉ. અમિત વળવી, સ્મિતા નાઈક, વૈશાલી ખારવા તથા ઉર્વિશા માટલિયાએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. આ સેમિનાર દરમિયાન અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિભાગના કુલ ૧૨૮ વિદ્યાર્થીઓ તેમજ અનુસંધાનકર્તાઓની સક્રિય અને ઉત્સાહભેર ભાગીદારી જોવા મળી. જે સમગ્ર કાર્યક્રમને સફળ અને માહિતીસભર બનાવતી સાબિત થઈ.

## કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા Exam શાળાના સહયોગથી તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૨૫ના રોજ 'વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાંશ્રી હિરેન્દ્રસિંહ તોમર, સ્થાપક – Examshala, મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા અને UPSC, GPSC, IBPS, SSC અને રેલ્વે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. MA સેમેસ્ટર–૧ અને ૩ના અંદાજે ૧૦૦ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તેમણે પરીક્ષાની રચના, તૈયારીની પદ્ધતિઓ અને પ્રેરણાદાયી સૂચનો પર માહિતીપૂર્વક વાત કરી હતી. કાર્યક્રમનું આયોજન ડૉ. ગૌરાંગ ડી. રામી (વિભાગીય અધ્યક્ષ)ના નેતૃત્વ હેઠળ થયું હતું. જ્યારે ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કાર્યક્રમ સંયોજક તરીકે અને ડૉ. યોગેશ એન. વાંસિયા તથા ટેમ્પોરરી આસિસ્ટન્ટ પ્રોફેસરોની ટીમ દ્વારા સફળ સંકલન અને આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ કાર્યક્રમની ઉપયોગીતા અને પ્રેરણા માટે ખૂબ જ પ્રશંસા વ્યકત કરી હતી. અંતેડૉ. ગૌરાંગ ડી. રામીએ આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

## Department of Public Administration

### ભારતીય બૌદ્ધિક પરંપરાઓનું પુનરાવલોકન' પર છ–દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (FDP)






તારીખ ૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના લોક પ્રશાસન વિભાગ દ્વારા PM-USHAના નેજા હેઠળ 'ભારતીય બૌદ્ધિક પરંપરાઓનું પુનરાવલોકન' વિષય પર આયોજિત છ–દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (FDP) સફળતાપૂર્વક સપન્ન થયો. તારીખ ૩૦ જુન, ૨૦૨૫ થી ૫ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય જ્ઞાન પ્રણાલીઓના સમૃદ્ધ વારસાને ઊંડાણપૂર્વક સમજવાનો હતો.

આ સઘન FDPમાં ૨૪ પ્રતિષ્ઠિત નિષ્ણાંતો દ્વારા ૨૪ જ્ઞાનવર્ધક સત્રો યોજવામાં આવ્યા હતા. જેમણે ૮૦ નોંધાયેલા સહભાગીઓ સાથે તેમનું ગહન જ્ઞાન વહેંચ્યુ હતું. આ નિષ્ણાંતો પંજાબ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઉત્તર પ્રદેશ સહિત ભારતના વિવિધ રાજ્યોમાંથી આવ્યા હતા, જેણે કાર્યક્રમની રાષ્ટ્રીય પહોંચ અને વહેંચાયેલા જ્ઞાનની વિવિધતામાં વધારો કર્યો. આ કાર્યક્રમમાં વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેણે ભારતના બૌદ્ધિક વારસાની સર્વગ્રાહી સમજણ પૂરી પાડી. ચર્ચાઓમાં ભારતીય વિચારધારાના છ દર્શનો, ૧૬ સંસ્કારોનું મહત્ત્વ, યોગ અને ધ્યાનનો અભ્યાસ, અને સૂર્ય અને ચંદ્ર જેવા અવકાશી પિંડોની જીવન પરની અસરોનો સમાવેશ થાય છે.

સહભાગીઓએ પૃથ્વી પર જીવન ટકાવી રાખવામાં મધમાખીઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા, ધર્મ અને કર્મના દાર્શનિક ખ્યાલો અને ધ્યાન અને જાગરણનો સાચો અર્થ પણ શોધી કાઢયો. સ્વસ્થ જીવનશૈલી, ઈકોસિસ્ટમને સમજવા અને પર્યાવરણનું રક્ષણ કરવા માટેના વ્યાવહારિક ઉપયોગો પર ભાર મૂકતા, પ્રાચીન ગ્રંથોમાંથી સૂઝ મેળવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભારતમાં મંદિર નિર્માણના સ્થાપત્ય સિદ્ધાંતો અને ઐતિહાસિક મહત્ત્વ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જે આ પ્રાચીન રચનાઓમાં સમાવિષ્ટ બૌદ્ધિક કૌશલ્યને ઉજાગર કરે છે.

FDP એ ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના વિવિધ પાસાઓ, જેમાં તહેવારોના ઇતિહાસ, અર્થશાસ્ત્રના સિદ્ધાંતો અને સંરક્ષણમાં રાજ્યકલાનો સમાવેશ થાય છે, તેને વધુ પ્રકાશિત કર્યો. ચર્ચાઓમાં ભારતીય જ્ઞાનના મૂળ, વૈદિક સમયની ગણતરી અને ગુરુકુળ પ્રણાલીમાં વિદ્યાર્થીઓના સર્વગ્રાહી ઘડતરનો સમાવેશ થયો. શાસ્ત્રોમાં ઉલ્લેખિત ન્યાય સંહિતા દ્વારા કાનૂની અને નૈતિક માળખાને રાજાઓ અને રાજકુમારોના કર્તવ્યો સાથે શોધવામાં આવ્યા હતા.

સંસ્કૃત લિપિમાંથી અસંખ્ય ભાષાઓના ઉદ્ભવ પરના સત્ર સાથે ભારતના ભાષાકીય વારસાને પ્રકાશિત કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં 'સોને કી ચિડિયા' (ભારત સુવર્ણ પક્ષી તરીકે)ના ખ્યાલને ફરીથી જોવામાં આવ્યો અને શાસનની પ્રાચીન પદ્ધતિઓ અને સમકાલીન વહીવટી પ્રથાઓ વચ્ચે સમાંતરતા દર્શાવવામાં આવી. વધુમાં ટકાઉ વિકાસ માટે વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની મહત્ત્વપૂર્ણ ભૂમિકાની પણ ચર્ચા કરવામાં આવી છે.

આ FDPનું સફળ આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ટીમ દ્વારા કરવામાં આવેલા સહયોગી પ્રયાસોના પુરાવો છે. આ કાર્યક્રમનું માર્ગદર્શન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. લોક પ્રશાસન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. મધુ થવાણીએ આ પહેલનું નેતૃત્વ કર્યું હતું, જેને સમર્પિત ફેકલ્ટી સભ્યો ડૉ. જ્યોતિ સિંહ, ડૉ. સ્વાતિ દેસાઈ, ડૉ. મમતા ભાક્કડ, ડૉ. દીપિકા ગુપ્તા, ડૉ. નિલમ પટેલ અને શ્રીમતી મમતા મીના દ્વારા સમર્થન મળ્યું હતું.

FDPનું સમાપન એમ ગહન 'દીપ પ્રજવલન' (દીપ પ્રગટાવવા) સાથે થયું, જે ગુરુઓ દ્વારા ભારતીય જ્ઞાન પરંપરા'ને જીવંત રાખવાની આકાંક્ષાનું પ્રતીક છે, જે શિક્ષણનો પાયો છે. આ FDPએ સહભાગીઓને સમકાલીન સમયમાં ભારતીય બૌદ્ધિક પરંપરાઓની ગહન ઊંડાઈ અને સુસંગતતાને ફરીથી શોધવા અને તેની કદર કરવા માટે એક મૂલ્યવાન પ્લેટફોર્મ પૂરું પાડયું.

### ઓરિએન્ટેશન કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના લોક પ્રશાસન વિભાગ દ્વારા તારીખ ૦૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫–૨૬ના વિદ્યાર્થીઓ માટે એક ઓરિએન્ટેશન કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગના કૉ–ઓર્ડિનેટર અને સહાયક પ્રોફેસર ડૉ. મધુ થવાણી દ્વારા વિદ્યાર્થીઓને લોક પ્રશાસન અભ્યાસક્રમ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિષય સંબંધિત વિવિધ પાસાઓનું જ્ઞાન મેળવ્યું હતું અને લોક પ્રશાસન વિષયમાં કારકિર્દીની ઉપલબ્ધ તકો વિશે પણ માહિતગાર થયા હતા. આ ઉપરાંત વિભાગ દ્વારા આયોજિત થનારી વર્ષભરની વિવિધ પ્રવૃત્તિઓની પણ જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, કૉ–ઓર્ડિનેટર અને સહાયક પ્રોફેસર ડૉ. મધુ થવાણી અને લોક પ્રશાસન વિભાગના તમામ ફેકલ્ટી સભ્યોનો આભાર વ્યક્ત કરે છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને તેમના નવા શૈક્ષણિક પ્રવાસ માટે માર્ગદર્શન પૂરું પાડવામાં અત્યંત મદદરૂપ થયો.

## વિશ્વવિદ્યાલયના શારીરિક શિક્ષણ વિભાગની મુલાકાત




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના લોક પ્રશાસન વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ના વિદ્યાર્થીઓ માટે તારીખ ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયના શારીરિક શિક્ષણ વિભાગની એક ખાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત ડૉ. યોગેશ વાંસિયા (નિયામક ઇન્ચાર્જ)ના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી, જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલય દ્વારા પૂરી પાડવામાં આવતી અદ્યતન રમતગમત સુવિધાઓથી પરિચિત કરવાનો હતો. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ વિશ્વવિદ્યાલય દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ શારીરિક શિક્ષણ સુવિધાઓ જેવી કે જીમ ફેસિલિટી, સ્વિમિંગ પૂલ ફેસિલિટી, હોકી ગ્રાઉન્ડ, ક્રિકેટ ગ્રાઉન્ડ, એથ્લેટિક ટ્રેક, વોલીબોલ ગ્રાઉન્ડ વગેરે વિશે સંપૂર્ણ જાણકારી મેળવી. ડૉ. યોગેશ વાંસીયા દ્વારા વિદ્યાર્થીઓને આ સુવિધાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને તેમણે વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ પણ કર્યો હતો, જેથી તેમના પ્રશ્નોનું નિરાકરણ થઈ શક્યું. આ ઓરિએન્ટેશન સેશન દ્વારા વિદ્યાર્થીઓને શારીરિક સ્વાસ્થ્ય અને રમતગમતના મહત્ત્વ વિશે ઊંડાણપૂર્વક સમજ મળી. લોક પ્રશાસન વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો ફરી એકવાર આભાર વ્યક્ત કરે છે કે તેમણે વિદ્યાર્થીઓને આવા ઉપયોગી અને પ્રેરણાદાયક અનુભવનો લાભ આપ્યો. આશા છે કે આ મુલાકાત વિદ્યાર્થીઓને શારીરિક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરશે. લોક પ્રશાસન વિભાગ, આ પહેલ બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, અને કાર્યક્રમના કૉ–ઓર્ડિનેટર તેમજ આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મધુ થવાણી મેડમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. આ ઉપરાંત વિભાગના ફેકલ્ટી સભ્યો જેવા કે ડૉ. મમતા ભક્કડ, ડૉ. સ્વાતિ દેસાઈ, ડૉ.નીલમ પટેલ, ડૉ. દીપિકા ગુપ્તા અને શ્રીમતી મમતા મીણાનો સહયોગ પણ પ્રશંસનીય રહ્યો હતો.

## વિશ્વવિદ્યાલય કેમ્પસની મુલાકાત




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના લોક પ્રશાસન વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ ના વિદ્યાર્થીઓ માટે તારીખ ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ કેમ્પસ મુલાકાતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે વિશ્વવિદ્યાલયના વિવિધ પાસાઓને સમજવાનો અને કેમ્પસના વાતાવરણથી પરિચિત થવાનો એક સુવર્ણ અવસર બની રહી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ કેમ્પસના વિવિધ વિભાગો વિશે સંપૂર્ણ જાણકારી મેળવી. તેમણે સરસ્વતી મંદિર, સ્વામી વિવેકાનંદ મંદિર જેવા શાંતિપૂર્ણ સ્થળોની મુલાકાત લીધી, જ્યાં તેમને આધ્યાત્મિક શાંતિનો અનુભવ થયો. ઉપરાંત, વિદ્યાર્થીઓએ કેન્ટીન, મનોવૈજ્ઞાનિક કેન્દ્ર અને વહીવટી ભવન જેવા મહત્વના સ્થળોની પણ મુલાકાત લીધી, જેનાથી તેમને વિશ્વવિદ્યાલયના રોજિંદા કાર્યો અને સુવિધાઓ વિશે સ્પષ્ટ ખ્યાલ આવ્યો. આ ઓરિએન્ટેશન સેશન ખરેખર વિદ્યાર્થીઓ માટે અત્યંત લાભદાયી નીવડ્યું. લોક પ્રશાસન વિભાગ વિશ્વવિદ્યાલયનો ફરી એકવાર આભાર વ્યક્ત કરે છે કે તેમણે વિદ્યાર્થીઓને આવા અદ્‌ભુત અને જ્ઞાનવર્ધક અનુભવનો લાભ આપ્યો. આશા છે કે આ મુલાકાત વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક પ્રવાસમાં વધુ પ્રેરિત કરશે. લોક પ્રશાસન વિભાગ, આ ભવ્ય આયોજન બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને કાર્યક્રમના કૉ–ઓર્ડિનેટર તેમજ આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મધુ થવાણીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. આ ઉપરાંત, વિભાગના

ફેકલ્ટી સભ્યો જેવા કે ડૉ. મમતા ભક્કડ, ડૉ. સ્વાતિ દેસાઈ, ડૉ. નીલમ પટેલ, ડૉ. દીપિકા ગુપ્તા અને શ્રીમતી મમતા મીણાનો સહયોગ પણ પ્રશંસનીય રહ્યો હતો.

## આપણી સંસ્કૃતિ, આપણા વિચાર વિષય પર વકતૃત્વ સ્પર્ધા અને NEP 2020ની પાંચમી વર્ષગાંઠની ઉજવણી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના લોક પ્રશાસન વિભાગ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ની ૫મી વર્ષગાંઠ નિમિત્તે એક ઉત્સાહભર્યું વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આપણી સંસ્કૃતિ, આપણા વિચાર વિષય હેઠળ આ કાર્યક્રમે વિદ્યાર્થીઓને ભારતની સંસ્કૃતિક સમૃદ્ધિ અને વૈવિધ્યતા અંગે પોતાના વિચારો રજૂ કરવા માટે મંચ પૂરું પાડયું. વિદ્યાર્થીઓએ ગુજરાતી સંસ્કૃતિ, વનવાસી સંસ્કૃતિ, રાજસ્થાની સંસ્કૃતિ, બિહારી સંસ્કૃતિ અને સિંધિ સંસ્કૃતિ જેવી તેમની પ્રદેશીય અને સમુદાય આધારિત સંસ્કૃતિઓ અંગે ઊંડી સમજ આપી–જેમાં તહેવારો, રીવાજો, ખોરાક, ભાષા, પરિધાન અને પરંપરાગત નૃત્ય અને કાવ્ય રજૂઆતો દ્વારા સંસ્કૃતિને જીવંત બનાવી દીધી, જેનાં કારણે આ કાર્યક્રમ જાણકારીસભર અને જીવંત રહ્યો.

આ કાર્યક્રમે શિક્ષણમાં સંસ્કૃતિક જાગૃતિના મહત્તવને ઉજાગર કર્યું, જે NEP-2020ના સમાનતા, સમાવેશ અને સર્વાંગી વિકાસ જેવા લક્ષ્યો સાથે સઘન રીતે જોડાયેલું છે. તે યુવાનો માટે પોતાની જડ સાથે જોડાવા અને પોતાના વકતૃત્વ અને સર્જનાત્મક કૌશલ્ય વિકસાવવાનો સક્રિય મંચ સાબિત થયો. ઘણા ઉત્કૃષ્ટ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓમાંથી અનિકેત અને રિદ્ધિને પ્રથમ ઇનામ, ભૂમિને બીજુ ઇનામ, અને પાયલને ત્રીજું ઇનામ આપવામાં આવ્યું. જ્યારે યશ અને હર્ષિતને તેમના નોંધપાત્ર પ્રદર્શન માટે રનર–અપ તરીકે પસંદ કરવામાં આવ્યા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સતત ઉત્સાહ અને સહયોગ બદલ માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, કન્વીનર અને સહાયક પ્રાધ્યાપક ડૉ. મધુ એમ. થવાણી તેમજ સૌ ફેકલ્ટી સભ્યો, સ્ટાફ અને વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આ સંસ્કૃતિ વકતૃત્વ સ્પર્ધા માત્ર NEP-2020ના ઉત્સવની ઉજવણી નહી રહી, પણ ભારતની જીવંત પરંપરાઓને યુવાનોના અવાજે નવી પેઢી સુધી પહોંચાડવાનો ગૌરવભર્યો પ્રસંગ સાબિત થયો.

## Department of Gujarati

### ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગ દ્વારા તા. ૧૦/૦૭/૨૦૨૫ના રોજ વ્યાસ પૂર્ણિમા નિમિત્તે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થનાથી કરવામાં આવી. સ્વાગત બાદ સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની સરવૈયા જીનલ અને સેમેસ્ટર–૧ના વિદ્યાર્થી વસાવા રાકેશે જીવનમાં ગુરુનો મહિમા અને ગુરુ શિષ્યનો સંબંધ પ્રેમ, નિષ્ઠા, આદર, આજ્ઞાપાલન પર આધારિત જ્ઞાન પહોંચાડવાનો શ્રેષ્ઠ માર્ગ છે એની વાત કરી હતી. વિભાગના પ્રાધ્યાપક ડૉ. પન્ના ત્રિવેદીએ શ્રી વેદ વ્યાસને યાદ કરી કીડી સમાન નાનકડો જીવ પણ આપણો ગુરુ બની શકે છે એમ કહી અભ્યાસ દરમિયાન શૈક્ષણિક જ્ઞાનની સાથે સાથે જીવન ઘડતરનું જ્ઞાન પણ શૈક્ષણિક કાર્ય દરમિયાન ગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે આવી બેવડી ભૂમિકાના મહિમાની વાત કરી હતી.

વિભાગીય અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ પ્રાચીન સમયથી ચાલી આવતી ગુરુ પરંપરા પુરા વિશ્વમાં છે, જેનાં થકી આ વિશ્વમાં આપણે આવ્યા છીએ એ માતા–પિતા પહેલા ગુરુ છે, એ પછી સ્વજનો તેમજ જીવનમાં આવતી પ્રત્યેક વ્યકિત જેમના થકી આપણે કશુંક જ્ઞાન મેળવીએ છીએ એ સૌ ગુરુ સમાન છે. આ ગુરુશિષ્યની પરંપરામાં વ્યકિત નહી પણ અનુભવ અને જ્ઞાનનું મહત્ત્વ છે. એ અર્થમાં ગુરુ મહિમાનો વ્યાપક અર્થ છે. આ જ્ઞાનવારસા થકી જ મનુષ્ય અન્ય પ્રાણીઓથી ભીન્ન રૂપ ધરીને આજે વિશ્વભરમાં પ્રગતિ પામ્યો છે. એટલે આ દિવસનું મહત્ત્વ અનેરું છે, મુલ્યવાન છે આ કાર્યક્રમની ઉજવણી અને સુંદર આયોજન બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. એમ.એ.સેમેસ્ટર–૩ના વિદ્યાર્થી ખુશાલે આભારવિધિ કરી હતી. અંતે રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની શેખ નૌશીની અને પાયલે કર્યુ હતું.

### ઓરિએન્ટેશન કાર્યક્રમ

તા. ૧૯/૦૭/૨૦૨૫ના રોજ ગુજરાતી વિભાગ પર પાર્ટ–૧ના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન પાર્ટ–૧ના વિદ્યાર્થીઓએ કર્યુ, કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં

આવી. ત્યારબાદ વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ વિભાગ પર ચાલતા અભ્યાસક્રમ વિશે, વિશ્વવિદ્યાલય પરિસરમાં ચાલતાં વિવિધ કાર્યક્રમો વિશે અને વિભાગ પર ચાલતા સર્ટિફિકેટ કોર્સ વિશે માહિતી આપી. વિદ્યાર્થીઓને વિવિધ કળાઓ, સમૂહ માધ્યમો વિશે પણ માહિતી મળી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતે વિદ્યાર્થી ખુશાલ દ્વારા આભારવિધિ થઈ અને રાષ્ટ્રગાન ગાઈને સૌ છૂટાં પડયાં આજનો આ કાર્યક્રમ ખૂબ જ રસાળ અને સફળ રહ્યો.




## ગદ્ય–પદ્ય સભા અંતર્ગત એક કાર્યક્રમ યોજવામાં આવ્યો

તા. ૧૯/૦૭/૨૦૨૫ના રોજ ગુજરાતી વિભાગ દ્વારા ગદ્ય–પદ્ય સભા અંતર્ગત એક કાર્યક્રમ યોજવામાં આવ્યો, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો, પ્રસ્તુત કાર્યક્રમમાં પાર્ટ–૧ અને ૨નાં વિદ્યાર્થીઓએ અલગ અલગ કૃતિ જેવી કે, કૃષિગીતો, કાવ્ય પઠન અને પુસ્તક સમીક્ષા વગેરે રજૂ કરી. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ગામડાનું મહત્ત્વ સમજાય એવી સરસ રચના વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ રજૂ કરી. અંતે વિદ્યાર્થી ખુશાલ દ્વારા આભારવિધિ થઈ અને રાષ્ટ્રગાન ગાઈને સૌ છુટા પડયા આજનો આ કાર્યક્રમ ખૂબ રસાળ અને સફળ રહ્યો.



## વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગમાં એમ.એ.સેમેસ્ટર–૧ અને એમ.એ.સેમ.–૩નાં વિદ્યાર્થીઓ માટે વિશ્વવિદ્યાલયમાં કાર્યરત મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્રના સહયોગથી આત્મવિશ્વાસના અભાવને કારણે થતા નુકસાન વિષય અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દર્શનભાઈ પરમાર વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત ભૂમીકા વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ બાંધી હતી. દર્શનભાઈ પરમારે આત્મવિશ્વાસના અભાવને કારણે માનસિક તણાવ, ઓછી કાર્યક્ષમતા, તકો ગુમાવવી, નિષ્ફળતાના ભોગ બનવું, વગેરે જેવા નુકસાનનાં પાસાઓની વિગતે ચર્ચા કરી હતી. તેમજ આત્મવિશ્વાસના અભાવને કેવી રીતે નિવારી શકાય, એ માટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા શું હોઈ શકે તેની પણ વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. આ માટે તેમણે સ્વ પ્રેરણા, સ્વ પ્રત્યક્ષીકરણ, હકારાત્મક બનવું, પોતાની ક્ષમતાઓને ઓળખવી વગેરે બાબત ઉપર ધ્યાન દોર્યું હતું. જેમાં હકારાત્મક પાસા ને વધુ દ્રઢ બનાવવા પર ભાર મૂકયો હતો. આ કાર્યક્રમમાં બંને સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વ્યાખ્યાનનો લાભ લીધો હતો. અંતે પોતાના પર આત્મવિશ્વાસ રાખી જીવનમાં ધ્યેયને પ્રાપ્ત કરી સફળ બનવા માટેની પ્રતિજ્ઞા લઈ કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. આરતી પંચાલે કર્યું હતું.




## શ્રૃણ્વન્તુ શ્રેણી



ગુજરાતી વિભાગમાં 'શ્રૃણ્વન્તુ શ્રેણી' નિમિત્તે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો, જેનો વિષય હતો 'સાહિત્ય અને સિનેમાના આંતર સંબંધો' વકતા તરીકે જાણીતા દિગ્દર્શક, અભિનેતા, સાહિત્યકાર એવા ડૉ. તરૂણ બેન્કર ઉપસ્થિત રહ્યાં. પ્રસ્તુત કાર્યક્રમમાં એમ.એ.પાર્ટ–૧ અને ૨નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિભાગના અધ્યાપકો પણ હાજર રહ્યા હતા. વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી. વિદ્યાર્થીઓને વિષયની આવશ્યકતા વિશે વાત કરી. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. તરૂણ બેન્કરે વિષય આધારિત વ્યાખ્યાનની શરૂઆત કરી. સિનેમાના ઇતિહાસથી શરૂ કરીને ફિલ્મનાં ઘટકતત્ત્વો, ફિલ્મ બનાવવાની પ્રક્રિયા, એક દિગ્દર્શકની કુશળતા તેમજ

ભૂમિકાની ખૂબ વિસ્તારથી વાત કરી. કોઈ સાહિત્યકૃતિ પરથી ફિલ્મ બનાવવામાં આવી હોય ત્યારે સર્જક અને દિગ્દર્શક બંને વચ્ચે કેટલું સામ્ય–વૈષમ્ય હોય છે તેની ઉદાહરણ સહિત સમજૂતિ આપી. ઉદાહરણ માટે તેમણે પ્રોજેક્ટરનો ઉપયોગ કરીને ફિલ્મના થોડા અંશો પણ બતાવ્યા. અંતે વિદ્યાર્થીઓએ તેમને મૂંઝવતા પ્રશ્નો પૂછ્યા અને ઉકેલ મેળવ્યાં. આ કાર્યક્રમનું આયોજન વિભાગના અધ્યક્ષ ડૉ.નરેશ શુકલએ તથા સંચાલન ડૉ. હેતલ ચૌધરીએ કર્યુ અને આભારવિધિ વિધિ પટેલે કરી.

## Department of Comparative Literature

### ગુરુપૂર્ણિમા દિનની ઉજવણી






તા. ૧૦–૦૭–૨૦૨૫ (અષાઢ સુદ પુનમ) ગુરુવારના રોજ તુલનાત્મક સાહિત્ય વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઉપક્રમે 'ગુરુપૂર્ણિમા' નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગના કૉ–ઓર્ડિનેટર શ્રી ડૉ. ભરતભાઈ ઠાકોર, ડૉ. મુકેશભાઈ વસાવા શ્રી તથા તુલનાત્મક, હિન્દી અને સંસ્કૃતના તમામ અધ્યાપકશ્રીઓ અને બિનશૈક્ષણિક સ્ટાફ, સર્વે વિભાગના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, ગુરુનુ મહત્ત્વ, ગુરુપૂર્ણિમાં મહત્ત્વ, એક પાત્રીય અભિનય અનેક કૃતિઓ અને વકતવ્ય રજૂ કરી સર્વેને માહિતગાર કર્યા હતા. કૉ–ઓર્ડિનેટર ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા વિદ્યાર્થીઓને આર્શીવાદ આપી ગુરુનું મહત્ત્વ સમજાવતા કહ્યું હતું કે આપણે આપણા જીવનમાં ગુરુના માધ્યમ થકી ઈશ્વર પ્રાપ્તિ કરી શકીએ છીએ અને આપણું જીવન સુખમય સફળ અને તંદુરસ્ત બનાવી શકીએ છીએ. ગુરુની કૃપાથી જ આપણું આપણા પરિવાર અને રાષ્ટ્રનું ઉત્થાન થઈ શકે છે. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની હર્ષિતા વૈષ્ણવ અને જય કોસંબીયાએ કર્યુ હતું. અને સર્વેનો આભાર માન્યો હતો.

## Department of Law

### મહેંદી સ્પર્ધા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કાનૂનશાસ્ત્ર વિભાગ દ્વારા તારીખ ૧૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ રંગબેરંગી અને રોચક મહેંદી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિષ્ણાંત નિર્ણયક તરીકે માનસી ચાંદીવાળા ઉપસ્થિત રહ્યા. સ્પર્ધાના પરિણામ મુજબ પલક કટારીયા પ્રથમ ક્રમે, હીર પટેલ દ્વિતીય ક્રમે અને કરિશ્મા ચૌહાણ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા. આ યોજનાનો સફળ સંચાલન કાનૂનશાસ્ત્ર વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. યશોધરા એ ભટ્ટના માર્ગદર્શન હેઠળ થયું. આ પ્રકારની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને તેમના સર્જનાત્મક અભિવ્યકિત માટે મંચ પૂરું પાડે છે અને સાથે સાથે તેઓમાં રહેલી છુપાયેલી કળા અને કુશળતાઓને પણ ઉજાગર કરે છે. ચાવડા, કાનૂનશાસ્ત્ર વિભાગ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી.

## Department of Library & Information Science

### Orientation Program



તા. ૦૮/૦૭/૨૦૨૫નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં દ્વારા B.L.I.Sc. અને M.L.I.Sc.નાં વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉત્સવનું

આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપક/અધ્યાપિકા અને પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમનું સંચાલન ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ–પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથિગણ તથા અધ્યાપકગણનું શાબ્દિક સ્વાગત અને પરિચય આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ આગળ વધારતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, વિભાગ અને કોર્ષ અંગેનો વિસ્તૃત પરિચય ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા આપવામાં આવ્યો. જેમાં તેમના પોતાના ગ્રંથાલય અને પુસ્તક સાથેનાં અનુભવ, વિવિધ પ્રકારનાં ગ્રંથાલય અને એક સારો ગ્રંથપાલ બનવા માટેના કૌશલ્ય અંગેની ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. દિગ્વિજયસિંહ ચૌહાણ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવ્યા હતા અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં પ્રવેશ મેળવવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતે ડૉ. મનીષ આર. પટેલ દ્વારા શૈક્ષણિક કર્મચારી, વહીવટી કર્મચારી તથા વિદ્યાર્થીઓનો કાર્યક્રમાં હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમની મંજૂરી માટે વિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ મૅનેજમૅન્ટ તેમજ એકઝીકયુટીવ કાઉન્સિલનાં સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા વિભાગમાં પ્રવેશ મેળવનાર સમગ્ર વિદ્યાર્થીઓને માટે શુભેચ્છા સંદેશ મોકલાવ્યો હતો.

## Department of Sociology

### એક દિવસીય અભ્યાસ મુલાકાત



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં સેમેસ્ટર–૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક ઓરીએન્ટેશન થકી સમાજકાર્યનાં વિવિધ કાર્યક્ષેત્રોથી માહિતીગાર બને તે હેતુથી તારીખ ૯ જુલાઈ ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુરત શહેરમાં આવેલ અક્ષયપાત્ર ફાઉન્ડેશનની અભ્યાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસ મુલાકાતમાં કુલ ૭૨ વિદ્યાર્થીઓ તથા ૦૨ અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ અભ્યાસ મુલાકાતનો મુખ્ય હેતુ નવપ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને સમાજકાર્ય હસ્તક્ષેપ થકી વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી લોક કલ્યાણ પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કરવાનો હતો. મુલાકાત દરમિયાન અક્ષયપાત્ર ફાઉન્ડેશનનાં સંપર્ક અધિકારીશ્રી સંજય જોશી, શ્રી દેવવ્રત કુમાર, શ્રી વિવેકકુમાર તથા શ્રી સુબાલા દાસજી દ્વારા સંસ્થા વિશે તથા તેની સમગ્ર કામગીરીની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. મુલાકાત થકી વિદ્યાર્થીઓ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને નજીકથી નિરીક્ષણ કરવાનો, સ્ટાફ સભ્યો સાથે વાર્તાલાપ કરવાનો અને સંસ્થા દ્વારા અમલમાં મૂકાયેલા વિવિધ કાર્યક્રમો અને પ્રોજેકટ્સ વિશે માહિતગાર થયા હતા. મુલાકાતનાં અંતે MSW પ્રોગ્રમના અધ્યાપકશ્રી નવીનકુમાર રોહિત ધ્વારા મુલાકાત અંગેની પરવાનગી આપવા તથા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી પૂરી પાડવા બદલ અક્ષયપાત્ર ફાઉન્ડેશનનો આભાર પ્રગટ થયો હતો. સમગ્ર અભ્યાસ મુલાકાતનું આયોજન સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી અને MSW પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. એમ.એન. ગાયકવાડના સફળ માર્ગદર્શન હેઠળ અભ્યાસ મુલાકાતના ઇ.ચા. અધ્યાપકો શ્રી નવીનકુમાર રોહિત, ડૉ. મનોજ શર્મા, ડૉ. બહાદુરસિંહ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

### સેડી સુરત, અંબુજા ફાઉન્ડેશનની એક દિવસીય અભ્યાસ મુલાકાત



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં સેમેસ્ટર–૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક ઓરીએન્ટેશન થકી સમાજકાર્યનાં વિવિધ કાર્યક્ષેત્રોથી માહિતગાર બને તે હેતુથી તા. ૧૧ જુલાઈ ૨૦૨૫નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુરત શહેરમાં આવેલ સેડી સુરત અંબુજા ફાઉન્ડેશનની એક દિવસીય અભ્યાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસ મુલાકાતમાં કુલ ૬૬ વિદ્યાર્થીઓ તથા ૦૨ અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ અભ્યાસ મુલાકાતનો મુખ્ય હેતુ નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને સમાજકાર્ય હસ્તક્ષેપ થકી વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી લોકકલ્યાણ પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કરવાનો હતો. આ મુલાકાત દરમિયાન અંબુજા ફાઉન્ડેશન સેડી સુરતના ઇન્ચાર્જ શ્રી ટી.એન.સંદીપ દ્વારા સંસ્થા વિશે ઉડાંણપૂર્વક માહિતી આપી હતી. ત્યારબાદ સ્કિલ ટ્રેનર દિવ્યાબેન અને પ્લેસમેન્ટ ઓફિસર શ્રી કશ્યપજી દ્વારા વિદ્યાર્થીઓને સંસ્થામાં ચાલતા

વિવિધ વોકેશનલ કોર્સ અંગે માહિતી આપવામાં આવી હતી. મુલાકાત થકી વિદ્યાર્થીઓ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને નજીકથી નિરીક્ષણ કરવાનો, સ્ટાફ સભ્યો સાથે વાર્તાલાપ કરવાનો અને સંસ્થા દ્વારા અમલમાં મૂકાયેલા વિવિધ કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સ વિશે માહિતગાર થયા હતા. અભ્યાસ મુલાકાતના અંતે MSW પ્રોગ્રામના અધ્યાપક શ્રી નવીનકુમાર રોહિત અને ડૉ. મનોજ શર્મા દ્વારા મુલાકાત અંગેની પરવાનગી આપવા બદલ તથા સંસ્થાની વિવિધ પ્રવૃતિઓની માહિતી પૂરી પાડવા બદલ સંસ્થાનો હૃદય પૂર્વક આભાર પ્રગટ કર્યો હતો.

આ અભ્યાસ મુલાકાતનું આયોજન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાની પ્રેરણાથી તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી અને MSW પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટર ડૉ. એમ.એન.ગાયકવાડના સફળ માર્ગદર્શન તથા અભ્યાસ મુલાકાતના ઇન્ચાર્જ અધ્યાપકો શ્રી નવીનકુમાર રોહિત, ડૉ. મનોજશર્મા, ડૉ. બહાદુરસિંહ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સોફ્ટ સ્કિલ્સ અને એમ્પ્લોઈબીલીટી ટ્રેનીંગ વર્કશોપનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના સાથ સહકારથી સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા MSW પ્રોગ્રામ દ્વારા મહિન્દ્રા પ્રાઈડ ક્લાસરૂમ પ્રોગ્રામ અંતર્ગત મહિન્દ્રા ગ્રુપના સી.એસ.આર. પહેલ હેઠળ નાન્દી ફાઉન્ડેશનના સહયોગથી ૪૦ કલાકના સાત દિવસીય 'સોફ્ટ સ્કિલ્સ' અને એમ્પ્લોઈબીલીટી ટ્રેંનીગ વર્કશોપનો' ઉદ્‌ઘાટન સમારંભ તા. ૧૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. આ વર્કશોપ તા. ૧૯ થી ૨૬ જુલાઈ ૨૦૨૫ સુધી વિભાગના સેમીનાર હોલમાં યોજવામાં આવેલ છે. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા હાજર રહી પ્રેરક ઉદ્દબોધન આપ્યું હતું. વિશિષ્ટ ઉપસ્થિતિમાં શ્રી સુમિત પટેલ, સોફ્ટ સ્કીલ્સ ટ્રેનરએ નાન્દી ફાઉન્ડેશનની માહિતી આપી હતી. સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને MSW પ્રોગ્રામના સંયોજક અને ડૉ. એમ.એન.ગાયકવાડ દ્વારા સ્વાગત સંબોધન આપ્યું હતું. સદર વર્કશોપના કૉ–ઓર્ડિનેટર અને MSW પ્રોગ્રામનાં અધ્યાપક શ્રી નવીનકુમારે કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. આ વર્કશોપના આયોજનમાં નાન્દી ફાઉન્ડેશન વેસ્ટ ઝોનના રીજનલ મેનેજર શ્રીમતી સીમા ભાગવત તથા ગુજરાત પ્રાંતના ટ્રેનીગ સંયોજક શ્રી મહેશ બેરડ દ્વારા ટ્રેંનીગ માટે જરૂરી સંકલન કરવામાં પાયાની ભૂમિકા ભજવી હતી. આ વર્કશોપમાં કુલ ૪૮ વિદ્યાર્થીનીઓએ સોફ્ટ સ્કિલ્સ અને વ્યકિતત્વ વિકાસની વિવિધ પ્રવૃતિઓ થકી તેઓમાં રોજગાર ક્ષમતા વિકસિત કરવાનો મુખ્ય ઉદ્દેશય છે. આ ૪૦ કલાકની તાલીમ વિદ્યાર્થીઓને તેમના વ્યકિતત્વ અને કાર્યક્ષમતામાં મહત્વપૂર્ણ સુધારો કરી, આજના સ્પર્ધાત્મક યુગમાં રોજગારીની ઉચ્ચ તકો પ્રાપ્ત કરવામાં મદદરૂપ નીવડશે. આ વર્કશોપનાં ઉદ્‌ઘાટન સમારંભમાં વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ MSW વિદ્યાર્થીની શ્રુષ્ટિ અને યુક્તા તથા આભારવિધિ મુબ્બસિરાએ કરી હતી.

## Department of Statistics

### Orientation Program




On July 3, 2025, the Department of Statistics organized an Orientation Program for the newly admitted students of M.Sc. (Statistics) and M.Sc. (Applied Statistics). The event aimed to provide a comprehensive introduction to the academic structure of the programs and to inspire students by highlighting the vast career opportunities in the field of statistics.

The session commenced with an informative address by Dr. A. J. Rajyaguru, Professor & Head, who offered a detailed overview of the curriculum, including core theory papers, elective options, and the examination framework. This session helped students gain clarity on the academic roadmap and understand the structure of their upcoming classes.

Following this, Dr. S. S. Patel delivered an engaging presentation on "Career Opportunities in Statistics," emphasizing the wide range of roles statisticians play across various industries such as healthcare, finance, government, research, data science, and more. Students were introduced to both conventional and emerging career paths,

equipping them with a forward-looking perspective on their professional journey.

The orientation program concluded successfully, leaving students informed, motivated, and better prepared to embark on their postgraduate studies with a clear sense of purpose and direction.

## Special Lecture on "*Screen Time and Sleep: Finding the Right Balance*"




The Department of Statistics organized a special lecture on *"Screen Time and Sleep: Finding the Right Balance"* on 4th July 2025 for the department students, delivered by Dr. Nehal Shah—WICCI Council Member, Founder of Rutuja Charitable Trust, and Assistant Professor at SRKI, Sarvajanik University, Surat.

In her engaging and thought-provoking session, Dr. Shah addressed the growing concern of excessive screen time among students and working professionals in today's digital era. She emphasized the significance of digital hygiene, such as limiting gadget use, avoiding screen exposure before sleep, and creating screen-free environments to safeguard mental and physical health.

Dr. Shah further explored the issue of internet addiction, shedding light on its psychological and social consequences, especially among the youth. She discussed the increasing prevalence of sleep disorders caused by prolonged screen exposure—such as insomnia, disrupted sleep cycles, and poor sleep quality—and how these directly impact academic performance, emotional well-being, and long-term health.

The session encouraged students to assess their digital habits and adopt healthier lifestyle practices that support both productivity and rest. Practical strategies and daily routines were shared to help reduce digital dependency and restore a healthier screen-sleep balance.

The lecture was highly informative and well-received by the audience. It provided meaningful insights into managing screen usage responsibly for a balanced lifestyle.

Dr. A. J. Rajyaguru, Head of the Department, along with faculty members, graced the session with their presence. The department extends its heartfelt gratitude to the University Psychological Counselling and Guidance Centre for their support in organizing this valuable session.

A total of 74 students and 7 teaching staff from the department attended the lecture and actively engaged in the discussion.

## Alumni Lecture on "How AI is Transforming the Data World: A Guide for Statisticians"



The Department of Statistics organized an insightful alumni lecture on *"How AI is Transforming the Data World: A Guide for Statisticians"* on 12th July 2025. The session was delivered by Mr. Sahil Rafaliya, an esteemed alumnus from the M.Sc. (Statistics) Sem I & II batch 2025–26 and a professional working in the field of Artificial Intelligence and Data Science. He shared his valuable experiences and provided a comprehensive overview of the evolving role of statisticians in the AI-driven era.

Mr. Rafaliya emphasized how AI tools are reshaping data analysis, predictive modelling, and decision-making across industries. He discussed the integration of AI with statistical methods, the data life cycle, and the significance of tools like Pandas Profiling in data exploration. He also guided students on AI career paths, structured learning roadmaps, and future trends in the field. The session was attended by 96 students and faculty members who gained practical insights and current knowledge in AI and statistics. Dr. A. J. Rajyaguru, Head of the Department, shared his words of guidance and gratitude, while Alumni Coordinator Dr. Shital Patel extended thanks to Mr. Rafaliya and the participants for making the session successful.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### તાપી પ્રાગટ્ય દિવસની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૨ જુલાઈ ૨૦૨૫ને બુધવારના રોજ 'તાપી પ્રાગટ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજના એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ તાપી માતાના પ્રાગટ્ય વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. તેમજ તાપીના જળશુદ્ધિ માટે તેમજ તાપીના પાણીમાં થતું પ્રદૂષણ અટકાવવા માટે વિદ્યાર્થીઓ પાસે શપથ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. નિહારીકાબેન જોષી, પ્રા. પંકજભાઈ નાયકા અને કુલ ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

### ગુરૂપૂર્ણિમાં અને NSS પ્રોગ્રામ ઓરિએન્ટેશન કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા.૧૦/૭/૨૦૨૫ને ગુરુવારના રોજ 'ગુરૂપૂર્ણિમા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓરીએન્ટેશન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને અમરોલી કૉલેજ ગીતથી કરી હતી. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રાધ્યાપકોનું પૂજન કરી પ્રાધ્યાપક મિત્રોનું પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું હતું. ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના ગુરૂપૂર્ણિમાનું મહત્ત્વ વિષે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. શ્રી ડૉ. પ્રદીપકુમાર લેન્કાએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને NSS સાથે NSSની પ્રવૃત્તિ અને કાર્યક્ષેત્ર વિષે અવગત કરાવ્યા હતા. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસના પ્રોગ્રામ ઓફિસર પ્રા.વિજયભાઈ ચૌધરીએ કર્યું હતું. પ્રા. નિહારીકાબેન જોષી, પ્રા.પંકજભાઈ નાયકા અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

### વિશ્વ વસ્તી દિનની



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના એન.એસ.એસ. યુનિટ અને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૧/૦૭/૨૦૨૫ના રોજ 'વિશ્વ વસ્તી દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને અમરોલી કૉલેજ ગીતથી કરી હતી. જેમાં પ્રા. કનુભાઈ સુતરીયા અને પ્રા. છાયાબેન નાયકે વર્ગમાં વિશ્વની વધતી જતી વસ્તીને કારણે સર્જાતી સમસ્યાઓ, વસ્તીની સ્થિતિ, માનવ જીવન, વ્યાપાર, રોજગાર પર થતી અસરો વિશે વિસ્તારથી માહિતી આપી હતી. કાર્યક્રમમાં NSSના પ્રોગ્રામ ઓફિસર્સ, પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી, અને પ્રા. પંકજભાઈ નાયકા સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સાંસ્કૃતિક ઇનામ વિતરણ કાર્યક્રમ



તા. ૧૬/૦૭/૨૦૨૫ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના

માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક ઇનામ વિતરણ સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ શાહ તેમજ અતિથિ વિશેષ તરીકે માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, આચાર્યશ્રી મુકેશભાઈ ગોયાણી, આચાર્યશ્રી કેયુરભાઈ શર્મા, આચાર્યશ્રી દિલીપભાઈ પરમાર વિદ્યાર્થીઓ અને એમના વાલીશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ઇનામ વિતરણ સમારોહની શુભ શરૂઆત અમરોલી કૉલેજના ગીતથી તેમજ ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. શાહ નુપુરે અને હેપ્પી પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ સમારોહમાં ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનો શબ્દ દ્વારા આવકાર આપ્યો હતો અને પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. પ્રાધ્યાપક ડૉ. રાજેશકુમાર ડી. રાણા મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ સંસ્કૃતિક સફળતા મેળવવા બદલ કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા તથા ભવિષ્યમાં એક સારા નાગરિક બનવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું. સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં કુલ ૨૦૬ વિદ્યાર્થીઓએ ઇનામો આપ્યા હતા. જેમાં યુકવ મહોત્સવમાં ૭૨ જેટલા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવ્યા હતા. ૯૮ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ આંતર વર્ગીય સ્પર્ધામાં વિજેતા હતા તથા ૩૬ જેટલા વિદ્યાર્થીઓ વિવિધ આંતર કૉલેજ સ્પર્ધામાં વિજયી હતા. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ દ્વારા તેમજ શિલ્ડ વિતરણ સંચાલન શ્રી કિશોરભાઈ સોલંકી, હિનાબેન પંચાલ, ઉપાસનાબેન હજીરાવાલા, પરમાર કીર્તિ, રાઠોડ વિરલે કર્યુ હતું તેમજ ઉદ્દ્ઘોષક તરીકેની સેવા પ્રા.ડૉ.ઝંખનાબેન પરમાર તથા પ્રા.ડૉ.રાજભાઈ ડુમસીયાએ બજાવી હતી અને આભાર વિધિ પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે કરી હતી. ઇનામોની જાહેરાત પ્રા. ભરતભાઈ એન. પટેલ, પ્રા. જે.બી.ચૌધરી, પ્રા. છાયાબેન યુ. નાયક, પ્રા. વિજયભાઈ એમ ચૌધરી, પ્રા. નરેન્દ્રભાઈ બી. બારીયા, પ્રા. નેહાબેન વી. ઉપાધ્યાયએ કરી હતી. કાર્યક્રમને અંતે પ્રા. ડૉ. રુસ્તમ સદરી દ્વારા રાષ્ટ્રગાન કરાવવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું.

## NSS અને NCC ઇનામ વિતરણ કાર્યક્રમ

તા. ૧૯–૦૭–૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. અને એન.સી.સી.નો ઇનામ વિતરણ સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના એન.એસ.એસ. વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. શ્રીધરભાઈ નીમાવત, પોલીસ સબ ઇન્સ્પેક્ટર અમરોલી વિભાગના આર.આર.જોગરાણા તેમજ અતિથિ વિશેષ તરીકે જ્યોત ટ્રસ્ટ જીવનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ગીરીધર ગોપાલજી મુંદ્રાજી, માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ (વલસાડ) પ્રિયાબેન આહીર, અમરોલી પોલીસ સ્ટેશનમાંથી શૈલેશભાઈ, આચાર્યશ્રી મુકેશભાઈ ગોયાણી, વિદ્યાર્થીઓ અને એમના વાલીશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓનો ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ઇનામ વિતરણ સમારોહની શુભ શરૂઆત અમરોલી કૉલેજનાં ગીતથી તેમજ ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. શાહ નુપુરુ પ્રાર્થનાથી કરી હતી. અને એફ.વાય.બી.કોમના વિદ્યાર્થી ભરદવા ઝીલએ વાંસળીના મધુર નાદ સાથે ઇશ્વરની આરાધના કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ સમારોહમાં ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનો શબ્દ દ્વારા આવકાર આપ્યો હતો અને પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. અને પ્રાધ્યાપક નરેન્દ્રભાઈ બી. બારિયાએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ એન.એસ.એસ. અને એન.સી.સી.માં સફળતા મેળવવા બદલ કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા તથા ભવિષ્યમાં એક સારા નાગરિક બનવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું.

NSS અને NCCની પ્રવૃત્તિમાં કુલ ૮૩ વિદ્યાર્થીઓએ ઈનામો મેળવ્યા હતા. જેમાં એન.એસ.એસ.ના ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ ઇનામ મેળવ્યા હતા અને એન.સી.સી.માં કુલ ૬૧ જેટલા વિદ્યાર્થીનીઓએ ઇનામ મેળવ્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ દ્વારા તેમજ શિલ્ડ વિતરણ સંચાલન શ્રી કિશોરભાઈ સોલંકી, હિનાબેન પંચાલ, ઉપાસનાબેન હજીરાવાલા, પરમાર કીર્તિ, રાઠોડ વિરલે કર્યુ હતું. તેમજ ઉદ્દ્ઘોષક તરીકેની સેવા પ્રા.ડૉ. ઝંખનાબેન પરમાર તથા પ્રા.ડૉ.રાજભાઈ ડુમસીયાએ બજાવી હતી અને આભાર વિધિ પ્રા. ડૉ. ચિરાગ કે સિદ્ધપુરીયાએ કરી હતી. ઇનામોની જાહેરાત પ્રા. તરુણા મોદી, પ્રા. જે.બી.ચૌધરીએ કરી હતી. કાર્યક્રમને અંતે પ્રા. ડૉ.ચિરાગ કે સિધ્ધપુરીયા દ્વારા રાષ્ટ્રગાન કરાવવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર પ્રા. જીતેન્દ્ર બી.ચૌધરી, પ્રા. વિજયભાઈ એમ. ચૌધરી, પ્રા. નિહારીકાબેન. એચ જોષી, પ્રા. ડૉ. મયંકભાઈ વી. સોઢા, પંકજભાઈ એમ. નાયકા તેમજ એન.સી.સી. કેર ટેકર ઓફિસર ડૉ. સોનલબેન જરીવાલા દ્વારા કરવામાં આવ્યું હતું.



## સમર્પણ આંતર કૉલેજ પ્રાર્થના સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા.૩૦/૦૭/૨૦૨૫ને બુધવારના રોજ ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સમર્પણ આંતર કૉલેજ પ્રાર્થના સ્પર્ધાનું' આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે બ્રહ્મકુમારી કેન્દ્રમાંથી કવિતા દીદીજી હાજર રહી સ્પર્ધાની શુભ શરૂઆત F.Y.B.Com.ની વિદ્યાર્થીની કુ. ઘેરવાળા ખુશ્બુએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૩૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. શિવાની રાજપૂત અને પ્રા. રુદ્રનાથ ડી. ઝા સાહેબે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. હેપ્પી જે. પ્રજાપતિ, દ્વિતીય ક્રમે વિવેકાનંદ કૉલેજનો વિદ્યાર્થી વિશાલ આર. જાદવ, અને તૃતીય ક્રમે સી.કે.પીઠાવાલા કૉલેજનો વિદ્યાર્થી નેવિલ દેવારકાર અને જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. મહેંદી મિશ્રા વિજેતા જાહેર થયા હતા.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન ઇવેન્ટ મેનેજમેન્ટ કોર્ષની વિદ્યાર્થીની પઢીયાર પ્રિયા અને જોટાણીયા ગ્રીષ્મા, શર્મા હીર, સાહુ સોનિયા અને સોલંકી કાજલ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. ડૉ. સ્વાતી આર. જોષી દ્વારા કરવામાં આવી હતી.

## શ્રી રવિશંકર રાવળ આંતર શાળા ચિત્ર સ્પર્ધાનું આયોજન



તા. ૨૮/૦૭/૨૦૨૫ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'શ્રી રવિશંકર રાવળ આંતર શાળા ચિત્ર સ્પર્ધા' (માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક ધોરણ–૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે)નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે વિવેકાનંદ કેન્દ્રના શ્રી કૌશિકબેન હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીનીઓ કુ.નુપૂર શાહ, સોલંકી વિશાખા, જીશવવા શિલ્પાએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. નિર્ણાયકોનો પરિચય પ્રા. કનુભાઈ જી પટેલે તથા મહેમાનો પરિચય પ્રા. તરુણાબેન મોદી અને પ્રા. ભરતભાઈ એન. પટેલે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે સધ્યારો ઈંગ્લીશ મિડીયમ હાઈસ્કૂલની વિદ્યાર્થીની કુ.જેના ગાયત્રી રાજેન્દ્ર, દ્વિતીય ક્રમે સરદાર પટેલ વિદ્યાસંકુલનો વિદ્યાર્થી પાલ સતેન્દ્ર ડી. તેમજ તૃતીય ક્રમે સંસ્કારદીપ સ્કુલનો વિદ્યાર્થી હીરપરા શાન રજનીભાઈ અને મકવાણા ધાર્મીને આશ્વાસન ઇનામ તરીકે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જીજ્ઞેશભાઈ ઝરીવાલા અને શ્રી ચરણજીતસિંહ હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. તરુણાબેન મોદીના માર્ગદર્શન હેઠળ ટી.વાય.બી.કોમ. (S.F.I.)ની વિદ્યાર્થીનીઓ મેઘા પીપલિયા, હર્નીષા પીપલિયા, મિતાલી સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આભારવિધિ પ્રા. તરુણાબેન મોદી દ્વારા કરવામાં આવી હતી.

## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### પુસ્તક પરિચય શ્રેણી–૧નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર

એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા.૦૩/૦૭/૨૦૨૫ના રોજ પુસ્તક પરિચય શ્રેણી–૧નું આયોજન કરાયું હતું. જેમાં બી.સી.એ. વિભાગની વિદ્યાર્થીનીઓ (૧) આંબલીયા હાર્દી – 'એટોમિક હેબિટ્સ' અને (૨) વેકરીયા હેની – 'પાવર ઓફ સબકોન્સીઅસ માઈન્ડ' એ તેમણે વાંચેલ પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યોશ્રી ડૉ. સોનલ ભારતી, પ્રા. ડૉ. હેમાદ્રિ ટીકાવાળા અને પ્રા. માનસી શાહ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઇનામ વિતરણ કાર્યક્રમ




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં ટી.વાય.બી.કોમ, ટી.વાય.બી.બી.એ., ટી.વાય.બી.સી.એ., ટી.વાય. બી.સી.એ. (વિન્ટર)માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર તેમજ વિશ્વવિદ્યાલય કક્ષાએ વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ કૉલેજના કેમ્પસમાં તા. ૪/૭/૨૦૨૫નાં રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પ્રો. ડૉ. રાજેન્દ્ર બી. પટેલ (Professor and Head, Department of Education, VNSGU, Surat) જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ અને ગિરધર ગોપાલ મુન્દ્રા, માનદ્ મંત્રીશ્રી અશ્વિન પટેલ અને અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી કાંતિલાલ શાહ, અમરોલી કૉલેજના ડૉ. સેજલબેન દેસાઈ, છાપરાભાઠા શાળાના આચાર્યશ્રી દિલીપભાઈ પરમાર, અંજલીબેન જાની હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો. ઇનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષિને ડૉ. રાજેન્દ્ર બી. પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ ૧૦૪ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ બી.કોમ., બી.સી.એ., બી.બી.એ., બી.એસસી. ડેટાનાં કૉ–ઓર્ડિનેટર તથા કૉલેજના અધ્યાપકો અને વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. વિશાલ પંડયા, ડૉ. તન્વી ભાલ્લા, ડૉ. વિશ્વનાથ બોરસે તેમજ આભારવિધી ડૉ. સ્વાતી મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

## 'ત્રિવેણી (મહેંદી, નેઈલ આર્ટ અને ટેટુ મેકિંગ સ્પર્ધા)



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા.૦૭/૦૭/૨૦૨૫ના રોજ ત્રિવેણી સ્પર્ધા–મહેંદી, નેઈલ આર્ટ અને ટેટુ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેંદી સ્પર્ધામાં કુલ ૧૦૩ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં તરસરીયા હિરલ, નાયાની તૃષા (બી.બી.એ.), રાવત હેતસ્વી (બી.કોમ.) અને નાકરાની રુચિતા, ગઢીયા ઋત્વી (બી.સી.એ)એ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જ્યારે નેઈલ આર્ટ સ્પર્ધામાં કુલ ૧૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં પટેલ હની અને ગઢીયા તનિષાએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત ટેટુ મેકિંગ સ્પર્ધામાં કુલ ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં દૂધાત પ્રિયાંશી અને ગજેરા મૈસુરી એ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ તમામ સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગુરુપૂર્ણિમા ઉત્સવ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર

એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૧૦/૦૭/૨૦૨૫ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા 'ગુરુપૂર્ણિમા ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી દ્વારા વિદ્યાર્થીઓને ગુરુનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. "જ્ઞાન, ધ્યાન, ચેતના, સંસ્કાર, વિચાર, દેશ, વિશ્વ, વાતાવરણ, પ્રકૃતિ, ભકિત, મુકિત – આ તમામ બાબતોનું જ્ઞાન સદગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે." એવા સુંદર વિચારોથી ગુરુ–શિષ્ય વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કર્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા ગુરુજનો માટે ગુરુ મહિમાનું વકતવ્ય, ભજન, અને વિવિધ રમતોનું આયોજન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થીઓ ખૂબ જ ભાવવિભોર બન્યા હતા. જ્યારે બી.સી.એ. વિભાગમાં દરેક વિદ્યાર્થી ગુરુનું મહત્ત્વ સમજી શકે તે માટે ગુરુપૂર્ણિમાની ઉજવણી વર્ગવાર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા તમામ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. 'ગુરુપૂર્ણિમા ઉત્સવ' કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને સંસ્કૃતિક કમિટીના પ્રતિનિધિ ડૉ. હિરલ પટેલના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમિટીના સભ્યો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એન.સી.સી. ગર્લ્સ રેન્કર્સ અને શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ કૉલેજ કેમ્પસમાં તા. ૧૧–૦૭–૨૦૨૫ના રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી અનુપમસિંહ ગેહલૌત, IPS (કમીશ્નર ઓફ પોલીસ, સુરત શહેર), જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ અને ગિરધર ગોપાલ મુન્દ્રા, માનદ્ મંત્રીશ્રી અશ્વિન પટેલ અને અનુજભાળ શાહ, ટ્રસ્ટીશ્રી કાંતિલાલ શાહ, છાપરાભાઠા શાળાના આચાર્યશ્રી દિલીપભાઈ પરમાર, શ્રીમતી અંજલીબેન જાની, શ્રી કેયુર શર્મા તેમજ અમરોલી વિસ્તારના પી.આઈ. અને અન્ય પોલીસ સ્ટાફ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ. આર. ગોયાણીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો. ઇનામ વિતરણ કાર્યક્રમને ઉપલીક્ષીને શ્રી અનુપમસિંહ ગહલૌતએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. કૉલેજની એન.સી.સી.ની વિદ્યાર્થીની (ગર્લ્સ) ઓને રેન્ક તેમજ એન.સી.સી. બી.અને સી. સર્ટીફિકેટ તેમજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ બી.કોમ, બી.બી.એ, બી.સી.એ.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી ધોરણ–૧૨ માં ઉચ્ચ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ વિશ્વવિદ્યાલય કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જે પૈકી ૧૫૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ આપી અને ૬૦ જેટલા એન.સી.સી. કેડેડ્સને સિનીયર, જુનીયર બેચ આપી પ્રોત્સાહિત કર્યા હતા. બી.કોમ, બી.સી.એ. બી.બી.એ., બી.એસ.સી. ડેટા સાયન્સના કૉ–ઓર્ડિનેટરશ્રીઓ તથા કૉલેજના અધ્યાપકો અને વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. ટ્વિન્કલ પંચાલ અને પ્રા. રાકેશ પટેલ, એન.સી.સી. ઓફીસર સીટીઓ ડૉ. અનિલા પિલ્લાઈ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## સેમીકોન ઈન્ડિયા સેમિનારનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમા તા. ૧૨/૦૭/૨૦૨૫ને શુક્રવારના રોજ સેમીકોન ઇન્ડિયા સેમિનારનું આયોજન કૉલેજ અને Quad Quantum Pvt. Ltdના સંયુકત ઉપક્રમે થયું હતું. કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે શ્રી રાજેશભાઈ રાજપરા (In Charge, University Telecommunication & Automation Center, S. P. University) પ્રો. કે.ડી. પટેલ (Coordinator Semiconductor Science & Technology Program, S. P. University) તેમજ Quad Quantum Pvt. Ltd.ના ડૉ. જીવરાજભાઈ ડાંખરા, શ્રી સુરેશભાઈ બલર અને પીયુષભાઈ પટેલ શ્રી ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રાજેશભાઈ રાજપરા અને પ્રો. કે.ડી.પટેલ સેમીકોન ઇન્ડિયાનું સમજ આપી હતી. જીવનજ્યોત ટ્રસ્ટનાં

ઉપપ્રમુખશ્રી ગિરધર ગોપાલ મુન્દ્રા અને માનદ્ મંત્રીશ્રી અશ્વિન પટેલ આ કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ પ્રોગ્રામ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. વિરલ પોલીસવાલા, પ્રા. હિતેશ પટેલ તેમજ પ્રા. રાકેશ પટેલ દ્વારા સેમીકોન ઇન્ડિયાનું સંચાલન કરવામાં આવ્યું.

## ડૉ. સોયેબ મહંમદ રફીક જિંદાણી (મેમણ)




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં સુરતના મૅનેજમૅન્ટ વિષયનાં વ્યાખ્યાતા ડૉ. સોયેબ મહંમદ રફીક જિંદાણી (મેમણ)ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવસિટી સુરત તરફથી એમણે રજૂ કરેલ "Assessment of E-Governance Services Provided by Surat Municipal Corporation" વિષય પર મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પ્રોફેસર ડૉ. ધવલ મહેતાના માર્ગદર્શન હેઠળ મેનેજમેન્ટ વિષયમાં કરેલ છે. તેમની સિદ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી, તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવનજ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## એન.એસ.એસ. ઓરીએન્ટેશન પ્રોગ્રામ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૫–૨૬નો એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર તરીકે કાર્યરત), NSS ઓફિસર ધારૂકાવાલા મહિલા આર્ટસ કૉલેજ, સુરતએ એન.એસ.એસ.નું મહત્ત્વ, શા માટે એન.એસ.એસ. પ્રવૃત્તિમાં જોડાવું અને વિદ્યાર્થીઓને કયા ફાયદા અને પુરસ્કાર મળી શકે તેના વિશે વિસ્તૃત સમજ આપી. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને કયા ફાયદા અને પુરસ્કાર મળી શકે તેના વિશે વિસ્તૃત સમજ આપી. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને NSSમાં જોડાવાના હેતુસર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. જ્યોતિકા ટેલર તથા ડૉ. પ્રદીપ કુમાર લેનકા દ્વારા થયું હતું. પ્રોગ્રામમાં કુલ ૨૨૮ પ્રથમ વર્ષના BBA, BCA તથા BCOMના વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. વિદ્યાર્થીઓમાંથી ૪ સ્વયંમ સેવક ભાઈ અને બહેનને NSS સ્કાફ પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા. પ્રોગ્રામનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. જ્યોતિકા ટેલર અને ડૉ. પ્રદીપકુમાર લેન્કા દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

## પુસ્તક પરિચય શ્રેણી–૨નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૭/૭/૨૦૨૫ના રોજ પુસ્તક પરિચય શ્રેણી–૨નું આયોજન કરાયું હતું. જેમાં બી.કોમ. વિભાગના ૩ વિદ્યાર્થીઓ (૧) દિવ્યા તરસરિયા – 'ભગવદ્ ગીતા' (૨) બલદાનીયા દર્શન – 'વિદેશ યાત્રાના પ્રેરક પ્રસંગો' અને (૩) કુંજડિયા શુભમ – 'વિષ્ણુ પુરાણ'એ તેમણે વાંચેલ પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યોશ્રી ડૉ. સોનલ ભારતી, પ્રા. ડૉ. હેમાદ્રિ ટીકાવાળા અને પ્રા. માનસી શાહ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## Rhythm & Raga 2025 અંતર્ગત Solo Singing, Solo Dancing અને Group Dance સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ

કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૪/૭/૨૦૨૫ના રોજ Rhythm & Raga 2025 અંતર્ગત Solo Singing, Solo Dancing અને Group Dance સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Solo Singingમાં કુલ ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આસ્થા વઘાસીયાએ પ્રથમક્રમ, ધ્વનિ પાઠકે દ્વિતીય ક્રમ અને મહિમા નિશાદે તૃતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે Solo Dancingમાં કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં હિત ગઢેચાએ પ્રથમ ક્રમ, જાનવી જૈને દ્વિતીય ક્રમ અને કૃતિ જોષીએ તૃતીય ક્રમ મેળવ્યો હતો અને Group Danceમાં ૬ ટીમે ભાગ લીધો હતો. જેમાં સિદ્ધાર્થ પટેલ, અભિષેક પ્રજાપતિ, કાર્તિક સોન્ડાગરના ગ્રુપએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો, તીર્થ કાછડીયા અને સુહાની ઉનાગર ગ્રુપએ દ્વિતીય ક્રમ અને આયુષી શાહ અને બંસી સાંગાણી ગ્રૂપએ તૃતીય ક્રમ મેળવ્યો હતો. આ તમામ સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું.



## ઇનામ વિતરણ કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કાર્યક્રમ કૉલેજ કેમ્પસમાં તા. ૨૫–૦૭–૨૦૨૫ના રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી ધીરજલાલ કોટડીયા (સહજાનંદ મેડીકલ ટેક્નોલોજીસ) અને ડૉ. કિશોરસિંહ એન. ચાવડા (કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ અને ગિરધર ગોપાલ મુન્દ્રા અને માનદ્ મંત્રીશ્રી અશ્વિન પટેલ અને અનુજભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી કાંતિલાલ શાહ, જે. ઝેડ.શાહ. કૉલેજના આચાર્ય ડૉ. સેજલબેન દેસાઈ, છાપરાભાઠા શાળાના આચાર્યશ્રી દિલીપભાઈ પરમાર, શ્રીમતી અંજલીબેન જાની હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો. ઇનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને શ્રી ધીરજલાલ કોટડીયા અને ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. બી.કોમ, બી.સી.એ. બી.એસ. (ડેટા સાઈન્સ) માં પ્રવેશ મેળવનાર પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ પૈકી ધોરણ–૧૨માં ઉચ્ચ ગુણ મેળવનારના વિદ્યાર્થીઓ તેમજ બીજા વર્ષમાં વિશ્વવિદ્યાલય કક્ષાએ પ્રથમ આવનાર, શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરનાર ૧૩૦ વિદ્યાર્થીઓ, આંતર વિશ્વવિદ્યાલય બોક્ષિંગ, વેઇટલીફટીંગ, કબડ્ડીના ખેલાડીઓ અને આંતર કૉલેજ વોલીબોલ રનર્સઅપ ટીમ, રોલબોલમાં નેશનલ લેવલ પર મેડલ મેળવનાર વિદ્યાર્થીઓ રાસીયા યશ અને નાકરાણી કાવ્યા તેમજ નેટ/સેટ પરીક્ષા પાસ અને પી.એચ.ડી. પદવી હાંસલ કરનાર શૈક્ષણિક સ્ટાફનું સન્માન કરવામાં આવ્યું હતું. બી.કોમ.,બી.બી.એ., બી.સી.એ., બી.એસ.સી. ડેટા સાયન્સ, બી.સી.એ વિન્ટર, બી.કોમ. ડેટા સાયન્સ, એમ.એસ.સી. આઈ.ટી. અને એમ.કોમ.ના કૉ–ઓર્ડિનેટરશ્રીઓ તથા કૉલેજના અધ્યાપકો અને વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. કૃપાલી પટેલ, ડૉ. સોયેબ મહંમદ રફીક જિંદાણી અને પ્રા. જ્યોતિકા ટેલર દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.



## Anti-Ragging & Cyber Crime Awareness: સેમિનાર



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કાર્યક્રમ કૉલેજ કેમ્પસમાં તા. ૨૬–૦૭–૨૦૨૫ના

રોજ એન્ટી–રેગિંગ કાયદા અને સાઈબર ક્રાઈમ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કરેલ હતું. કાર્યક્રમનાં મુખ્ય અતિથિ તરીકે શ્રી ડી.આર.જોષી (Senior Civil Judge & Full Time Secretary of Distict Legal Service Authority, Surat), એડવોકેટ વિમલ બી. પાનવાળા (Deputy Chief Legal Aid Defence Council, Surat), એડવોકેટ હેતા જે. દેસાઈ (Assistant Legal Aid Defence Council, Surat) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૩૦૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિએ વિદ્યાર્થીઓને કાયદાકીય જાગૃતિ ફેલાવવા અને તેમનું સુરક્ષા જાળવવા માટે રેગિંગ અને સાઈબર ક્રાઈમ જેવા ગંભીર વિષય પર માહિતગાર કાર્ય. તેમણે સેમિનારમાં સમજાવ્યું કે યુજીસીના નિયમો તથા ભારતીય દંડ સહિતની લાગુ પડતી જોગવાઈઓ મુજબ એન્ટી–રેગિંગ કાયદાની વિસ્તૃત સમજ આપી. રેગિંગ સામે શૂન્ય સહનશીલતાની નીતિ પર ભાર મૂકતાં તેમણે વિદ્યાર્થીઓને ચેતવ્યા કે રેગિંગમાં સંડોવાયેલા હોવાની સ્થિતિમાં કાનૂની રીતે કેટલાં ગંભીર પરિણામો આવી શકે છે અને આજના સમયમાં ઇન્ટરનેટના વ્યાપ સાથે સર્જાતા સાઈબર જોખમોથી કઈ રીતે સાચવવું. તે ઉપરાંત સેમિનાર દરમિયાન સાઈબર ક્રાઈમના વિવિધ પાસાઓ જેવી કે ઓળખ ચોરી, ઓનલાઈન છેતરપિંડી, નાણાકીય ઠગાઈ, ફિશિંગ હુમલા તથા વ્યક્તિગત માહિતીના દુરુપયોગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. પોલીસ અથવા સરકારી પોર્ટલ્સ પર ફરિયાદ કેવી રીતે કરવી તે વિષે માર્ગદર્શન આપ્યું. આચાર્યશ્રી ડૉ.મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર, ડૉ. નિલેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે આમંત્રીત મહેમાનોનો, તેમજ હાજર તમામ સ્ટાફ, તેમજ હાજર તમામ વિદ્યાર્થીઓનો આભારમાની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## પુસ્તક પરિચય શ્રેણી–૩નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૪/૭/૨૦૨૫નાં રોજ પુસ્તક પરિચય શ્રેણી–૩ નું આયોજન કરાયું હતું. જેમાં બી.બી.એ. વિભાગનાં ૪ વિદ્યાર્થીઓ (૧) પ્રેક્ષા ઉમેશ વાડનેરે – 'ધ ડાયરી ઓફ એ યંગ ગર્લ –એની ફ્રેન્ક' (૨) ભાલોડિયા હસ્તી આયુશભાઈ – 'ઍટિટ્યુડ ઓફ એવરીથીંગ – જેફ કેલર' (૩) પુનમ મનુભાઈ હડિયા – 'ડુ ઈટ નાઉ – નોર્મન વિન્સેન્ટ પીલે' અને (૪) ભવ્યા લાક્કડ – 'ઇકિગાઈ–હેક્ટર ગાર્સીયા'એ તેમણે વાંચેલ પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતા. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યો દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સ્ટાર્ટઅપની સંવેદનશીલતા, SSIP & Innovation Cellની જાગૃતિ પર સેમિનાર



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૭/૭/૨૦૨૫ના રોજ સ્ટાર્ટઅપ અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP) સંવેદના પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય વકતા તરીકે શ્રી કલસરિયા મયુર (Incubation Manager, ASHINE, SVNIT) હાજર રહ્યા હતા. તેમણે સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અને SSIP વિષય પર માર્ગદર્શન આપ્યું હતું અને વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. આ ઉપરાંત, તેમણે સરકાર દ્વારા આપવામાં આવતી ગ્રાન્ટ અને લોનને લગતી વિવિધ સહાય યોજનાઓ અંગે મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. સેમિનારમાં બી.બી.એ. અને બી.સી.એ.ના કુલ ૧૧૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને તેમને સ્ટાર્ટઅપ ઉમેદવાર માટે નવી તકો વિશે તૈયાર કર્યા. આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા અને ડૉ. નિલેશ પટેલ તેમજ SSIP અને ICC સેલ હેઠળ સેમિનારનું આયોજન ડૉ. સોહેબ મેમણ, ડૉ. પ્રીતિ ટેલર, પ્રા. રાકેશભાઈ પટેલ અને ડૉ. મોહમ્મદઅલી મોમીન, પ્રા. હિતેશ પટેલ દ્વારા કર્યુ હતું.

## અંતાક્ષરી સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં અંતાક્ષરી સ્પર્ધાનું

ભવ્ય અને અત્યંત સુરમય આયોજન તા. ૨૯/૦૭/૨૦૨૫નાં રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને તેમની ગાયન કળાને વિકસાવવા અને પ્રદર્શિત કરવાની તક પૂરી પાડવાનો હતો. આ દિવ્ય સંગમમાં દર્શકોને ભકિત, લોક–ગીત, બોલીવુડ ગીતનો અદ્દ્ભૂત સમન્વય જોવા મળ્યો હતો. દરેક રજૂઆત એક અલગ જ કલાત્મક અનુભવ કરાવનાર હતી. આ સ્પર્ધામાં બી.બી.એ. પ્રવાહમાંથી કુલ ૨૨ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જે વિદ્યાર્થીઓના સંગીત એ સહયોગ પ્રત્યેના પ્રેમને દર્શાવે છે. સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓની કળા, ટીમવર્ક અને કૌશલ્યને વિકસાવવાનો હતો. સ્પર્ધાનાં પરિણામ સ્વરૂપે પ્રથમ ક્રમે હસ્તી ભાલોડિયા અને ભાલુ શ્રદ્ધા, બીજા ક્રમે પ્રગતિ ડોડીયા અને પ્રકૃતિ કથીરિયા, ત્રીજા ક્રમે ટાંક રોશની અને આંસી સપરીયાએ પ્રાપ્ત કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવો અને વિદ્યાથીઓએ વિજેતા ટીમોને અભિનંદન પાઠવ્યા હતા અને તેમની સંગીતમય પ્રતિભાને બિરદાવી હતી. આ પ્રકારની સ્પર્ધાઓ વિદ્યાર્થીઓમાં સંગીત કલાને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ટીમવ વર્ક અને તણાવમુકિત માટે પણ મદદરૂપ થાય છે. અત્યંત સુરમય સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીનાં નેતૃત્વમાં અને બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા, ડૉ. નિલેશ પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક ડૉ. સુધાધારા સામલ દ્વારા કરવામાં આવ્યું હતું.



## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### 'મહેંદી' સ્પર્ધા

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં 'મહેંદી' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સુંદર આકર્ષક મહેંદી પાડી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. પાયલબેન કેવત અને શીતલબેન ટંડેલે કર્યું હતું તથા નિર્ણાયક તરીકે પ્રા. દિપિકાબેન લાડ અને પ્રા. દિવ્યાબેન કશ્યપે સેવા આપી હતી. આ સ્પર્ધામાં ભંડારી ટીશા એફ.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) પ્રથમ ક્રમે, પટેલ વૈભવી ટી.વાય.બી.કોમ. બીજા ક્રમે, સપારીયા વિધિ ટી.વાય.બી.કોમ.નો ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના તમામ સભ્યોએ ફાળો આપ્યો હતો.



### આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ–૨૦૨૫ની ઉજવણી

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરા દ્વારા તા. ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ 'આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ–૨૦૨૫' નિમિત્તે વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સહકારની ભાવના વિકસે, સહકારી સંસ્થાઓના કાર્ય વિશે જાગૃતિ ફેલાય અને યુવાનો સહકાર ક્ષેત્રે સહભાગી બને એ મુખ્ય હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે વલસાડ સહકારી સંઘના સહકારી શિક્ષણક્ષેત્રના માર્ગદર્શક શ્રી રાજેશભાઈ વાઘુલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સહકારિતાના ઐતિહાસિક વિકાસ, સમાજ અને અર્થતંત્રમાં તેના યોગદાન તેમજ યુવાનોના સક્રિય સહભાગીદારી અંગે પ્રેરણાદાયી વિમર્શ કર્યો. તેમના વિચારો દ્વારા વિદ્યાર્થીઓને નવું દિશાદર્શન પ્રાપ્ત થયું. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન એન.એસ.એસ.વિભાગના પ્રોગ્રામ ઓફિસર પૂજા વાઘેલા અને ડૉ. ભાવેશ પચ્ચીગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સફળતા માટે ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલ એસ. વસાવા મેડમનો માર્ગદર્શનપૂર્ણ સહયોગ તથા કૉલેજના તમામ શિક્ષકગણનો ઉત્સાહપુર્વકનો સહકાર નોંધપાત્ર રહ્યો.




### 'ગુરુપૂર્ણિમાં ઉત્સવ' અને પ્રવેશોત્સવ કાર્યક્રમ'

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા દ્વારા તારીખ ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ ગુરુપૂર્ણિમાના પાવન અવસરે 'ગુરુપૂર્ણિમાં

ઉત્સવ' તથા 'પ્રવેશોત્સવ કાર્યક્રમ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સંસ્કાર અને આદરની ભાવનાનો વિકાસ થાય તેમજ કૉલેજ જીવન વિશે માહિતી મળે તે માટે આ સંયુકત કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત વેદમંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી, ત્યારબાદ દીપ પ્રગટ કરી ગુરુપૂર્ણિમાનું મહત્વ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલ એસ. વસાવા દ્વારા વર્ણવાયું હતું. તેમણે જણાવ્યું કે ગુરુ કોઈ માત્ર શિક્ષણ આપનાર નથી, પણ જીવનની દિશા દર્શાવનાર પણ છે. ત્યારબાદ ઓરિએન્ટેશન કાર્યક્રમ હેઠળ કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, NSS, NCC, સ્પોર્ટ્સ જેવી ઇતરપ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે શિક્ષકો દ્વારા પણ પોતાના મંતવ્યો રજૂ કરાયા હતા. અંતે વિદ્યાર્થીઓએ પોતાની ભાવનાઓ વ્યક્ત કરી અને ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રાધ્યાપક ડૉ. ભાવેશ એ. પચ્ચીગર અને પ્રાધ્યાપક હરમિતસિંગ સરદાર દ્વારા કરવામાં આવ્યું હતું. આવા પાવન અવસરે વિદ્યાર્થીઓમાં નવા ઉત્સાહ અને સમર્પણની ભાવનાનો સંચાર થયો હતો.



## વિશ્વ યુવા કૌશલ્ય દિવસની ઉજવણી




બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા ખાતે તારીખ ૧૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ વિશ્વ યુવા કૌશલ્ય દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ યુવા કૌશલ્ય દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ યુવાનોમાં આધુનિક કૌશલ્યોની પ્રેરણા મળી રહે તથા ટૅક્નોલોજી સાથે સુસંગત સશકિતકરણ થઈ શકે તે રહ્યો હતો. તેથી આ પ્રસંગે વકતા તરીકે શ્રી દર્શન સોલંકીને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે "Awarness of AI for youth" વિષય પર વિઝનરી વ્યાખ્યાન આપ્યું હતું. તેમના ઉદ્દબોધનમાં યુવાનો માટે નવી ટૅક્નોલોજી, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા કૌશલ્ય વિકાસ અને કરિયરની તકો અંગે માહિતગાર કરવામાં આવ્યા. આ કાર્યક્રમનું સફળ આયોજન પ્રાધ્યાપક વર્ષા બી. રાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં એન.એસ.એસ. યુનિટ તથા એન.સી.સી. યુનિટના સક્રિય સહયોગ રક્ય સહયોગ રહ્યો હતો.

## નાણાકીય રોકાણ સભાનતા અંગેની જાગૃતિ અંગે સેમિનાર



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા મુકામે વિદ્યાર્થીઓમાં નાણાકીય રોકાણ સભાનતા અંગેની જાગૃતિનો કેળવાઈ તેવા હેતુથી, KCGના નેજા હેઠળ કૉલેજ તેમજ FMS ઍજ્યુકેશન ટેક.ની સભાગિતાથી તારીખ ૧૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ, સેમિનારનું આયોજન કરાયું હતું. ઇ.ચા.આચાર્ય ડૉ. સોનલબેન વસાવાના નેતૃત્વ હેઠળ કૉલેજની કેરિયર ગાઈડન્સ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં નિષ્ણાંત તરીકે ડૉ. મિતેઝ શેઠ કે જેમણે વિદ્યાર્થીઓને શરૂઆતના તબક્કામાં બચતનું મહત્વ, યોગ્ય રોકાણ માટેના વિવિધ વિકલ્પો અને બજારની પરિસ્થિતિ પ્રમાણે તેના લાભાલાભની ઊંડાણપૂર્વક સમજ આપી હતી. બે સત્રમાં યોજાયેલ આ કાર્યક્રમમાં લભભગ ૧૬૦ થી વધુ વિદ્યાર્થીઓએ માર્ગદર્શન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવેશ પચ્ચીગર તથા પ્રા. પાર્થ ઠક્કર દ્વારા કરાયું હતું. અંતે નિષ્ણાંત દ્વારા રોકાણ અંગે મૂઝવતા પ્રશ્નોનું સમાધાન કરી વિદ્યાર્થીઓના પ્રતિભાવ મેળવી કાર્યક્રમનું સમાપન થયું હતું.

## મને ગમતું પુસ્તક વાર્તાલાપ



બીલીમોરા ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે મને ગમતું પુસ્તક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

પુસ્તકોના સંગ એકલા માટે શ્રેષ્ઠ છે કે માણસના એકાંતનો એક માત્ર એ ઈષ્ટમિત્ર છે. વાંચન માનવીના સમગ્ર જીવનમાં પ્રેરણા, પ્રસન્નતા અને પ્રોત્સાહન પૂરા પાડે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને કૉલેજના એક અધ્યાપક દ્વારા ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કરાયા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. ડૉ. સોનલબેન એસ. વસાવાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય અને અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ પટેલે કરી હતી.

## કેરિયર ગાઈડન્સ સેમીનારનું આયોજન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરાનાં કેરિયર ગાઈડન્સ કમિટી હેઠળ વલસાડના જાણીતા એડ્વોકેટ શ્રી અલ્પ ઉપાધ્યાયનું કરવેરા અને કારકિર્દી વિષય પર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. વ્યાખ્યાતા એ સરળ શૈલીમાં વિષયની બૃહદ છણાવટ કરી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાએ કાર્યક્રમમાં હાજર રહી ઉપસ્થિત વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન એકાઉન્ટન્ટસી વિભાગના વડા પ્રા. વર્ષાબેન રાણાએ કર્યું હતું. પ્રા. પાર્થ ઠક્કરે આભાર વ્યકત કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.



## શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### વ્યાખ્યાન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા દ્વારા તા.૧૮/૦૭/૨૦૨૫ના રોજ KCG, અમદાવાદ દ્વારા ફાઇનાન્સ વિષયોના તજજ્ઞ તરીકે સમગ્ર ગુજરાતમાં સેવા આપતાં અને FMS Edutech સંસ્થાના ડાયરેકટર ડૉ. મિતેઝ શેઠશ્રીનું તજજ્ઞ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે ભગિની સંસ્થા કોમર્સ કૉલેજના ડૉ. પાર્થ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. તેઓનો આવકાર સ્વાગત અને પરિચય કૉલેજના IQAC કૉ–ઓર્ડિનેટર ડૉ. ગાયત્રીબેન પટેલે કર્યું હતું. તેઓનું કૉલેજે પુષ્પગુચ્છ અને પુસ્તક આપી આવકાર–સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. મિતેઝ શેઠે પોતાના વ્યાખ્યાનમાં નાણાં કેવી રીતે અને કઈ જગ્યાએ રોકવા, તાલીમાર્થીઓ કૉલેજ કરીને સર્વિસમાં જોડાય ત્યારે નાણાનું વ્યવસ્થાપન કેવી રીતે કરવું તે અંગે કમ્પ્યુટર આધારિત પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સમજ આપી હતી. કાર્યક્રમના અંતે તાલીમાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબો તેઓએ આપ્યા હતા. આ કાર્યક્રમને અંતે આભારવિધિ કૉલેજના પ્રા.ડૉ. કિરીટ ચૌહાણે કરી હતી. કાર્યક્રમ માટે પ્રેરણા અને માર્ગદર્શન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલે આપ્યું હતું. આ કાર્યક્રમમાં શૈક્ષણિક સ્ટાફની સાથે બિનશૈક્ષણિક સ્ટાફના તમામ કર્મચારીઓ હાજર રહ્યા હતા.




## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### મહેંદી હરિફાઈ સ્પર્ધા




તા. ૦૮/૦૭/૨૦૨૫ના રોજ નવયુગ કોમર્સ કૉલેજ સુરત ખાતે અલૂણાવ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૭ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા હતા. કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વિજેતા વિદ્યાર્થીનીઓને આચાર્યશ્રી અને પ્રોફેસરોના હસ્તે ઇનામ આપવામાં આવ્યા હતા. આ હરિફાઈમાં નિર્ણાયક તરીકે ડૉ. બિંદુબેન શાહ અને કુંજલબેન ભટ્ટે સેવા આપેલી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નયના સુરેજા દ્વારા કરવામાં આવ્યું હતું.

## અઠવાડીક યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન




નવયુગ કોમર્સ કૉલેજના એન.એસ.એસ. વિભાગ અને સુરત જિલ્લા સહકારી સંઘ, સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૪/૦૭/૨૦૨૫ થી ૧૯/૦૭/૨૦૨૫ દરમિયાન અઠવાડિક યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૪/૦૭/૨૦૨૫ના રોજ પ્રથમ દિવસે ઉદ્દઘાટન પ્રસંગે કૉલેજના આચાર્ય શ્રી ડૉ. વિનોદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમણે સહકારી પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ કઈ રીતે આગળ વધી શકે એની માહિતી આપી હતી. અતિથિ તરીકે ઉપસ્થિત પાર્વતીબેન પટેલ કે જેઓ ગુજરાત સ્ટેટ કૉર્પોરેટિવ યુનિયન અમદાવાદના લેડીઝ ટ્રેનર તરીકે કાર્યરત છે તેમણે અઠવાડિયા દરમિયાન યોજાનાર વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સહકારી પ્રવૃત્તિની શરૂઆત અને વિકાસ વિષે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા એમ ઝાડેશ્વરીયા, ડૉ. રૂપેશ દવે અને ડૉ. ધરીત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું.

## એન.એસ.એસ.યુનિટ દ્વારા સુમુલ ડેરીની મુલાકાત




સહકારી વર્ષની ઉજવણીના ભાગરૂપે પ્રિન્સિપલ ડૉ. વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ નવયુગ કોમર્સ કૉલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા સુમુલ ડેરીની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા અને ડૉ. રૂપેશ દવે દ્વારા કરવામાં આવ્યું હતું વિઝીટ દરમિયાન દૂધ, બટર, છાસ, ઘી, પનીર પ્રોડકશનના પ્લાન્ટની વિઝીટ કરવામાં આવી હતી. સિનિયર ઍક્ઝિક્યુટિવ ઑફિસરશ્રી મિલન દોડેએ સુમુલ ડેરીની કામગીરી વિશે ખૂબ સુંદર માહિતી પૂરી પાડી હતી તેમજ ઍક્ઝિક્યુટિવ ઑફિસર અજય વાઘમારે દ્વારા જુદા જુદા પ્લાન્ટ્સની મુલાકાત કરાવવામાં આવી હતી અને દરેક પ્લાન્ટમાં કેવી રીતે કામગીરી થાય છે તેની પણ ખૂબ સુંદર સમજણ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુંદર રહ્યો હતો. સુરત ડિસ્ટ્રિક્ટ કોપરેટીવ યુનિયન બારડોલીના લેડીઝ ટ્રેઈનર પાર્વતીબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓનું સુમુલ ડેરીમાં ઇલાયચી લસ્સી આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ: ૨૦૨૫ અંતર્ગત યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ




તારીખ ૧૪ થી ૧૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ સંયુકત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૫ ને "આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ" તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ અન્વયે, નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના એન.એસ.એસ.વિભાગ અને સુરત જિલ્લા સહકારી સંઘના સંયુકત ઉપક્રમે યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ દિવસે ઉદ્દઘાટન પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. વિનોદ પટેલે, વિદ્યાર્થીઓને સહકાર ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા આપી. મુખ્ય અતિથિ પાર્વતીબેન પટેલ, લેડીઝ ટ્રેનર, ગુજરાત સ્ટેટ કૉ–ઓપ. યુનિયન અમદાવાદ – તેમણે તાલીમ દરમિયાન થનારી પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી. બીજા દિવસે શ્રીમતી પૂર્વીબેન મહેતા, સોફ્ટ સ્કીલ ટ્રેનર – તેમણે "7 Habits of Highly Effective People" વિષય પર ઉપયોગી માહિતી આપી. ત્રીજા દિવસે શ્રી હિતેશભાઈ પટેલ, પ્રોજેક્ટ ઑફિસર, HIV/AIDS વિભાગ, સિવિલ હોસ્પિટલ, સુરત–તેમણે એચ.આઈ.વી./એઇડ્સ અંગે જાગૃતિ, નિદાન અને સારવાર વિશે જણાવ્યું. ચોથા દિવસે શ્રી દિલીપભાઈ દેસાઈ, નિવૃત્ત શિક્ષણ અધિકારી, ગુજરાત સ્ટેટ કૉ–ઓપરેટીવ યુનિયન, અમદાવાદ – તેમણે સરકારી સંસ્થાઓમાં નફાકારકતા કેવી રીતે વધારવી તે અંગે માર્ગદર્શન આપ્યું પાંચમા દિવસે, પાર્વતીબેન પટેલ, લેડીઝ ટ્રેનર, સુરત ડિસ્ટ્રિક્ટ કૉ–ઓપરેટીવ યુનિયન, બારડોલી – તેમણે વિવિધ સહકારી પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી. છઠ્ઠા દિવસે વિદ્યાર્થીઓએ સુમુલ ડેરી, સુરતની

મુલાકાત લીધી. અહી શ્રી મિલન દોડે, સિનિયર ઍક્ઝિક્યુટિવ ઑફિસર તથા શ્રી અજય વાગમારે, ઍક્ઝિક્યુટિવ ઑફિસર દ્વારા જુદા જુદા ઉત્પાદન પ્લાન્ટ્સની વિસ્તૃત માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને ઇલાયસી લસ્સી આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

### વૃક્ષારોપણ કાર્યક્રમ



તા. ૨૨/૦૭/૨૦૨૫ના રોજ પર્યાવરણ બચાવો અને ગ્રીન ભારત અંતર્ગત પ્રિન્સિપાલ ડૉ. વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ નવયુગ કોમર્સ કૉલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા કૉલેજના ગાર્ડનમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને જુદા જુદા પ્રકારના ૨૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા, ડૉ. રૂપેશ દવે અને ડૉ. ધરીત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ પ્રિન્સિપાલ ડૉ. વિનોદ પટેલ દ્વારા વધુને વધુ વૃક્ષો વાવવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Doctor’s Day Celebration




On 1st July 2025 C. N. Kothari Homoeopathic Medical College and Research Center celebrated Doctors' Day with great enthusiasm. The program commenced with deep pragatya and by offering flower to Maa Saraswati and Master Hahnemann. Principal Dr Jyoti Rao orated welcome speech. Senior doctors of college also shared their experiences regarding medical field.

The event aimed to honour the dedication, compassion, and selfless service of doctors who play a vital role in ensuring the health and well-being of society. Teaching staff and students from all years participated in this event. Hahnemannian oath taken by all doctors and students. All doctors from college and hospitals were Felicitated with gift.

This whole event was anchored by Dr Divya Gamit. Vote of thanks given by Dr Dixita Bhatt. The program concluded with refreshments for all doctors and committee members. The whole program was conducted by Dr Dhruni Gavli and team under guidance of Principal Dr Jyoti Rao.

### Guru Purnima Celebration - 2025



C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara celebrated "GURU PURNIMA" on 10th July 2025. Students and Teaching Staff Celebrated Guru Purnima by offering floral tribute to Maa Saraswati and Guru Dr. Hahnemann. Speech was delivered by Vishal Kalsariya and Kalpesh shah students of 4th year BHMS on “Importance of Guru”. Speech was also delivered by Principal Dr. Jyoti Rao, Dr. Bhavin Modi and other teaching faculties. Which followed by drama by 4th BHMS students.

The whole program was anchored by "Miss. Jeel Trivedi", student of 4th year BHMS. The students Felicitated all faculties with Flowers and with Cake Cutting. Whole programme was coordinated by 4th year BHMS Student and Activity Committee under the guidance of Principal Dr. Jyoti R. Rao.

## 'બોરિક રેપર્ટરી અને તેનું ક્લિનિકલ ઉપયોગ' વિષય પર એક દિવસીય સેમિનાર




સંસ્થાના ૨૫મા વર્ષના ઉજવણીના ભાગરૂપે, 'બોરિક રેપર્ટરી અને તેનો ક્લિનિકલ ઉપયોગ' વિષય પર એક સેમિનાર તારીખ ૨૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ દ્વારા આયોજવામાં આવ્યો હતો. સેમિનારમાં મુખ્ય વકતા તરીકે ડૉ. શ્રી રંગ વ્યાસ, એક પ્રખ્યાત હોમિયોપેથિક ફિઝિશયન અને શૈક્ષણિક કાર્યકર્તાની વિશિષ્ટ હાજરી રહી હતી.ડૉ. શ્રી રંગ વ્યાસે બોરિક રેપર્ટરીની વાસ્તવિક વ્યવહારમાં ઉપયોગિતા અંગે એક રસપ્રદ અને ગહન પ્રવચન આપ્યું. તેમણે વર્તમાન સમયની ક્લિનિકલ પ્રેક્ટિસમાં આ રેપર્ટરી કેવી રીતે સંક્ષિપ્ત અને અસરકારક રીતે ઉપયોગી બની શકે તે વિષે નોંધપાત્ર ટિપ્સ આપીને સમજાવ્યું. વિશિષ્ટ રીતે ઓછું પ્રીસ્ક્રાઈબ થતી દવાઓની પસંદગીમાં બોરિક રેપર્ટરી કેવી રીતે મદદરૂપ થાય તે અંગે તેમણે અનેક વાસ્તવિક કેસ ઉદાહરણો રજૂ કર્યા, જેના કારણે શ્રોતાગણ ખૂબ જ પ્રેરિત થયા અને રેપર્ટોરિયલ જ્ઞાનને આત્મવિશ્વાસપૂર્વક રોજિંદા પ્રેક્ટિસમાં વાપરવાની પ્રેરણા મેળવી. કૉલેજ અને HMAI વ્યારા યુનિટ તરફથી ડૉ. શ્રીરંગ વ્યાસને સ્વાગત અને યાદગીરીરૂપે પુષ્પગુચ્છ અને સ્મૃતિ ચિન્હ ભેટ આપવામાં આવ્યા.સેમિનારનો અંત પ્રશ્નોતર સત્ર સાથે થયો જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પુછયા અને ડૉ. વ્યાસના અનુભવોમાંથી વધુ માર્ગદર્શન મેળવ્યું. સમગ્ર વિદ્યાર્થીઓ અને ભાગ લેનારા સભ્યો દ્વારા તેની ઉપયોગીતા અને વ્યાવહારિક માર્ગદર્શન માટે ખૂબ જ પ્રશંસિત થયું. આ સમગ્ર કાર્યક્રમ પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ અને સેમિનાર કમિટી હેડ ડૉ. અમિતરાય શાહ તથા તેમની ટીમના પ્રયાસોથી સફળતાપૂર્વક સંચાલિત થયો.

## 'વંધ્યત્વ' વિષય પર એક દિવસીય સેમિનાર

સંસ્થાના ૨૫મા વર્ષના ઉજવણીના ભાગરૂપે, HMAI વ્યારા યુનિટ દ્વારા સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારાના સહયોગથી ૨૯મી જુલાઈ ૨૦૨૫નાં રોજ બીજા સફળ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના મુખ્ય પ્રવકતા તરીકે જાણીતા IVF કન્સલ્ટન્ટ ડૉ. શિવાની શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સરળ અને ઇન્ટરએક્ટિવ શૈલીમાં વંધ્યત્વના મુખ્ય કારણો, વંધ્યત્વના વ્યવસ્થાપન માટે આધુનિક વિજ્ઞાનની ભૂમિકા અને એલોપેથી અને હોમિયોપેથીક પદ્ધતિઓના સંકલિત દૃષ્ટિકોણ અંગે વિસ્તૃત માહિતી આપી. ડૉ. શિવાની શાહ એક એલોપેથીક તબીબ છે, તેમ છતાં તેમને હોમિયોપથિક પદ્ધતિ અંગે ઊંડી સમજ દર્શાવી, જે સમગ્ર શ્રોતા માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક સાબિત થયું.

ડૉ. શિવાની શાહને સી. એન. કોઠારી હોમિયોપથિક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારાના પ્રિન્સીપાલ અને જોબય વ્યારા યુનિટના અધ્યક્ષ ડૉ. જ્યોતિરાવ દ્વારા પરિચય આપી તેમનું પુષ્પગુચ્છ તથા સ્મૃતિચિહ્ન આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જોબય વ્યારા યુનિટના ઉપપ્રમુખશ્રી ડૉ. પંકજભાઈ લાઠીયાએ પણ વ્યારા યુનિટ તરફથી સ્મૃતિભેટ આપીને તેમનું સન્માન કર્યું. આ સમગ્ર કાર્યક્રમ સી.એન.કોઠારી હોમિયોપથિક મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ અને સેમિનાર કમિટીના પ્રમુખ ડૉ. અમિતરાય શાહ તથા તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જે સિલ્વર જ્યુબિલી ઉજવણીની શ્રેણીમાં યાદગાર બની રહ્યું.




## T. & T. V. Institute of Nursing Surat.

### Report on 'Stop Diarrhoea Campaign'

"STOP Diarrhoea Campaign" is an intensified effort of MoHFW to address the isue of childhood diarhoea. It is a campaign activity to address potentially high incidence of diarrhoea during the summer/monsoon season and floods/natural calamity. The primary aim of the campaign was to raise awareness, educate the community, and promote preventive measures for Diarrhea, especially in vulnerable populations.

**Promote ORS and Zine Use:** To ensure universal availability and use of Oral Rehydration Solution (ORS) and zinc tablets as effective treatment for diarThoea.

**Strengthen Prevention:** To advocate for improved hygiene practices, including handwashing, safe drinking water and sanitation to prevent diarrhoea.

**Enhance Awareness:** To educate communities about diarrhoea management, emphasizing home-based care and timely referral.

**Improve Health System Response:** To train healthcare workers and strengthen health infrastructure for management of Diarrhoea.

On 12h July, 2025, 7th Semester B.Sc. Nursing Students have celebrated "STOP DIARRHOEA CAMPAIGN" at Katargam UCHC & Singanpor UHC, Surat at 10 AM. Under the Mentoring of our Flag- Bearer Mr. Kiran Domadia (Principal) and Mr. Jimmy James Mogaria (Vice Principal).

Co-Ordinator was Ms. Bhumika Chaudhari and assisted by Ms. Jagruti Patel and Ms. Neelam Patel. The program activity contains Mass Health Education Program regarding Diarrhoea, Sign and Symptoms, Types, Treatments and Preventive Measures and Hand washing Demonstration and ORS Preparation Procedure

**Objectives:**

- To spread awareness about diarrhoea, its causes, prevention, and management.
- To promote proper hand hygiene through practical demonstrations.
- To educate people on ORS (Oral Rehydration Solution) preparation at home and its importance.
- To clarify doubts of the community regarding diarrhoea and its complications.






## એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### ૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



નવસારીની સુપ્રસિધ્ધ અને હાલમાં ૮૧ વર્ષમાં પ્રવેશી શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે સતત કાર્યરત એવી એસ.બી. ગાર્ડા કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના, I.Q.A.C. અને મનોવિજ્ઞાન વિભાગના સંયુકત ઉપક્રમે તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્ય નિયામક આયુષ મંત્રાલય તથા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ૨૧મી જુન, ૨૦૨૫નાં રોજ ઉત્સાહભેર કરવામાં આવી. આ કાર્યક્રમમાં કૉલેજના વિદ્યાર્થીઓ આનંદ નાયકા, નેહા વતીની સમગ્ર ટીમ (યોગ ટ્રેનર) દ્વારા વિવિધ પ્રકારના આસનો, પ્રાણાયમો કરાવ્યા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પણ આ પ્રસંગે જીવનમાં યોગ કરવાની શારીરિક માનસિક અને આધ્યામિક લાભોની માહિતી પૂરી પાડી અને સાથે સાથે મેડિટેશન કરાવી તેનાથી થતા લાભો વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, અધ્યાપકો, બિનશૈક્ષણિક સ્ટાફ તથા મોટી સંખ્યામાં રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કાર્યક્રમ સહભાગી તમામ દૈનિક જીવનમાં યોગને અમલમાં મુકવાનો સંકલ્પ કર્યો હતો.

### રાષ્ટ્રીય સી.એ. દિવસ નિમિત્તે દ્વીવિધ કાર્યક્રમો યોજાયા



નવસારી જીલ્લાની ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી ગાર્ડા કૉલેજમાં તા. ૦૧/૦૭/૨૦૨૫નાં રોજ કૉલેજના ઍકાઉન્ટન્સી વિભાગ અને આઈ.ક્યૂ.એ.સેલનાં સંયુકત ઉપક્રમે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર નાં માર્ગદર્શન હેઠળ '૭૭માં રાષ્ટ્રીય સી.એ.દિવસ' નિમિત્તે દ્વીવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શુભ શરૂઆત કુ. સંગીતા રાજભરની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઉપાચાર્યશ્રી અને ઍકાઉન્ટન્સી વિભાગનાં અધ્યક્ષ ડૉ. હિતેશ પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા નવસારી શહેરનાં જાણીતાં સી.એ. શ્રી.ભૂપેન્દ્ર દુબેનું ઉપચાર્યશ્રી ડૉ. હિતેષ પટેલ દ્વારા પુષ્પ ગુચ્છ અને ભેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. સી.એ. શ્રી ભૂપેન્દ્ર દુબેએ સી.એ. ક્ષેત્રે રહેલી ઉજ્જવળ કારકિર્દીની તકોની વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સાથે જીવનમાં સફળ થવા માટે સતત મહેનત અને ચિંતન કરતાં રહેવા માટે વિદ્યાર્થીઓને આહ્‌વાન કર્યું હતું.

આ સાથે અન્ય કાર્યક્રમમાં સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની સ્થાપનાનાં ૭૦માં વર્ષ નિમિત્તે નવસારી, ડાંગ અને તાપી જીલ્લાનાં રીજનલ મૅનેજરશ્રી સંજય ચૌહાણ, એચ.આર. મેનેજરશ્રી કુમાર પ્રિયરંજન, ડેપ્યુટી મેનેજરશ્રી મુકેશ સેન હાજર રહ્યા હતા. તમામ મહેમાનોનું પુષ્પ ગુચ્છ અને ભેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રીજનલ મૅનેજરશ્રી સંજય ચૌહાણે સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાનાં ઇતિહાસ વિષે માહિતી આપી, સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાએ ભારતનાં અર્થતંત્ર અને પ્રજાનાં વિકાસમાં આપેલ અમૂલ્ય ફાળાની ચર્ચા કરી હતી. તેમજ સમાજે મૂકેલા વિશ્વાસની પણ પ્રસંશા કરી હતી. અને સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયામાં બેંકિગ ક્ષેત્રે રહેલી કારકિર્દીની તકોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. પુજા ઈંગોલે દ્વારા કરવામાં આવ્યું હતું. મહેમાનશ્રીઓનો પરિચય કુ. દિવ્યા લહામાગેએ આપ્યો હતો. અને આભારવિધિ શ્રીમતી રિધ્ધિ લાડ દ્વારા કરવામાં આવી હતી. રાષ્ટ્રગાન દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સફળતા બદલ ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ પણ અભિનંદન પાઠવ્યા હતા.

## ગુરુપૂર્ણિમાં સમારોહની ઉજવણી



ભારત દેશની એક અતિ પવિત્ર પરંપરામાં ગુરુ–શિષ્ય પરંપરાનો સમાવેશ થાય છે. ગુરુ–શિષ્ય પરંપરાનો પવિત્ર ઉત્સવ ગુરુપૂર્ણિમા દરેક વિદ્યાર્થીઓના જીવનમાં એક વિશેષ ઉત્સાહ પ્રેરે છે. એસ.બી.ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી અને મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના અધ્યક્ષ સ્થાને ગુરુપૂર્ણિમા સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો. આ સમારોહની શરૂઆત પરમાર હેતલ, પરમાર સૂર્યા અને ભરવાડ કિંજલની પ્રાર્થનાથી કરવામાં આવી. સ્વાગત અને પ્રવચનમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે જીવનમાં ગુરુના મહત્વ અંગે સમજૂતી આપી. ત્યારબાદ મનોવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ આનંદિતા નાયક, દિપેશ ભરવાડ, પ્રિયાંશી પટેલ, કિંજલ રબારી, સોહેલ પઠાણ અને યોગિતા પાંડેએ વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષક અને ગુરુના પ્રભાવથી આવેલા પરિવર્તનની વાતો પોતાના વકતવ્યમાં કરી હતી. તેઓએ આ પ્રસંગે તેમના તમામ શિક્ષકોને કૃતજ્ઞતાપૂર્વક નમન કર્યા હતા. આ સમારોહમાં ડૉ. અશ્વિન શર્માએ ભારતીય સનાતન સંસ્કૃતિમાં ગુરુપદની ગરિમા વર્ણવી હતી. આ પ્રસંગે અધ્યક્ષીય ઉદ્દબોધન કરતા ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર ગુરુ–શિષ્ય પરંપરા અંગે પ્રાચીન શાસ્ત્રોની વાર્તાઓ ટાંકીને, ગુરુના પવિત્ર સ્થાનનો મહિમા વર્ણવ્યો હતો. આ સાથે તેમણે દરેક વિદ્યાર્થીઓને પોતાના માતા–પિતા અને શિક્ષક પરત્વે કૃતજ્ઞતા વ્યકત કરવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ગાર્ડા કૉલેજના તમામ અધ્યાપકો તથા મનોવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન કુ. દિવ્યાની ટંડેલ તથા આભાર દર્શન શ્રી હેમંત પટેલે કર્યું હતું.

## વિશ્વ વસ્તી દિવસ" અંતર્ગત પોસ્ટર મેકિંગ સ્પર્ધા



નવસારીની સુપ્રસિદ્ધ અને શિક્ષણ–સંસ્કારનું અવિરત ઝરણું વહેવાવતી એવી એસ.બી.ગાર્ડા કૉલેજમાં અર્થશાસ્ત્ર વિભાગ અને IQACના સંયુકત ઉપક્રમે તા.૧૧/૭/૨૦૨૫ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર ના માર્ગદર્શન હેઠળ 'વિશ્વ વસ્તી દિવસ' અંતર્ગત 'ભારતમાં વસ્તી વૃદ્ધિઃ આર્શીવાદ કે અભિશાપ' વિષય ઉપર પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન ઉત્સાહભેર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્દબોધનમાં ભારતમાં વસ્તી વધારા પ્રત્યેની હકારાત્મક અને નકારાત્મક બાબતો, ચીનમાં વસ્તી વધારાના ચઢાવ–ઉતારની ઝાંખી અને સમાજ અને કુટુંબમાં સ્ત્રી અને બાળકોનું મહત્વ

વગેરેની વિસ્તૃત માહિતી રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં કુલ ૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શર્મા વિકાસ (બી.કોમ.સેમ.૫) પ્રથમ ક્રમે, રાઠોડ અનમોલ (બી.કોમ.સેમ.૫) દ્વિતીય ક્રમે, પ્રજાપતિ સોનલ (બી.કોમ.સેમ.૩) તૃતીય ક્રમે તેમજ પટેલ ઇશા અને નાયક હેત્વી (બી.કોમ. સેમ.૧)એ ગૃપમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે. કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. એ.બી.પટેલ તથા મોટી સંખ્યામાં અધ્યાપકો હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા અર્થશાસ્ત્ર વિભાગના ઍડહોક અધ્યાપિકા કુ. વંદનાબેન ધૂમ તથા કુ. સોનલબેન પટેલે અથાક પ્રયત્નો કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કિશોરભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમના અંતે અધ્યાપિકા કુ. નસરીનબેન કુરેશીએ આભારવિધિ રજૂ કરી કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી હતી.

## ચોકલેટ મેકિંગ તેમજ બ્યુટીકેર વર્કશોપ



નવસારી તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણના પર્યાય તરીકે પ્રસ્થાપિત અને વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી પામેલી એસ.બી.ગાર્ડા કૉલેજમાં વુમન સેલ, આઈ.કયુ.એ.સેલ અને અખિલ ગુજરાત મહિલા સંસ્થા 'શકિતમંચ' અમદાવાદના સયુકત ઉપક્રમે તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા. ૨૩/૦૭/૨૦૨૫ દરમિયાન ચોકલેટ મેકિંગ તેમજ બ્યુટીકેર વર્કશોપનું આયોજન ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો આરંભ તા. ૧૭/૦૭/૨૦૨૫ના રોજ કરવામાં આવ્યો હતો. તેમજ તા. ૨૩/૦૭/૨૦૨૫ના રોજ સમાપન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સમાપન કાર્યક્રમનો પ્રારંભ કુ. ભકિત પટેલની પ્રાર્થનાથી થઈ હતી. પ્રાસંગિક ઉદ્બોધનમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે મહિલાઓ આત્મનિર્ભર બની શકે તે અંગે વિદ્યાર્થી બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપાચાર્યશ્રી અને આઈ.કયુ.એ.સેલના કૉ–ઑર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ વર્કશોપ કુલ ૯૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ ૦૭ દિવસીય વર્કશોપમાં બ્રાઈડલ મેકઅપ, વિવિધ જાતના હેરકટિંગ, વિવિધ પ્રકારની હેરસ્ટાઈલ, મહેંદી, ફેશિયલ, હેર સ્પા, આઈબ્રો, ગરબાના સ્ટેપ, સાડી પહેરવાની અલગ અલગ પધ્ધતીઓ તેમજ વિવિધ પ્રકારની ચોકલેટ બનાવવાની તાલીમ ટ્રેનર શ્રી કૌશિકભાઈ તન્ના અને શ્રીમતી સુષ્માબેન પાટીલ દ્વારા આપવામાં આવી હતી. શ્રી કૌશિકભાઈ તન્નાએ આ ૦૭ દિવસીય વર્કશોપનો પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો. વર્કશોપના અંતિમ દિવસે દરેક વિદ્યાર્થીનીઓને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. સમગ્ર સમાપન કાર્યક્રમનું સુચારુ સંચાલન શ્રીમતી હેતલબેન નાયક દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ શ્રીમતી રેખાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી. ગાર્ડા કૉલેજના સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ તેમજ કૉલેજ પરિવાર દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

## અભિમુખતા કાર્યક્રમ




શિક્ષણ અને સંસ્કારનું ધામ સમી એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીમાં રાષ્ટ્રીય સેવા યોજના અને આઈ.કયુ.એ. સેલના સંયુકત ઉપક્રમે ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન અને પ્રેરણાથી તા. ૨૪/૦૭/૨૦૨૫ના રોજ નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ માટે એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત સંગીતા રાજભરની સુંદર પ્રાર્થનાથી થઈ હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્બોધનમાં સેવાના પ્રકારો અને સેવા–સાધનાનું જીવનમાં મહત્વ વગેરેની જાણકારી વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી હતી. પ્રોગ્રામ ઑફિસર શ્રીમતી હેતલબેન નાયકે સાત દિવસીય ખાસ શિબિરમાં થતી પ્રવૃતિઓની માહિતી વિદ્યાર્થીઓને સમજાવી હતી. તેમજ પ્રોગ્રામ ઑફિસરશ્રી કિશોરભાઈ પટેલે ગાર્ડા કૉલેજમાં એન.એસ.એસ.નો ઉદ્દભવ તથા તે દ્વારા થતી પ્રવૃત્તિઓની માહિતી આપી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ શ્રી કિશોરભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમનો અંત રાષ્ટ્રગીતનું ગાન કરી કરવામાં આવ્યો હતો.

## પ્રવેશોત્સવ કાર્યક્રમ

નવસારી તેમજ સમગ્ર જિલ્લામાં આર્ટ્સ અને કોમર્સ વિભાગમાં ઉચ્ચશિક્ષણ અને જીવન ઘડતર માટે ખ્યાતનામ સંસ્થા એસ.બી.ગાર્ડા કૉલેજમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ.ધર્મવીર એમ. ગુર્જરના માર્ગદર્શન હેઠળ કૉલેજના આઈ.કયુ.એ.સેલ દ્વારા શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫–૨૬માં બી.કોમ.સેમ.૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આવકાર આપવા માટે 'પ્રવેશોત્સવ'નું આયોજન તા. ૨૫/૦૭/૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે નવસારી જિલ્લાના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ તેમજ અતિથિ વિશેષશ્રી નવસારીના જાણીતા ઉદ્યોગપતિશ્રી જીજ્ઞેશભાઈ દેસાઈ પધાર્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત આનંદિતા નાયકની સુંદર પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતો. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ગુર્જરે સ્વાગત પ્રવચનમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પોતાના સ્વપ્નો સાકાર કરવા માટે સખત પરિશ્રમ કરવાનો અનુરોધ કર્યો હતો. ડૉ. નેહાબેન હરિયાણી દ્વારા કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રીઓનો પરિચય આપવામાં આવ્યો હતો. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે મુખ્ય મહેમાનશ્રી રાકેશભાઈ દેસાઈનું પુષ્પ ગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ તેમજ કૉલેજના ટ્રસ્ટીશ્રી કેરસી દાબુનું પણ પુષ્પ ગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે અતિથિ વિશેષશ્રી જીજ્ઞેશભાઈ દેસાઈનું પુષ્પ ગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ તેમજ કૉલેજના ટ્રસ્ટીશ્રી હોરમઝ આવરીનું પણ પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ કૉલેજના અંગ્રેજી વિભાગના અધ્યાપિકા ડૉ. નેહાબેન હરિયાણીએ નવા વિદ્યાર્થીઓને બી.કોમ.શાખાના અધ્યાપકો, કૉલેજની વિવિધ સમિતિઓ, કૉલેજમાં ઉપલબ્ધ વિવિધ સુવિધાઓનો ચિતાર પી.પી.ટી. દ્વારા આપ્યો હતો. મહાનુભાવોના હસ્તે પ્રતિકરૂપે વિદ્યાર્થીઓનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષશ્રી જીજ્ઞેશભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને પોતાના સ્વપ્નો કેવી રીતે હાંસલ કરવા એ અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું હતું તેમજ મુખ્ય મહેમાનશ્રી રાકેશભાઈ દેસાઈએ એમના પ્રવચનમાં વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કૉલેજના અધ્યાપકો તેમજ ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજર રહી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ ડૉ. નેહાબેન હરિયાણી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીતના ગાન થકી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ સમગ્ર ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.



## 'દીકરી વ્હાલનો દરિયો' વિષય પર વકતૃત્વ સ્પર્ધા

નવસારી તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણના પર્યાય તરીકે પ્રસ્થાપિત અને વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી પામેલી એસ.બી.ગાર્ડા કૉલેજમાં ડિબેટ સમિતિ અને આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે તા. ૨૬/૦૭/૨૦૨૫ના દિને 'સ્વ. શ્રી ટી.કે.બાટલીવાલા તેમજ સ્વ. ડૉ. અને મિસિસ એચ.ટી.પારડીવાલા' વકતૃત્વ સ્પર્ધાનું આયોજન ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો વિષય 'દીકરી વ્હાલનો દરિયો' રાખવામાં આવ્યો હતો. સ્પર્ધાના આરંભ પરમાર સૂર્યા અને પરમાર હેતલની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્બોધનમાં 'દીકરી વ્હાલનો દરિયો' વિષય પર પોતાના અદભુત અને હૃદયસ્પર્શી વિચારો તેમજ દીકરીના જન્મથી માંડીને તેના ઉછેર, શિક્ષણ, સામાજિક યોગદાન અને પારિવારિક સંબંધોના તેની ભૂમિકા વિશે ભાવુક અને પ્રેરણાદાયક પ્રવચન થકી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કાર્ય હતા. ઉપાચાર્યશ્રી અને આઈ.કયુ.એ.સેલના કૉ–ઑર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ડિબેટ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને વકતૃત્વ સ્પર્ધાના નિયમોની માહિતી આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે પૂજા પાટીલ (બી.કોમ.સેમ.૩), દ્વિતીય ક્રમે બેબી મિશ્રા (બી.એ.સેમ.૧) અને તૃતીય ક્રમે સોનલ પ્રજાપતિ (બી.કોમ સેમ.૩) વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ગુજરાતી વિભાગના નિવૃત અધ્યાપકશ્રી ડૉ. મહાવીરસિંહ ગોહિલે ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રેખાબેન પટેલે કર્યુ હતું. કાર્યક્રમની આભારવિધિ ડૉ. ઇશ્વરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર , ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, કૉલેજના અધ્યાપકો, વહીવટી સ્ટાફ, સેવકભાઈઓ અને કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.



## પ્રવેશોત્સવ કાર્યક્રમ

સંસ્કાર સિંચન અને માનવીય મૂલ્યોના આદર્શોને ઉજાગર કરતી તેમજ સમગ્ર જિલ્લામાં આર્ટસ અને કોમર્સ વિભાગમાં ઉચ્ચ શિક્ષણ અને જીવન ઘડતર માટે ખ્યાતનામ સંસ્થા એસ.બી.ગાર્ડા કૉલેજમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ.ધર્મવીર એમ. ગુર્જરના માર્ગદર્શન હેઠળ કૉલેજના આઈ.કયૂ.એ.સેલ દ્વારા શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫–૨૬માં બી.એ.સેમ.૧માં પ્રવેશ

મેળવેલ વિદ્યાર્થીઓનો આવકાર આપવા માટે 'પ્રવેશોત્સવનું આયોજન તા. ૨૯/૦૭/૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે નવસારી મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી દેવ ચૌધરી (આઈ.એ.એસ) તેમજ અતિથિ વિશેષશ્રી તરીકે નવસારી જિલ્લાના પોલિસ વિભાગ વડાશ્રી એસ.કે.રાય (ડી.વાય.એસ.પી.) પધાર્યા હતા. કાર્યક્રમની શુભશરૂઆત કુ. સંગીતા રાજભરની સુંદર પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચનમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ગાર્ડા કૉલેજ શિક્ષણ અને સંસ્કારનું ધામ છે જે અંગે પોતાના વિચાર વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી તેમના સ્વપ્નો સાકાર કરવા માટે સખત પરિશ્રમ કરવાનો અનુરોધ કર્યો હતો. ડૉ. નેહાબેન હરિયાણી દ્વારા કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રીઓનો પરિચય આપવામાં આવ્યો હતો. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર મુખ્ય મહેમાનશ્રી દેવ ચૌધરીનું પુષ્પ ગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરીને તેમજ કૉલેજના ટ્રસ્ટીશ્રી કેરસી દેબુનું પણ પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે અતિથિ વિશેષશ્રી એસ.કે.રાયનું પુષ્પ ગુચ્છ, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરીને તેમજ કૉલેજના ટ્રસ્ટીશ્રી હોરમઝ અવારીનું પણ પુષ્પ ગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કૉલેજના અંગ્રેજી વિભાગના એડહોક અધ્યાપિકા કુ. વૃષ્ટિ પટેલે નવા વિદ્યાર્થીઓને બી.એ.શાખાના અધ્યાપકો, કૉલેજની વિવિધ સમિતિઓ, કૉલેજમાં ઉપલબ્ધ વિવિધ સુવિધાઓનો ચિતાર પી.પી.ટી. દ્વારા આપ્યો હતો. આ કાર્યક્રમમાં પધારેલ મહાનુભાવોના હસ્તે પ્રતિકરૂપે વિદ્યાર્થીઓનુ પુષ્પગુચ્છ દ્વારા આ કૉલેજમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષશ્રી એસ.કે.રાય (ડી.વાય.એસ.પી.)એ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આવનારી સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લઈને પોતાના સ્વપ્નો કેવી રીતે હાંસલ કરવા એ અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન આપી, કૃતજ્ઞતાનો ગુણ કેળવવા અપીલ કરી હતી. વિશેષમાં મુખ્ય મહેમાનશ્રી દેવ ચૌધરીએ એમના પ્રવચનમાં વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટેની ટીપ્સ તેમજ અનુશાસન વિશેની માહિતી આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ કુ. વૃષ્ટિ પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીતના ગાન થકી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ ગાર્ડા કૉલેજના માનવંતા ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતાં.



## અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડીયમ કૉલેજ, સુરત.

### મહેંદી સ્પર્ધા



અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગલિશ મીડિયમ કૉલેજમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમક્રમે ખુશ્બુ વિશ્વકર્મા, અને જીનલ જીકાદરા, દ્વિતીય ક્રમે રાઠોડ મહેક, રિયા આધેર અને ગુપ્તા રીના, ત્રીજા ક્રમે નેહા સો, કૃતિ લાઢવા અને હેત્વી શાહ તેમજ કન્સોલેશન ઇનામ નીલુ ઓઝા અને ગુપ્તા રિયા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં અગ્રવાલ કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. ગૌતમ દુઆ, તેમજ કૉલેજ પ્રાધ્યાપકો ઉપસ્થિત રહીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધાનું આયોજન પ્રા. સોનલ અગ્રવાલ, ડૉ. કુંજલ મહેતા અને પ્રા. રોશની સિંગે કર્યું હતું.

### દ્વિતીય પી.એચડી.ની સફળતાપૂર્વક પૂર્ણતા



અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજના એસોસિએટ પ્રોફેસર અને ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ગૌતમ ગોપાલ દુઆએ પોતાના દ્વિતીય પી.એચડી. સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે "A Study on the Behavioural Intentions of Business Owners Towards Commercial Electric Vehicles in Surat City" વિષય પર સંશોધન કર્યું છે. આ પીએચ.ડી. દરમ્યાન તેમને માર્ગદર્શન પ્રિન્સિપાલ ડૉ. આશિષ દેસાઈ તરફથી પ્રાપ્ત થયું હતું. ડૉ. દુઆ અગાઉ પણ વ્યવસ્થાપન ક્ષેત્રમાં પીએચ.ડી. મેળવી ચૂકયા છે. હવે બીજી પીએચ.ડી. મેળવી તેમણે શૈક્ષણિક ક્ષેત્રે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. સંશોધન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને

એકાગ્રતાને કારણે તેઓ યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. આ સિદ્ધિ નિમિત્તે અગ્રવાલ વિદ્યા વિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજના ચીફ એડવાઇઝર ડૉ. યુ.ટી.દેસાઈ, ટ્રસ્ટના પ્રમુખ શ્રી સંજય સરાવગી તથા સમગ્ર કૉલેજ પરિવારે ડૉ. દુઆને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે અને તેમની ભવિષ્યની શૈક્ષણિક યાત્રા માટે શુભકામનાઓ વ્યકત કરી છે.

## ઝુંબા ફિટનેશ કાર્યક્રમ



અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગલિશ મીડિયમ કૉલેજ, વેસુ ખાતે ઝુંબા ફિટનેશ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને નૃત્ય સાથે તંદુરસ્ત જીવનશૈલી તરફ એક પગલું ભર્યું. કાર્યક્રમમાં મુખ્ય ઝુંબા ઇન્સ્ટ્રકટર તરીકે હેતલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. હેતલબેને ઉમંગભરી સ્ટેપસ અને સંગીતમય ઉર્જા સાથે વિદ્યાર્થીઓને નૃત્ય દ્વારા તંદુરસ્ત રહેવાના માર્ગે પ્રેરિત કર્યા. વિદ્યાર્થીઓએ સંગીતની ધૂન સાથે ઝુંબા સ્ટેપ્સનો આનંદ માણ્યો અને તંદુરસ્તી સાથે આનંદ મેળવવાનો અનોખો અનુભવ કર્યો. કૉલેજના ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. ગાતમ દુઆ, તેમજ કૉલેજના પ્રાધ્યાપકોએ ઉપસ્થિત રહીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

## કાવ્ય પઠન




અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ, સુરતમાં હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી–ત્રણ ભાષાઓમાં કાવ્ય પઠનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૫ વિદ્યાર્થીઓએ પોતાની ભાવનાઓ અને વિચારો વ્યકત કરવા ઉત્સાહપૂર્વક કાવ્ય પઠન કર્યું. કાર્યક્રમમાં અગ્રવાલ સમાજ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ તથા ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. ગૌતમ દુઆ સહિત મહાવિદ્યાલયના વ્યાખ્યાતાઓ ઉપસ્થિત રહ્યા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

## ગુરુ પૂર્ણિમા કાર્યક્રમ



અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ મહાવિદ્યાલય, સુરત ખાતે ગુરુપૂર્ણિમાની પાવન તિથિ નિમિત્તે ગુરુ સમ્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષકશ્રીઓના મહાન યોગદાન અને શિષ્ય પર તેમના અસરકારક માર્ગદર્શન ઉજાગર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત શ્લોકોનું પઠન, સંગીતમય પ્રસ્તુતિઓ અને ગુરુભકિતથી ભરેલા અવતરણો રજૂ કરવામાં આવ્યા. વિદ્યાલયના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈએ વિદ્યા, સંસ્કાર અને આત્મવિકાસમાં ગુરુની ભૂમિકાની વિશેષતા વર્ણવી. તેમજ આચાર્યશ્રીએ ગુરુ તત્વ વિશે પ્રવચન આપતાં જણાવ્યું કે, 'ગુરુ એ ઘોર અંધકારકમાંથી પ્રકાશ તરફ લઈ જતાં માર્ગદર્શક છે.' અંતે અગ્રવાલ સમાજ ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંજય સરાવગી અને સંચાલન મંડળે શિક્ષકશ્રીઓને તેમના અવિરત માર્ગદર્શન બદલ આભાર વ્યકત કર્યો.

## 'કલાસ ડેકોરેશન' અને 'રંગોળી સ્પર્ધા'



અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ કૉલેજ, સુરત ખાતે કૉલેજના નવમાં સ્થાપના દિન નિમિત્તે 'કલાસ ડેકોરેશન' અને 'રંગોળી સ્પર્ધા' યોજાઈ. આ સ્પર્ધામાં કૉલેજના તમામ વિદ્યાર્થીઓએ આનંદ અને ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ SYBBA અને દ્વિતીય ક્રમ FYBCOM, TYBA અને તૃતીય ક્રમ FYBBAએ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં કૉલેજના અગ્રવાલ સમાજ ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંજય સરાવગી અને સંચાલકમંડળ, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ગૌતમ

દુઆ અને કૉલેજના અધ્યાપકો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## 'રોલ ઑફ કૉપરેટિવ સેકટર ઇન ડૅવલપમૅન્ટ ઑફ ઇન્ડિયા' વિષય પર વ્યાખ્યા



અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજમાં વિદ્યાર્થીઓને 'રોલ ઑફ કૉપૅરેટિવ સેકટર ઇન ડૅવલપમૅન્ટ ઓફ ઇન્ડિયા' વિષય પર વ્યાખ્યાન યોજાયું. વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને સમાજ તથા અર્થતંત્રમાં સહકારી ક્ષેત્રની સુસંગતતા વિશે માહિતગાર કરવામાં આવ્યા. આ વ્યાખ્યાનના મુખ્ય વકતા હતા પ્રિ. ડૉ. ચેતન પટેલ (સી.કે.પીઠાવાલા મહાવિદ્યાલય) જેઓ સહકારી ક્ષેત્રના અનુભવી વકતા છે. તેમણે વિવિધ આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં સહકારી ક્ષેત્રના ફાળો, ભવિષ્ય તથા સમસ્યાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી. આ વ્યાખ્યાનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ વ્યાખ્યાનમાં કૉલેજના અગ્રવાલ સમાજના ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંજય સરાવગી અને સંચાલકમંડળ, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના અધ્યાપકો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## સિકલ સેલ જાગૃતિ અભિયાન અંતર્ગત રેલી




અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજ વેસુમાં સિકલસેલ જાગૃતિ અભિયાન અંતર્ગત રેલી યોજાઈ. જેમાં કૉલેજના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અગ્રવાલ વિદ્યાવિહારે આરોગ્ય શિક્ષણ અને સમાજ કલ્યાણના હેતુથી સિકલસેલ જાગૃતિ કાર્યક્રમ સફળતાપૂર્વક આયોજિત કર્યો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશય વિદ્યાર્થી અને સમાજમાં સિકલ સેલ રોગ, તેના કારણો, લક્ષણો, બચાવના ઉપાયો અને સમયસર નિદાનના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમમાં મહાવિદ્યાલયમના સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ તથા ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ગૌતમ દુઆ દ્વારા પ્રેરણાદાયી ભાષણ આપવામાં આવ્યા. બંનેએ શિક્ષણ સંસ્થાઓમાં આવા આરોગ્ય જાગૃતિ કાર્યક્રમોના મહત્વ પર પ્રકાશ પાડયો. આમ, કૉલેજના અગ્રવાલ સમાજ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી અને સંચાલકમંડળ, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના અધ્યાપકો દ્વારા શુભેચ્છા પાઠવી.

## ઇન્ટરકલાસ ચેસ અને કેરમ સ્પર્ધા



સુરતની અગ્રવાલ વિદ્યા વિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ, વેસુ, સુરતમાં ઇન્ટરકલાસ ચેસ અને કેરમ સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. કૉલેજના અગ્રવાલ સમાજ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી અને સંચાલક મંડળ, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, શારીરિક શિક્ષક લેફ્ટનન્ટ જિગર ચાવડા અને કૉલેજના અધ્યાપકો દ્વારા વિજેતાઓને શુભેચ્છા પાઠવી.

## 'ઉપભોકતા હકો' વિષય પર કાર્યક્રમ



અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ, સુરતમાં 'ઉપભોકતા હકો' વિષયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં મુખ્ય વકતા એડવોકેટ શોભના છાપિયા તથા તેમની સહયોગી મિત્તલ ઠાકોરએ વિદ્યાર્થીઓને

ઉપભોકતાઓના હકો અંગે માહિતી આપી. તેમણે સમજાવ્યું કે જો આ હકોનું ઉલ્લંઘન થાય તો શું કરવું, કોને સંપર્ક કરવો, કયાં જઈ સંપર્ક કરવો અને કેવી પ્રકારની વળતર રકમ મેળવી શકાય છે વગેરે વિષયોમાં જાણકારી આપી. આ જાગૃતિ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઊંડા ઉત્સાહ સાથે ભાગ લીધો. આ કાર્યક્રમના સફળ આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સારાવગી તથા અન્ય પદાધિકારીઓ, મહાવિદ્યાલયના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ તથા પ્રભારી પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ શુભેચ્છાઓ પાઠવી.

## વકતૃત્વ સ્પર્ધા




સુરત ખાતે આવેલા અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં 'વકતૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૨ વિદ્યાર્થીઓએ સમકાલીન વિષયો પર પોતાના વિચારો વ્યકત કર્યા. આ સ્પર્ધાના પ્રથમ ક્રમે અન્નપૂર્ણા સિંહ દ્વિતીય ક્રમે આદ્રિકા દાલમિયા અને તૃતીય ક્રમે દેવશ્રી અગ્રવાલ અને જાનવી ચોપરા વિજેતાઓ બન્યાં હતા. આ કાર્યક્રમના સફળ આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ તથા ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ શુભેચ્છાઓ પાઠવી.

## કારગિલ વિજય દિવસની ઊજવણી




અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજ, વેસુમાં 'કારગિલ વિજય દિવસ' ઊજવાયો. સુરતના અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં ગુજરાત બટાલિયન-૫ના કેડેટ્સ દ્વારા 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવી. આ દિવસ ભારતીય સેનાના વિરતા, જવાનોની બહાદુરી, શૌર્ય અને પરાક્રમનું પ્રતિક છે. યુવા વિદ્યાર્થીઓમાં શૌર્ય, એકતા તથા દેશપ્રેમની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે તેમને સાચી ઘટનાએ આધારિત કારગિલ યુદ્ધની ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી. અગ્રવાલ મહાવિદ્યાલયના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ તથા ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ વિદ્યાર્થીઓને કૉલેજની 'નેશનલ કૅડેટ કોર (NCC)' શાખામાં જોડાવા અને દેશ તથા સમાજ સેવાના દાયિત્વ નિભાવવા માટે પ્રેરણા આપી. આ કાર્યક્રમના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ અને ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ શુભેચ્છાઓ પાઠવી.

## પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે 'આરંભ' કાર્યક્રમ





સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં 'આરંભ' કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયું. જેમાં RJ વીર ઉપસ્થિત રહ્યા હતા. અને DJના તાલે વિદ્યાર્થીઓ ઝૂમી ઉઠયા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નવા વિદ્યાર્થીઓને જૂના વિદ્યાર્થીઓ સાથે હળવા-મળવાનો અને કૉલેજના વાતાવરણમાં ભળી જવાનો અવસર આપવાનો હોય છે. Mr. અને Ms. ફ્રેશર સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવી હતી. 'આરંભ' કાર્યક્રમ દ્વારા નવા વિદ્યાર્થીઓ માટે કૉલેજ જીવનનો સારો પ્રારંભ અને યાદગાર અનુભવ બનવાનો એક ઉત્તમ અવસર છે. આ કાર્યક્રમના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ અને ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ શુભેચ્છાઓ પાઠવી.

## એસ.પી.બી. ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત.

### 'દેશભકિત અને રાષ્ટ્રનિર્માણ' વિષય પર કાવ્યપઠન



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત દ્વારા 'દેશભકિત અને રાષ્ટ્રનિર્માણ' વિષય પર આધારિત એક પ્રેરણાદાયક કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ દેશભકિતથી ભરપૂર કાવ્યોના પાઠ દ્વારા દેશપ્રેમ, બલિદાન, એકતા અને રાષ્ટ્રનિર્માણ જેવી ભાવનાઓ રજૂ કરીને શ્રોતાઓના હૃદયને સ્પર્શી લીધાં. આ સ્પર્ધામાં કુલ ૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક પ્રસ્તુતિ દેશભકિતની ઊંડી લાગણીઓથી ભરપૂર હતી. કાવ્યોમાં રાષ્ટ્રપ્રેમ, બલિદાન, એકતા અને રાષ્ટ્રનિર્માણ માટેની જવાબદારી જેવી ભાવનાઓ ઉમટીને શ્રોતાઓને ભાવવિભોર કર્યા હતા. આ સ્પર્ધામાં સી.એ. ડૉ. રવિ પટેલ અને ડૉ. દીપિકા રાવલિયાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. તેમણે અવાજની સ્પષ્ટતા, અભિવ્યકિત, રજૂઆત અને વિષય સાથે સંબંધિત પાસાઓના આધારે વિજેતાઓ પસંદ કર્યા. પ્રથમ ક્રમ સકીના કે. સાયકલવાલા (એમ.કોમ. સેમેસ્ટર–૧), દ્વિતીય ક્રમ ધ્રુવી એલ. પટેલ (એમ.કોમ. સેમેસ્ટર–૩), તૃતીય ક્રમ–યસ્તી એ. પટેલ (બી.કોમ. દ્વિતીય વર્ષ સેમેસ્ટર–૩). સ્પર્ધાનું આયોજન ઇ.ચા. પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડ્યાના માર્ગદર્શન હેઠળ ડિબેટ અને ઇલોકયુશન કમિટીના અધ્યક્ષ પ્રા. હીરા પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

### આંતર કૉલેજ મહેંદી સ્પર્ધા



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત દ્વારા તારીખ ૨૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કૉલેજના પરિસરમાં આંતર કૉલેજ મહેંદી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શહેરની વિવિધ કૉલેજોમાંથી કુલ ૩૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલી મહેંદી ડિઝાઈનોમાં ભારતીય પરંપરા અને આધુનિક સર્જનાત્મકતાનું સુંદર સંયોજન જોવા મળ્યું. સ્પર્ધાનું મૂલ્યાંકન પ્રા. પ્રિયંકા ગાંગડવાલા અને શ્રીમતી ઝંખના પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમણે કલાત્મક અભિવ્યકિત અને ડિઝાઈન પર આધારિત મૂલ્યાંકન કર્યું હતું. વિજેતાઓમાં પ્રથમ ક્રમ નાકરાણી રુશિતા (સુટેક્ષ કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન, અમરોલી), દ્વિતીય ક્રમ વાળા તિશા (એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ વેસુ), તથા તૃતીય ક્રમ વાઘેલા કૌશિક (અખંડ આનંદ કૉલેજ) એ મેળવ્યા હતા. તમામ વિજેતાઓને ઇનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડ્યા અને સંસ્કૃતિક સમિતિના ચેરપર્સન ડૉ. સવિતા સોંધીના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજની સાંસ્કૃતિક સમિતિના સભ્ય ડૉ. ધ્રુવ ગાંગડવાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

### એન.એસ.એસ. ઓરીએન્ટેશન અને ક્રાંતિકારીઓની જન્મજયંતીની ઊજવણી



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતના NSS યુનિટ દ્વારા પ્રથમ વર્ષ બી.કોમ.ના એન.એસ.એસ. સ્વયંસેવકો માટે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા સ્વયંસેવકોને એન.એસ.એસ.નું કાર્યક્ષેત્ર, લક્ષ્યો અને મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને એન.એસ.એસ. મારફતે સમાજસેવામાં જોડાવાનો સંકલ્પ લીધો. આ પ્રસંગે ભારતના મહાન સ્વતંત્રસેનાની જેવાકે લોકમાન્ય બાલ ગંગાધર તિલક અને ચંદ્રશેખર આઝાદની જન્મજયંતી પણ ઉજવવામાં આવી હતી. સ્વતંત્રતા માટે તેમના યોગદાન અને બલિદાનને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બંને મહાન યોદ્ધાઓના જીવન અને સંઘર્ષ વિશે વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી અને તેમના જીવનમાંથી પ્રેરણા લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઑફિસર ડૉ. ફરીદા માંડવીવાલા અને ડૉ. પ્રતિક પસ્તાગિયા દ્વારા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. આશિષ પંડયાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## રકતદાન શિબિર



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લીશ મીડીયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત ખાતે NSS યુનિટ અને સુરત રકતદાન કેન્દ્રનાં સંયુકત ઉપક્રમે રકતદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તા. ૨૯ જુલાઈ, ૨૦૨૫ મંગળવારના રોજ કૉલેજ કેમ્પસમાં યોજાયો હતો, જેમાં કુલ ૪૯ બ્લડ યુનિટ રકતદાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. રાજીવ રાજ ચૌધરી, જેઓ આશુતોષ હોસ્પિટલમાં અધ્યક્ષ અને મુખ્ય ઓર્થોપેડિક સર્જન તરીકે ફરજ બજાવે છે તેઓ હાજર રહ્યા. તેમણે રકતદાનના મહત્વ પર પોતાના વિચારો વ્યકતક કર્યા અને પ્રેરણાદાયક સંદેશ આપ્યો. તેમના માર્ગદર્શન અને પ્રેરણા આ કાર્યક્રમની સફળતા માટે અત્યંત મહત્વપૂર્ણ રહી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રકતદાનના મહત્વને સમજાવવાનો અને સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાનો હતો. આ રકતદાન શિબીરનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઑફિસર ડૉ. ફરિદા માંડવીવાલા અને ડૉ. પ્રતિક પસ્તાગિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College, Vyara.

## સિકલસેલ અનિમિયા જાગૃતિ અંગેનો રાજ્યસ્તરીય કાર્યક્રમ



ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ ટ્રાઇબલ અફેરની સુચના મુજબ જનજાતીય ગૌરવ વર્ષની ઉજવણી અને ધરતી આબા જનભાગીદારી અભિયાન થકી જનજાતિય સમાજના ઉત્કર્ષ માટે સિકલસેલ એનિમિયા જાગૃતિનો રાજ્યસ્તરીય કાર્યક્રમ વ્યારા કૉલેજ અને ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના સંયુકત ઉપક્રમે શ્રી કુંવરજીભાઈ હળપતિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) આદિવાસી વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના મુખ્ય મહેમાન પદે વ્યારા કૉલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં અંદાજીત ૩૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ૪૭ જેટલા વિદ્યાર્થીઓએ સિકલસેલ એનિમિયાનો ટેસ્ટ કરાવ્યો હતો. જે પૈકી ૧૧ જણનો પોઝિટીવ રિપોર્ટ આવ્યો હતો.

આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવસિયાએ કૉલેજ સંચાલક મંડળ અને કૉલેજ પરિવારની વિદ્યાર્થી હિતલક્ષી કામગીરીનો વિગતે અહેવાલ આપી આપણા વિસ્તારમાં સિકલસેલ એનિમિયાની બીમારીનું પ્રમાણ વધારે જોવા મળતું હોય કેન્દ્ર અને રાજ્યસરકાર તરફથી આ રોગના નિવારણ માટે કરવામાં આવતા પ્રયત્નોને બીરદાવી વ્યારા કૉલેજમાં રાજ્યસ્તરીય સિકલસેલ એનિમિયા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવા માટે સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી આ રોગ રકતકણમાં રહેલા ખામીયુકત હીમોગ્લોબીન-એસને કારણે થતો જનની જન્ય રોગ છે તેથી આ રોગમાં સાવચેતી અને જાગૃતિ ખૂબ મહત્વના છે. સરકાર તરફથી કરવામાં આવેલા આ અભિયાનમાં અમારી કૉલેજ મારફતે પણ આ બીમારી અંગે લોકોમાં જાગૃતિ લાવવા પુરેપુરી મદદ અને સહકાર આપવાની ખાતરી આપી હતી.

સમારંભના મુખ્ય મહેમાન અને ગુજરાત સરકારના મંત્રીશ્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ ભારતના વડાપ્રધાનશ્રી દ્વારા ૨૦૪૭ સુધીમાં આ રોગની નાબુદી માટે જે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે તેની વિસ્તૃત જાણકારી આપી વારંવાર તાવ આવવો કે સાંધા કે હાડકામાં સોજો આવે તેવા કોઈ લક્ષણો દેખાય તો તાત્કાલિક લોહી ચેક કરાવવું જોઈએ. આ રોગમાં સાવચેતી અને જાગૃત્તિ ખૂબ મહત્વના છે. શાળા, કૉલેજમાં ભણતા યુવાન વિદ્યાર્થીઓ આ રોગ માટેના કારણોથી માહિતગાર બની પોતપોતાના વિસ્તારમાં આ અંગેની જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરશે તો આ રોગ ઉપર કાબુ મેળવી શકાશે. તેમણે આ પ્રસંગે કૉલેજની ભૌતિક સુવિધાઓને ધ્યાનમાં રાખી એક વાંચનાલય અને એક વર્ગખંડ માટે સરકારશ્રી તરફથી મદદરૂપ બનવાની જાહેરાત કરી હતી. વ્યારા મતવિસ્તારના માંન. ધારાસભ્યશ્રી અને વ્યારા કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રી મોહનભાઈ કોંકણીએ પ્રસંગોચિત ઉદબોધન કરી સિકલસેલ દર્દીના કુટુંબના દરેક સભ્યનો સિકલસેલ રીર્પોટ કરાવવાથી આ રોગ સામે સમયસર સારવાર અને નિદાન કરાવવી મોટી બિમારીથી બચી શકાય છે એમ જણાવ્યુ હતું.

આ કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. જ્યોતિષભાઈ પટેલે વ્યારા કૉલેજમાં ભૂતકાળમાં પણ સિકલસેલ એનિમિયા જાગૃતિના ઘણા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા ત્યારે મારે આ રોગ વિશે જાણકારી આપવાનું થતું હતું એમ જણાવી સિકલસેલ એનિમિયાના લક્ષણો જેવા કે વારંવાર તાવ આવવો, શરીર ફીકુ પડી જવુ, સાંધાઓમાં દુખાવો થવો, બરોડ મોટી થવી વગેરે બાબતોની જાણકારી આપી સિકલસેલ

એનિમિયાની સારવાર માટે વિવિધ પ્રકારની સારવારથી સૌને માહિતગાર કરી સિકલસેલ એનિમિયાથી ડરવાની જરૂર નથી જરૂર છે માત્ર આ રોગને સમજવાની વાત કરી, આ રોગ વારસાગત હોવાથી લોહીની તપાસ કરાવવી જોઈએ તેના નિદાન માટે સ્ક્રીનીંગ ટેસ્ટ અને ઇલેક્ટ્રોફોરેસીસ ટેસ્ટ કરવામાં આવે છે તથા ડૉક્ટરની સલાહ વગર આ રોગના દર્દીઓએ કોઈ ગોળી લેવી જોઈએ નહિં. આ રોગને છુપાવવાથી સમય જતા તે જોખમી બને છે એમ જણાવી વધુ ને વધુ લોકજાગૃતિના કાર્યક્રમો દ્વારા આ રોગ ઉપર અંકુશ લાવી શકાશે એમ જણાવ્યું હતું. શ્રી ર. ફ. દાબુ કેળવણી મંડળના પ્રમુખ હસુભાઈ ભકતે આ પ્રસંગે આ રોગના નિવારણ બાબતે સરકારની કામગીરીને બિરદાવી આપણા વિસ્તારમાં આ રોગ મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલા મોટા પ્રમાણમાં સિકલસેલ એનિમિયા રોગ સામે લોક જાગૃતિના વધુને વધુ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે તો જ ભારતના  વડાપ્રધાનશ્રીએ ૨૦૪૭ સુધીમાં આ બીમારીથી ભારતને મુકત કરવાનુ જે અભિયાન શરૂ કર્યુ છે તે અવશ્ય સફળ થશે અને શાળા, મહાશાળામાં અભ્યાસ કરતા યુવાનો આ રોગની લોકજાગૃતિ માટે મદદરૂપ બને એવી લાગણી વ્યકત કરી હતી, આ પ્રસંગે ડૉ. ચંદુભાઈ સી. ચૌધરીએ (કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર) જનજાતીય સમાજના ઉત્કર્ષ માટેની સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં આ રોગનું પ્રમાણ કેટલું છે તેની માહિતી આપી આજના દરેક યુવાન યુવતીઓએ લગ્નગ્રંથીથી જોડાતા પહેલા સિકલસેલની તપાસ કરાવી હિતાવહ છે એમ જણાવ્યું હતું. આ કાર્યક્રમને અંતે આભારવિધિ કૉલેજના ઉપાચાર્યશ્રી વસંતભાઈ ગામીતે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન IQACના કૉ–ઓર્ડિનેટર ડૉ. ધર્મેશભાઈ પંડયાએ કર્યુ હતું.

## સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, દેડીયાપાડા.

### ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી




તારીખ ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડીયાપાડા ખાતે ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. અનિલાબેન કે. પટેલ દ્વારા આજના દિવસનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તાલીમ પામેલા યોગા નિષ્ણાંત ઉર્વશીબેન વસાવા તથા યોગ સહાયક ખુશીબેન વસાવા દ્વારા યોગા કરવા અંગેની સામાન્ય સૂચનાઓ આપી હતી. ત્યારબાદ તેમણે વિદ્યાર્થીઓ અને સ્ટાફને અલગ અલગ યોગાસનો પ્રત્યક્ષ કરીને બતાવ્યા અને દરેકની પાસે કરાવડાવ્યા સાથે સાથે દરેક યોગાસન કરવાના ફાયદા તેની મર્યાદાઓ અને તે કરવા માટેની ધ્યાનમાં રાખવાની સૂચનાઓ સમજાવી હતી. સંપૂર્ણ કાર્યક્રમ કૉલેજના આચાર્યશ્રી ડૉ. અનિલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસના પી.ઓ. રમેશભાઈ વસાવા અને યોગના કૉ–ઓર્ડિનેટર સંજયભાઈ પરમાર દ્વારા આયોજિત હતો.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા.

### વિદ્યાર્થી સંવેદનશીલતા સત્રઃ નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ કાર્યક્રમ




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયા ખાતે વિદ્યાર્થી સંવેદનશીલતા સત્રઃ નવી શિક્ષણ નીતિ–૨૦૨૦થી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે કાર્યક્રમનું આયોજન તા. ૦૭/૦૭/૨૦૨૫ને સોમવારે સવારે ૮:૪૦ થી ૯:૩૦ રૂમ નંબર–૩માં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત નવી શિક્ષણનીતિ શું છે, એની વિશેષતાઓ, અભ્યાસક્રમ, ABC ID, ક્રેડિટ માળખું તેમજ સ્વયમ્, સ્વયમ્ પ્લસ, સાથી પોર્ટલ તેમજ NEP સારથી પોર્ટલના ઉદ્દેશ્ય તેમજ કાર્યો અને વિદ્યાર્થીઓ માટેની ઉપયોગિતા વિશેની માહિતીસભર જાણકારી NEP કૉ–ઓર્ડિનેટર ડૉ. શર્મિલાબેન એસ પટેલ દ્વારા પ્રથમ વર્ષ બી.એ.ના ૧૫૦ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રના વિકાસમાં સહકારી સંસ્થાઓની ભૂમિકા વિષય પર શિઘ્ર વકૃત્વ સ્પર્ધાનું આયોજન

તા. ૦૫/૦૭/૨૦૨૫ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયામાં આંતરરાષ્ટ્રીય સહકારીતા દિવસ ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત એક શિઘ્ર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેનો વિષય હતો "રાષ્ટ્રના વિકાસમાં સહકારી સંસ્થાઓની ભૂમિકા." જેમાં કુલ ૧૨

વિદ્યાર્થીઓએ પોતપોતાના અભિપ્રાય રજૂ કર્યા. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં સહકારની ભાવના વિકસે અને સહકારી સંસ્થાઓના કાર્ય વિશે જાગૃતિ ફેલાય અને વિદ્યાર્થીઓને આવી સંસ્થાની માહિતી પ્રાપ્ત થાય તે હતો. આ પ્રોગ્રામનું આયોજન એનએસએસ વિભાગના પ્રોગ્રામ ઑફિસર ડૉ. દિનેશસિંહ રાજ, ડૉ. પુષ્પા પટેલ, ડૉ. કુસુમ પટેલે કર્યુ હતું. જેમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ હાજર રહીને આ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.



## ગુરુવંદના કાર્યક્રમ

તા. ૧૦/૦૭/૨૦૨૫ના રોજ ગુરુપૂર્ણિમાના પાવન અવસરેશ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજમાં NSS વિભાગ દ્વારા ગુરુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અત્રેની કૉલેજના ભૂતપૂર્વ પ્રોફેસર ડૉ. રોશન ગામીતનું ગુરુ મહિમા વિશે વકતવ્ય રાખવામાં આવ્યું હતું. ગુરુ મહિમા વિશે પ્રાસંગિક માહિતી કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય નિયતિબેન ભટ્ટે આપીને પ્રોગ્રામની શરૂઆત કરી હતી. મુખ્ય વકતા ડૉ. રોશનકુમાર ગામિતે સમાજ, શિક્ષણ અને જાહેર જીવનમાં ગુરુ મહિમા વિશે ખૂબ સુંદર વકતવ્ય વિદ્યાર્થીઓને આપ્યું હતું ભારતીય સંસ્કૃતિમાં ગુરુ શિષ્ય પરંપરાને ઉજાગર કરી હતી આ પ્રોગ્રામમાં કૉલેજના આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ NSS વિભાગના ઑફિસર ડૉ. દિનેશસિંહ રાજ ડૉ. પુષ્પાબેન પટેલ, ડૉ. કુસુમબેન પટેલ અને કૉલેજનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમમાં કૉલેજની ૧૪૮ જેટલી સ્વયંસેવિકા બહેનો હાજર રહી ને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## વેલકમ કાર્યક્રમ

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયા ખાતે ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ GCAS અંતર્ગત તા. ૦૭/૦૭/૨૦૨૫ સોમવારના રોજ F.Y.B.A. Sem-1 તથા M.A. Sem-1ના વિદ્યાર્થીઓનું વેલકમ કાર્યક્રમ રાખવામાં આવ્યો. દરેક વિદ્યાર્થીનીઓને કંકુ તિલક કરી પુષ્પગુચ્છ અને મિઠાઈ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ TYBAની વિદ્યાર્થીનીઓએ પણ ફુલહારથી F.Y.B.A.ની વિદ્યાર્થીનીઓનું સ્વાગત કર્યુ હતું. કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ પ્રા. ભાવનાબેન ગોથાણા દ્વારા વિદ્યાર્થીનીઓને કૉલેજના વિવિધ વિભાગો, નિયમો અને સહાયક પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ડૉ. શર્મિલાબેન પટેલે NEP-2020ની સુંદર માહિતી પ્રદાન કરી હતી. કૉલેજના શિક્ષકવૃંદ ડૉ. પુષ્પાબેન તેમજ ડૉ. પઠાણસરે વિદ્યાર્થીનીઓને અભ્યાસ સાથે સાથે વ્યકિતત્વ વિકાસ અને વ્યાવસાયિક તકની દિશામાં આગળ વધવાની પ્રેરણા આપી તેમજ સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીનીઓ ઉચ્ચ શિખર સર કરે એવી સફળ શુભેચ્છા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન GCASના અધ્યક્ષ પ્રા. ભાવનાબેન ગોથાણા તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.



## ગૌરીવ્રત ઉજવણી નિમિત્તે, મહેંદી સ્પર્ધા અને કેશગુંફન (હેર સ્ટાઈલ) સ્પર્ધાનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા, કલા કૌશલ્ય ધારા, ઇનોવેશન કલબ અને હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટ અંતર્ગત ગૌરીવ્રતની ઉજવણી નિમિત્તે, વિદ્યાર્થીઓમાં કલાત્મક સર્જન શકિત તથા સાંસ્કૃતિક જ્ઞાનવૃદ્ધિના હેતુથી મહેંદી સ્પર્ધા અને કેશગુંફન (હેર સ્ટાઈલ) સ્પર્ધાનું આયોજન તા. ૧૦/૦૭/૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. દરેક સ્પર્ધકે સુંદર અને કલાત્મક ડિઝાઈન દ્વારા પોતાની પ્રતિભા પ્રગટાવી હતી. પરંપરાગત અને આધુનિક મહેંદી ડિઝાઈનનો સુંદર સમન્વય સ્પર્ધામાં જોવા મળ્યો હતો. કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સીપાલ ડૉ. નિયતીબેને વિદ્યાર્થીનીઓને પોતાની અંદર રહેલી આગવી કલાને બહાર લાવવા તથા આ કલા દ્વારા રોજગારી મેળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને ઉત્સાહભેર વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો એ માટે અભિનંદન પાઠવ્યા. નિર્ણાયક તરીકે ડૉ. અલકાબેન અને પ્રા. શીતલબેને વિદ્યાર્થીનીઓની કલાને બીરદાવી હતી. કલા કૌશલ્ય ધારા ના અધ્યક્ષ ભાવનાબેન અન. નિમિષા બેને આ પ્રોગ્રામનું સંચાલન કર્યુ હતું. ઇનોવેશન કલબના કૉ–ઓર્ડિનેટર પ્રા. અનિતાબેને આભારવિધિ કરી હતી. આ સ્પર્ધામાં ૧૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. મહેંદી

સ્પર્ધામાં પ્રથમ ક્રમે વસાવા રીતા આર. અને કેસગુંફન સ્પર્ધામાં પ્રથમ ક્રમે વસાવા ઉષા ડી. વિજતા થયા હતા. આ વિદ્યાર્થીનીઓને ઇન્ચાર્જ પ્રિન્સીપાલ ડૉ. નિયતીબેને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.




## ઓરિએન્ટેશન કાર્યક્રમ

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા ખાતે તારીખ ૧૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ ઇનોવેશન કલબ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં નવીન વિચારો માટે જાગૃતિ લાવવી અને ઇનોવેટિવ વિચારસરણીને પ્રોત્સાહન આપવાનો હતો. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. પ્રો. નિયતીબેન ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ઇનોવેશન અને નવીનતાની ભૂમિકા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે સંશોધન અને વ્યવહારુ જ્ઞાનના મિશ્રણથી વિદ્યાર્થીઓ કેવી રીતે નવો દિશાસૂચક રસ્તો શોધી શકે તે સમજાવ્યું. ઇનોવેશન કલબના કૉ–ઓર્ડિનેટર પ્રા. અનિતાબેન વાઘે ઇનોવેશન કલબના લક્ષ્યો, યોજનાઓ અને આગામી પ્રવૃત્તિઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવી. વિદ્યાર્થીઓને 'ડિઝાઈન થિંકિગ', 'સ્ટાર્ટઅપ આઈડિયા ડૅવલપમૅન્ટ', વગેરે વિષય પર માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો અને વિવિધ વિચારોથી કૉલેજને સમૃદ્ધ બનાવવાના સંકલ્પો વ્યકત કર્યા. આ કાર્યક્રમના અંતે કૉ–ઓર્ડિનેટર પ્રા.ભાવનાબેન ગોથાણે તમામનો આભાર વ્યકત કર્યો અને આ Successfully યોજાયેલ ઓરિએન્ટેશન કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં નવીનતાનું બીજ રોપાયું અને ભવિષ્યમાં તે Nation Buildingમાં સહાયક બની રહેશે તેવી આશા વ્યકત કરવામાં આવી. આ કાર્યક્રમમાં ૪૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.




## Poetry Writing Competition: Igniting the Flame of Creative Expression



On 18th July 2025, the Department of English at Shree Rang Navchetan Mahila Arts College, Valia, witnessed a day where words blossomed into verse and thoughts found their wings in the poetry. The department proudly organized a Poetry Writing Competition, an initiative to nurture the creative spirit and deepen the love for literature among the students.

The competition was inaugurated by the College's In-charge Principal and Head of the Department, Dr. Niyatiben B. Bhatt, who in her inspiring address, underscored the profound purpose of the event: to cultivate a sanctuary where creativity is celebrated and the written word is revered. She quoted the definition of Wordsworth on Poetry. She quotes:

“Poetry is a spontaneous overflow of powerful feelings that ends in tranquillity" Dr. Niyati B.Bhatt in her address on poetry writing, reminds the students that Poetry is not merely a ritual recited once a year, nor is it a lifeless exercise confined to pages. True poetry is born when the heart overflows and it finds its completion when the soul finds peace. With 22 participants stepping forward, the competition became a vibrant tapestry of voices, each bringing forth a unique vision. The topics were left open-ended allowing the young poets to let their imaginations soar and they responded with poignant and evocative poems on themes ranging from the timeless beauty of nature and the sanctity of the mother tongue to the innocence of childhood, the spirit of patriotism, and the trials of the modern era.

The evaluation of the poems was entrusted to the Vice Principal & Assoc.Prof. Bhavanaben K. Gohana and Asst. Prof. Nimishaben Y. Matieda of the Home Science Department, as literary enthusiasts, judged the entries on linguistic charm, rhythm and meter, emotional depth and originality. The event was gracefully conducted by Asst. Prof. Sonalben N. Gharia and Asst. Prof.

Parulben N. Rana ensuring a seamless flow that allowed the participants to share their creativity with confidence.

As the event concluded, winners were announced and certificates were distributed to all participants, honouring their courage to give voice to their thoughts and their commitment to the art of poetry. The prize was awarded to the top three positions. The Poetry Writing Competition was not merely an event; it was a celebration of expression, a testament to the power of words, and a reminder that within each student lies a poet waiting to be heard. It succeeded in kindling the flame of creativity and reaffirming the department's commitment to nurturing literary talent. The Department of English extends heartfelt gratitude to all participants, judges and coordinators whose dedication and enthusiasm made this event a memorable chapter in the college's academic journey.

## લાયબ્રેરી ઓરીએન્ટેશન કાર્યક્રમ

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા ખાતે ઇન્ચાર્જ પ્રિન્સિપાલ નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ તા. ૧૮/૦૭/૨૦૨૫ના રોજ FY, SY, TY BA હોમ સાયન્સના વિદ્યાર્થીનીઓ માટે લાયબ્રેરી ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું પ્રા. ભાવનાબેન દ્વારા લાયબ્રેરીમાં હોમ સાયન્સના પુસ્તકો વિશેની માહિતી આપવામાં આવી. લાઇબ્રેરીયન અર્ચનાબેને સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો, મેગેઝીન, જર્નલસ, કોમ્પ્યુટરમાં ઓનલાઈન એન્ટ્રી વગેરેની ખૂબ ખૂબ સુંદર માહિતી આપી. અનીતાબેન અને નિમિષાબેને પણ હોમ સાયન્સના વિષયવાર પુસ્તકોની માહિતી પ્રદાન કરી હતી. આ કાર્યક્રમમાં હોમ સાયન્સ વિષયની ૯૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.



## વિશ્વ શાંતિના કવિ તરીકે ઉમાશંકર જોશી' વિષય પર નિબંધ સ્પર્ધા

તારીખ ૨૧ જુલાઈ ૨૦૨૫ને સોમવારના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયાના ગુજરાતી વિભાગ દ્વારા જ્ઞાનપીઠ પુરસ્કૃત કવિ શ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે 'વિશ્વશાંતિના કવિ તરીકે ઉમાશંકર જોશી' વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત કવિશ્રી ઉમાશંકર જોશીના જાણીતા ગીત 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા'થી કરવામાં આવી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. પુષ્પા પટેલે ગુજરાતી સાહિત્યના દિગ્ગજ કવિ વિશે માહિતી આપી અને ડૉ. કુસુમબેન પટેલે કવિના જીવન વિશે ઝાંખી કરાવી વિદ્યાર્થીઓને નિબંધ લખવા માટે શરૂઆત કરાવી તથા પ્રા. કુ. પ્રિયા ચૌહાણે વિદ્યાર્થીઓને સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં પ્રથમ ક્રમે વસાવા ગ્રીની કુમારી દિનેશભાઈ દ્વિતીય ક્રમે વસાવા હર્ષનાબેન આત્મારામભાઈ અને તૃતીય ક્રમે સોલંકી શીલાબેન ડાહ્યાભાઈ વિજેતા તથા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. મિરલબેન ચૌહાણ અને પ્રા. શીતલબેન મિસ્ત્રીએ કામગીરી કરી હતી.



## 'પ્રેમચંદ કે ઉપન્યાસો મેં સામાજિક યથાર્થ' વિષય પર નિબંધ સ્પર્ધા

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલિયા ખાતે ૩૧ જુલાઈ પ્રેમચંદ જયંતિ નિમિત્તે હિંદી વિભાગ દ્વારા 'પ્રેમચંદ કે ઉપન્યાસો મેં સામાજિક યથાર્થ' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન તા. ૩૧/૦૭/૨૦૨૫ને ગુરુવારે સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન રૂમ નંબર–૧૦૫માં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત હિંદી વિભાગ અધ્યક્ષ ડૉ. શર્મિલાબેન એસ. પટેલ દ્વારા ઉપન્યાસ સમ્રાટ મુન્શી પ્રેમચંદના ઉત્કૃષ્ટ સાહિત્યથી વિદ્યાર્થીઓને પરિચિત કરવામાં આવ્યા. આ સ્પર્ધામાં કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. મિરલબેન ચૌહાણ અને પ્રા. વિશાલભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-07-2025 to 31-07-2025

| Detail | Description | July-2025 | |
|---|---|---|---|
| User | Visitors | 1827 | |
| | Internet Lab User | 43 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 171 | |
| | Research Scholars | 27 | |
| | Non Teaching Staff | 2 | |
| | Visitors | 0 | |
| | Online User | 0 | |
| | Total | | 2070 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| July-2025 | 502 | 417 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2025 | 19 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2025 | 19 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2025 | 18 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in